પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329

arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક®
સાંધ્ય દૈનિક

શહેર આવૃત્તિ પાનાઃ ૧૪
તા. ૨૧-૮-૨૦૨૬, શુક્રવાર
વર્ષઃ ૧૫, અંકઃ ૧૪૪

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281-2461234, 2460999 ✆ 94266 72303 abataknews@gmail.com @abtakmedia

**સુવિચાર**

જીંદગી ત્યારે સારી લાગે જ્યારે જીવનમાં આપણે ખુશ હોઈએ પણ શ્રેષ્ઠ જીવન તો એને જ કહેવાય કે લોકો આપણાથી ખુશ હોય




### કોંગ્રેસને ભોં ભેગી કરવા ભાજપને મજબુત હથિયાર મળી ગયું!

# ‘વંદે માતરમ’ના બે ટુકડા કરનારી કોંગ્રેસનો સડકથી સંસદ સુધી વિરોધ કરાશેઃ અમિત શાહ

## કોંગ્રેસની તુષ્ટિકરણની રાજનીતિ સામે દેશવાસીઓને અવાજ ઉઠાવવા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની અપીલ

**અબતક, રાજકોટ**

‘વંદે માતરમ’નું સંપૂર્ણ ગાનના બદલે માત્ર બે અંતરા ગાવાના નિર્ણય કોંગ્રેસના નિર્ણયને રાષ્ટ્ર વિરોધી ગણાવી કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે એવી ઘોષણા કરી છે કે સંસદ દ્વારા બનાવવામાં આવેલા કાયદાનો ખુલ્લો અનાદર કરનાર કોંગ્રેસની તુષ્ટિકરણની રાજનીતિનો ભાજપ દ્વારા સખત વિરોધ કરવામાં આવશે. સડકથી લઈ સંસદ સુધી આક્રમક વિરોધ કરવામાં આવશે. દેશવાસીઓને પણ કોંગ્રેસ સામે અવાજ ઉઠાવવાની તેઓએ અપીલ કરી છે. કોંગ્રેસને ભોં ભેગી કરવા ભાજપને એક મજબુત હથિયાર મળી ગયું હોય તેવુ લાગી રહ્યું છે.

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહે કોંગ્રેસ પર આકરા પ્રહારો કરતા કહ્યું કે કોંગ્રેસ કાર્યસમિતિએ ‘વંદે માતરમ’ના માત્ર બે જ અંતરા ગાવવાનો નિર્ણય લઈને એકવાર ફરી તુષ્ટિકરણની રાજનીતિનું પુનરાવર્તન કર્યું છે. તેઓએ જણાવ્યું કે ૧૯૩૭માં કોંગ્રેસ દ્વારા લેવાયેલો આ જ નિર્ણય દેશના ભાગલાનો પાયો બન્યો હતો. ‘વંદે માતરમ’ની ૧૫૦મી વર્ષગાંઠના પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્ર



સરકારે એ નિર્ણય લઈને આ ઐતિહાસિક ભૂલને સુધારી છે કે સરકારી કાર્યક્રમોમાં ‘વંદે માતરમ’નું સંપૂર્ણ ગીત ગાવામાં આવશે. કેન્દ્રીય ગૃહ મંત્રીએ કોંગ્રેસના આ નિર્ણયને તુષ્ટિકરણની રાજનીતિ અને બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય તથા સ્વતંત્રતા સેનાનીઓનું અપમાન કરવાનું કૃત્ય ગણાવતા દેશવાસીઓને આની સામે અવાજ ઉઠાવવાની અપીલ કરી હતી.

તેઓએ વધુમાં કહ્યું કે, કોંગ્રેસ કાર્યસમિતિએ એક આંચકાજનક અને રાષ્ટ્રવિરોધી નિર્ણય લીધો છે. કોંગ્રેસે ૧૯૩૭માં પોતાની પાર્ટી દ્વારા લેવાયેલા નિર્ણયનું અનુસરણ કરતા મહાન ગીત ‘વંદે માતરમ’ના માત્ર બે જ અંતરા ગાવવાનો નિર્ણય કર્યો છે. તેઓએ જણાવ્યું હતું કે, આખા દેશે એ યાદ રાખવું જોઈએ કે ૧૯૩૭માં કોંગ્રેસ પાર્ટીએ મુસ્લિમ તુષ્ટિકરણ માટે ‘વંદે માતરમ’ને બે ભાગમાં વહેંચી દીધું હતું અને દેશના ભાગલાનો પાયો નાખ્યો હતો. અહીંથી જ દ્વિ-રાષ્ટ્રના સિદ્ધાંતને બળ મળ્યું, જેણે અંતે દેશના ભાગલા અને પાકિસ્તાનના જન્મનો માર્ગ પ્રશસ્ત કર્યો. આજે, ‘વંદે માતરમ’ની રચનાના ૧૫૦મા વર્ષમાં મોદી સરકારે બંકિમ બાબુની આ અમર રચનાને પૂર્ણ રૂપે ગાઈને રાષ્ટ્રીય એકતાને ફરીથી મજબૂત કરવાનો નિર્ણય લઈને તે ઐતિહાસિક ભૂલને સુધારી છે. સરકારે એ પણ નિર્ણય લીધો છે કે તમામ સરકારી કાર્યક્રમોમાં ‘વંદે માતરમ’નું સંપૂર્ણ ગીત ગાવામાં આવશે અને આ નિર્ણયને કાનૂની માન્યતા પણ આપવામાં આવી છે, ત્યારે કોંગ્રેસે આ નિર્ણયની અવગણના કરવાનું નક્કી કર્યું છે.

કોંગ્રેસનો આ નિર્ણય તેની ખુલ્લી તુષ્ટિકરણની નીતિની પુષ્ટિ કરે છે. પોતાના વોટ બેંકને ખુશ કરવા માટે કોંગ્રેસે ન માત્ર દિવંગત બંકિમ બાબુની અમર રચનાનું અપમાન કર્યું છે, પરંતુ તે લાખો શહીદોનું પણ અપમાન કર્યું છે જેમણે ‘વંદે માતરમ’નો

(અનુ. આઠમા પાને)

# ખાંડમાં કડવાશઃ ૧૦ લાખ ટનની આયાત થશે

## એક દાયકા બાદ ખાંડના જંગી જથ્થાની ડ્યુટી ફ્રી આયાતને મંજૂરી




**અબતક, રાજકોટ**

તહેવારોની સિઝન પહેલા સરકારે ખાંડના વધતા ભાવોને નિયંત્રિત કરવા માટે એક મોટું પગલું ભર્યું છે. વિદેશ વેપાર મહાનિર્દેશાલયએ એક જાહેરનામું બહાર પાડીને કાચી ખાંડની આયાત પરની ડ્યુટી કેપને હંગામી ધોરણે હટાવી દીધી છે.

છેલ્લા કેટલાક અઠવાડિયાથી ખાંડના ભાવ સતત વધી રહ્યા છે. ઓગસ્ટની શરૂઆતમાં, છૂટક ખાંડના ભાવ ₹૪૮ થી ₹૫૦ પ્રતિ કિલો સુધી પહોંચી ગયા હતા, જ્યારે જથ્થાબંધ ભાવ ₹૪,૭૫૦ થી ₹૪,૮૦૦ પ્રતિ ક્વિન્ટલ વચ્ચે હતા.

હવે, ૩૧ ઓક્ટોબર, ૨૦૨૬ સુધી, દેશમાં કોઈપણ આયાત ડ્યુટી વગર ૧૦ લાખ ટન કાચી ખાંડની આયાત કરવામાં આવશે. આ મુક્તિ ટેરિફ રેટ ક્વોટા હેઠળ આપવામાં આવી છે, જેનો અર્થ છે કે આ સુવિધા ફક્ત ચોક્કસ જથ્થા માટે જ ઉપલબ્ધ રહેશે, જે પછી જૂની ડ્યુટી લાગુ ટેરિફમાં પાછી આવશે.

અગાઉ, આયાત નીતિ મફત હતી, પરંતુ કોઈ ખાસ શરતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો ન હતો. હવે, આ નીતિ મફત રહેશે, જેમાં ૩૧ ઓક્ટોબર, ૨૦૨૬ સુધી ૧ મિલિયન મેટ્રિક ટનનો ડ્યુટી-ફ્રી ટેરિફ રેટ ક્વોટા ઉમેરવામાં આવશે.

મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં ઓછા વરસાદે આગામી સિઝનના ઉત્પાદન પર પ્રશ્નો ઉભા કર્યા છે. બીજું એક મોટું કારણ ઈથેનોલ છે. સરકારના બ્લેંડિંગ પ્રોગામને કારણે, શેરડી અને ખાંડનો મોટો હિસ્સો ઈથેનોલ ઉત્પાદન તરફ વાળવામાં આવી રહ્યો છે, જેના કારણે બજારમાં ખાંડની ઉપલબ્ધતામાં ઘટાડો થઈ રહ્યો છે. સરકાર ખાંડનું ઉત્પાદન વધારવા માટે ઓક્ટોબરમાં શરૂ થતી સિઝનમાં ઈથેનોલ માટે વપરાતા શેરડી પર પ્રતિબંધ લાદવાનું પણ વિચારી રહી છે. ત્રીજું કારણ તહેવારો છે. ગણેશ ચતુર્થી, દશેરા અને દિવાળી એક પછી એક આવતા રહે છે અને આ સમય દરમિયાન મીઠાઈઓ, પ્રોસેસ્ડ ફૂડ અને ઘરેલું વપરાશ ઝડપથી વધે છે.

# રૂ.૨૦ની લાંચમાં બે કર્મચારીનો ૩૦ વર્ષે છૂટકારો

## ભ્રષ્ટાચારના કેસમાં લાંચની માંગણી મુખ્ય બાબત છે, ફરિયાદીએ પોતાની મેળે જ પૈસા કર્મચારીના ખિસ્સામાં મૂકી દીધા હતા જે આમાં પૂરવાર થતી નથી

**અબતક, નવી દિલ્હી**

કાગળ પરની શાહી સૂકાયાને દાયકાઓ વીતી જાય, પણ કાયદાની આંટીઘૂંટીમાં ફસાયેલા માણસની જિંદગીના કિંમતી વર્ષો પાછા નથી આવતા. ૧૯૯૬માં આવકનું પ્રમાણપત્ર આપવા માટે ૨૦ રૂપિયાની લાંચ લેવાનો આરોપસર બે સરકારી કર્મચારીઓ સામે કેસ નોંધાયો હતો. નીચલી અદાલતે તેમને એક વર્ષની કેદની સજા ફટકારી હતી. જસ્ટિસ ઉજ્જલ ભુયાન અને જસ્ટિસ અતુલ એસ. ચંદુરકરની બેન્ચે બંને કર્મચારીઓને નિર્દોષ જાહેર કર્યા છે.



કોર્ટે નોંધ્યું કે લાંચની માંગણી સાબિત થઈ શકી નથી. સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે ભ્રષ્ટાચારના કેસમાં લાંચની માંગણી એ મુખ્ય બાબત છે, જે આ કેસમાં પૂરવાર થઈ શકી નથી. ફરિયાદીએ પોતાની મેળે જ પૈસા કર્મચારીના ખિસ્સામાં મૂકી દીધા હતા.


બીજા દિવસ ઈદનો તહેવાર હોવાથી પ્રમાણપત્ર મેળવ્યા બાદ ખુશીમાં ૨૦ રૂપિયાની નોટ આપવામાં આવી હોવાનો બચાવ સાચો સાબિત થયો. માત્ર ચલણી નોટ કબજામાં હોવા માત્રથી ગુનો સાબિત થતો નથી.દોષિત ઠેરવ્યા

(અનુ. આઠમા પાને)

# ૧૬.૨ કરોડમાં વેચાઈ ગાંધીજીના ૬૮૮ વિચારો ધરાવતી દુર્લભ હસ્તપ્રતઃ હરાજીમાં બન્યો નવો વિશ્વ રેકોર્ડ

## અનુયાયી આનંદ હિંગોરાણી માટે લખાયેલા ‘એ થોટ ઓફ ધ ડે’ સંગ્રહમાં ગાંધીજીના અંગત જીવન અને વિચારોની દુર્લભ ઝાંખી

**અબતક, રાજકોટ**




સેફ્રોનઆર્ટ હરાજીમાં મહાત્મા ગાંધીની ’એ થોટ ઓફ ધ ડે’ શીર્ષક ધરાવતી હસ્તપ્રત ૧૬.૨ કરોડ રૂપિયામાં વેચાઈ છે, જેણે ભારતીય ઐતિહાસિક દસ્તાવેજોની હરાજીમાં નવો વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો છે. ૨૩ મહિનાના સમયગાળા દરમિયાન લખાયેલી આ હસ્તપ્રતમાં ગાંધીજી દ્વારા તેમના અંગત અનુયાયી અને પ્રકાશક આનંદ ટી. હિંગોરાણી માટે લખાયેલા ૬૮૮ તારીખવાર વિચારોનો સમાવેશ થાય છે, જે હરાજીમાં સૌથી વધુ કિંમતે વેચાયેલી કૃતિ બની છે.

આ સંગ્રહ બે દાયકાથી વધુ સમયના ગાંધીજી અને હિંગોરાણી વચ્ચેના અંગત પત્રવ્યવહાર, હસ્તલખિત વિચારો, છબીઓ અને પેટી રેંટિયા જેવી વસ્તુઓને આવરી લે છે. સેફ્રોનઆર્ટના સહ-સ્થાપક દિનેશ વઝીરાણીના જણાવ્યા મુજબ, આ આર્કાઈવ ભારતના ઈતિહાસના સૌથી

(અનુ. આઠમા પાને)

# નિકાસકારો માટે રૂપિયામાં પેમેન્ટ મેળવવું હવે બનશે સરળઃ સરકારે નિયમો કર્યા હળવા

## ફોરેન ટ્રેડ પોલિસીમાં ફેરફારઃ એશિયન ક્લિયરિંગ યુનિયનના સભ્ય સિવાયના દેશો સાથે રૂપિયામાં વેપાર શક્ય બનશે

**અબતક, નવી દિલ્હી**

ભારત સરકારે ગુરુવારે ફોરેન ટ્રેડ પોલિસીની જોગવાઈઓમાં મહત્વનો ફેરફાર કર્યો છે, જેનાથી નિકાસકારો માટે વિદેશી વ્યવહારોનું ઈન્વોઈસિંગ કરવું અને ભારતીય રૂપિયામાં પેમેન્ટ મેળવવું વધુ સરળ બનશે.



ડિરેક્ટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડ દ્વારા બહાર પાડવામાં આવેલા એક જાહેરનામા મુજબ, એશિયન ક્લિયરિંગ યુનિયનના સભ્ય દેશો સિવાયના તમામ નિકાસ કરારો અને ઈન્વોઈસ હવે વિદેશી પણ વિદેશી ચલણ અથવા ભારતીય રૂપિયામાં ચલણ અથવા ભારતીય રૂપિયામાં કરી શકાશે. તેમજ નિકાસની આવક મેળવી શકાશે. અત્રે નોંધનીય છે કે એસીયું માં ૧૧ દેશો સામેલ છે, જેમાં મોટાભાગના સાર્ક રાષ્ટ્રો, બેલારુસ, ઈરાન અને મોરેશિયસનો સમાવેશ થાય છે.

સરકારના જણાવ્યા અનુસાર, નેપાળ અને ભૂતાન સિવાયના અન્ય કોઈપણ દેશમાં કરવામાં આવતી નિકાસ, જેની આવક બેન્કિંગ ચેનલ મારફતે ભારતીય રૂપિયામાં પ્રાપ્ત થાય છે, તેને વિદેશી ચલણની સમકક્ષ ગણીને નિકાસકારોને સમાન નિકાસ લાભો આપવામાં આવશે. જોકે, ઈરાનમાં નિકાસ માટે વધારાના કેટલાક નીતિગત નિયમો લાગુ પડશે. સરકાર અને રિઝર્વ બેંક ઓફ

(અનુ. આઠમા પાને)




# સોમાલિયાના દરિયાકાંઠે હથિયારોથી ભરેલું જહાજ હાઈજેક, ક્રૂ મેમ્બર્સમાં ૬ ભારતીયો સામેલ

## કેમરૂનનો ધ્વજ ધરાવતું કાર્ગો જહાજ ચાંચિયાઓએ કબ્જે લીધું, જહાજમાં તુર્કીના હથિયારો હોવાના અહેવાલ

**અબતક, નવી દિલ્હી**

સોમાલિયાના પુંટલેન્ડના દરિયાકાંઠે ચાંચિયાઓ દ્વારા એક કેમરૂન-ફ્લેગવાળા કાર્ગો જહાજનું અપહરણ કરવામાં આવ્યું છે. આ જહાજમાં કુલ ૧૦ ક્રૂ મેમ્બર્સ સવાર છે, જેમાં ૬ ભારતીય નાગરિકોનો સમાવેશ થાય છે. એક સોમાલી અધિકારીને ટાંકીને એપી ન્યૂઝ એજન્સીએ ગુરુવારે આ માહિતી આપી હતી. એમ/વી લુતુફ નામનું આ જહાજ સોમવારે પુંટલેન્ડના આઈલ જિલ્લામાં માર્યાથી લગભગ ૩.૫ નોટિકલ માઈલ દૂર હાઈજેક કરવામાં આવ્યું હતું અને ત્યારબાદ તેને નુગાલ કિનારા તરફ લઈ જવામાં આવ્યું હતું.

આ જહાજ પોલાર મૂવમેન્ટ શિપિંગની માલિકીનું છે. તે મોગાદિશુમાં લશ્કરી તાલીમ સુવિધા માટે તુર્કીના હથિયારો, સંચાર અને સેટેલાઈટ સાધનો લઈ જઈ રહ્યું હતું. તેના ક્રૂમાં ૬ ભારતીય, ૧ તુર્કી, ૧ જ્યોર્જિયન અને ૨ સર્બિયન સુરક્ષા ગાર્ડ સામેલ છે.

અધિકારીના જણાવ્યા મુજબ, એવું માનવામાં આવે છે કે ૮ ચાંચિયાઓએ આ જહાજ પર કબજો જમાવ્યો છે. આ જૂથ અગાઉ ૨૬ એપ્રિલના રોજ એમ/વી સવોર્ડ નામના જહાજના હાઈજેકિંગમાં પણ સામેલ હોવાની આશંકા છે. મંગળવારે ૨ માણસોને લઈ જતી એક નાની બોટ જહાજ પાસે પહોંચી હતી અને ’ખાત’ (સોમાલિયામાં ચાવવામાં આવતું એક ઉત્તેજક) પહોંચાડ્યું હતું. આ બોટ કિનારે પરત ફરી ત્યારે હવાઈ હુમલો થયો હતો, જેમાં ૪ લોકો માર્યા ગયા હતા અને ૨ ઘાયલ થયા હતા.

### નાઈઝીરીયાના સોકોટોમાં બોટ પલટી, ૪૭ના મોત

નાઈજીરિયાના ઉત્તર-પશ્ચિમ સોકોટો રાજ્યમાં ગુરુવારે મોટી બોટ દુર્ઘટના સર્જાઈ છે. મુસાફરોથી ભરેલી એક બોટ નદીમાં પલટી જતાં ઓછામાં ઓછા ૪૭ લોકોનાં મોત થયાની સત્તાવાર પુષ્ટિ થઈ છે. આ દુર્ઘટના ગોરોન્યો સ્થાનિક સરકારી વિસ્તારના ગોરાઉ શહેર નજીક બની હતી. અધિકારીઓ અને સ્થાનિક રહેવાસીઓએ ઘટનાની પુષ્ટિ કરી છે. દુર્ઘટનાનો ભોગ બનેલા લોકોમાં મહિલાઓ અને બાળકોની સંખ્યા પણ નોંધપાત્ર હોવાનું સ્થાનિક અહેવાલોમાં જણાવાયું છે.બોટમાં સવાર મોટાભાગના લોકો ખેતી સંબંધિત કામ માટે નદી પાર કરીને ખેતરો તરફ જઈ રહ્યા હતા. બોટમાં ખેતરના માલિક ઉપરાંત ચોખાની કાપણી માટે લઈ જવામાં આવેલા મજૂરો પણ સવાર હતા. બોટ પલટી ત્યારે તેમાં ૭૦થી વધુ લોકો હોવાની આશંકા છે, મુસાફરોની ચોક્કસ સંખ્યા અંગે હજુ સત્તાવાર સ્પષ્ટતા થઈ નથી.

### ભાવોનું આલેખન, શબ્દોનું સૌંદર્યઃ કવિતામાં છુપાયેલી સંવેદનાઓ

# કવિની કલ્પનાની ઉડાનઃ શબ્દો, સપનાઓ અને સંવેદનાઓથી રચાય છે, કવિતાનું સુંદર વિશ્વ

## ઉર્દૂ શાયરીની નજાકત હોય કે ગુજરાતી કવિતાની માટીની સુગંધ બંને ભાષાઓ પોતાની અલગ સંગીતમયતા સાથે માનવીના હૃદય સુધી પહોંચે છેઃ ભાષા બદલાય છે, શબ્દો બદલાય છે, પરંતુ કવિની કલ્પનામાં ધબકતું પ્રેમ, દર્દ, સૌંદર્ય અને માનવતાનું હૃદય એક જ રહે છે

જીવનમાં દરેક વ્યક્તિએ બાળપણ કે મોટી ઉંમરે કોઈપણ દિલની વાતો લખી હશે કે વિચારી હશે. વિશ્વની કોઈપણ ભાષાની સમૃદ્ધિમાં કવિની કવિતા ઓનું વિશેષ મહત્વ હોય છે. પ્રાચીન કાળમાં પણ ઉર્દુ કવિઓ સુંદર કલ્પનાઓ સાથે કવિતાઓ લખતા હતા. કવિની કવિતા એ ભાષાઓનું જીવંત હૃદય છે.વિશ્વ કવિ દિવસ નિમિત્તે કવિતાના સર્જકોને યાદ કરવું એટલે માત્ર કવિને વંદન કરવું નહીં, પરંતુ ભાષાની સર્જનશકિતને પણ સલામ કરવી. કવિ શબ્દોને માત્ર વાક્યોમાં ગોઠવતા નથી, તેઓ શબ્દોમાં લાગણી, કલ્પના, સંવેદના અને જીવનનો અર્થ ભરે છે.

કવિની કવિતા એટલે માત્ર શબ્દોની ગોઠવણી કે છંદ અલંકારની રમત નથી, પણ એ તો કવિના હૃદયના ઊંડાણમાંથી વહી નીકળતો અવિરત ભાવપૂરીત ઝરણો છે. જ્યારે કવિનું મન દુનિયાની ભીડમાં પણ એકલતા અનુભવે, જ્યારે ખુશીની ચરમસીમા કે દુઃખનો અસહ્ય ભાર શબ્દોની મર્યાદા વટાવી જાય, ત્યારે કવિતાનો જન્મ થાય છે. કવિના દિલ માટે કવિતા એ તેનો સાચો એકાંતનો સાથી છે, જેમાં એ પોતાની જાતને કોઈ પણ જાતના મુખૌટા વગર ખુલ્લી મૂકી શકે છે. એમાં તેના મનની અગણિત મૂંઝવણો, પ્રેમનો ઉમળકો, વિરહની વેદના અને જીવનનો ગહન મર્મ છુપાયેલો હોય છે. કવિ પોતાની નસમાં વહેતી લાગણીઓની શ્યાહી બનાવીને કાગળ પર દિલનો ધબકાર ઉતારે છે; એ જાણે ઈશ્વર સાથે કરેલી એક ગુપ્ત અને પવિત્ર ગોષ્ઠી છે. ટૂંકમાં કહીએ તો, કવિતા એ કવિના આત્માનો અરીસો છે, જે વાચકના હૃદયને સ્પર્શીને તેના પોતાના વણકહેલા ભાવોને વાચા આપે છે.



આપણી ગુજરાતી ભાષાની સમૃદ્ધ પરંપરામાં નરસિંહ મહેતા, અખો, દયારામથી લઈને આધુનિક યુગના અનેક કવિઓએ લોકજીવન, પ્રકૃતિ, પ્રેમ, ભકિત અને સામાજિક ચેતનાને કવિતાના માધ્યમથી અભિવ્યક્ત કરી છે. તેથી કવિતા આપણી ભાષાની માત્ર સુંદરતા નથી, પરંતુ આપણી સંસ્કૃતિ અને સામૂહિક સ્મૃતિને જીવંત રાખતું એક શક્તિશાળી માધ્યમ છે. ગુજરાતી ભાષા અને કવિતાઓનો અતૂટ નાતો છે.



ગુજરાતી ભાષાની મીઠાશ, લોકબોલી અને શબ્દભંડોળને કવિઓએ પોતાની કલમથી વધુ સમૃદ્ધ બનાવ્યાં છે. કવિતા ભાષાને માત્ર વાંચવાની વસ્તુ ન રાખતાં તેને અનુભવવાની અને જીવવાની ભાષા બનાવે છે. આજના ડિજિટલ યુગમાં ભાષા ઝડપથી બદલાઈ રહી છે, ત્યારે ગુજરાતી કવિતા નવી પેઢીને પોતાની માતૃભાષા સાથે લાગણીથી જોડવાનું કામ કરી શકે છે.

આજના દિવસનો સાચો સંદેશ એ જ છે કે ભાષા જીવંત રહેશે તો કવિતા જીવંત રહેશે અને કવિતા જીવંત રહેશે તો આપણી લાગણી, સંસ્કૃતિ અને ઓળખ પણ જીવંત રહેશે. કવિની કલ્પના શબ્દોને માત્ર અર્થ આપતી નથી, પરંતુ તેમાં એક આખી દુનિયા વસાવી દે છે. એક જ ચાંદ કોઈ કવિ માટે પ્રિયતમનો ચહેરો બની શકે, તો બીજા માટે એકાંતની રાતનો સાથી. ભાષાનું વૈવિધ્ય આ કલ્પનાને વધુ રંગીન બનાવે છે. ઉર્દૂ શાયરીમાં પ્રેમ, વિરહ, સૌંદર્ય અને જીવનની ફિલસૂફી ઘણીવાર નાજુક ઉપમા, રૂપક અને લયબદ્ધ શબ્દોથી વ્યક્ત થાય છે; ગઝલની પરંપરાએ 'ઈશ્ક', 'દર્દ', 'ખ્વાબ' અને 'વફા' જેવા ભાવોને કલાત્મક ઊંચાઈ આપી છે. ઉર્દૂના મિર્ઝા ગાલિબ, મીર તકી મીર અને ફૈઝ અહમદ ફૈઝ જેવા શાયરોએ શબ્દોને એવી ઊંડાઈ આપી કે તેમની રચનાઓ માત્ર વાંચાતી નથી, અનુભવાય છે.

ગુજરાતી કવિતામાં પણ કલ્પના અને લાગણીનું પોતાનું આગવું વિશ્વ છે. નરસિંહ મહેતાની ભકિતમાં આધ્યાત્મિકતા સાથે માનવતાનો સંદેશ છે, જ્યારે દયારામના ગરબામાં લોકજીવનની લય અને ભાવનાની ઉષ્મા અનુભવાય છે. આધુનિક ગુજરાતી કવિઓએ પ્રકૃતિ, પ્રેમ, સમાજ, માનવીય સંવેદના અને બદલાતા સમયને નવા પ્રતીકો અને અભિવ્યક્તિથી શબ્દ આપ્યા છે. ઉર્દૂ શાયરીની નજાકત હોય કે ગુજરાતી કવિતાની માટીની સુગંધ બંને ભાષાઓ પોતાની અલગ સંગીતમયતા સાથે માનવીના હૃદય સુધી પહોંચે છે. ભાષા બદલાય છે, શબ્દો બદલાય છે, પરંતુ કવિની કલ્પનામાં ધબકતું પ્રેમ, દર્દ, સૌંદર્ય અને માનવતાનું હૃદય એક જ રહે છે.

**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
**મો.૯૮૨૫૦૭૮૦૦૦**

કવિની કવિતાનો ઈતિહાસ જોઈએ તો તેના મૂળભૂત વર્ણનમાં, કવિતા એ લેખનનું એક સ્વરૂપ છે, જે ભાષાના સૌંદર્યલક્ષી અને લયબદ્ધ ગુણોનો ઉપયોગ કરે છે, જેમાં ઉપમા અને રૂપકનો સમાવેશ થાય છે, જેથી શબ્દોની વ્યાખ્યા કરતાં વધુ ઊંડા અર્થો બહાર આવે.કવિતાનો ઈતિહાસ લાંબો છે, જે ગિલગામેશના સુમેરિયન મહાકાવ્ય સુધી લેખિત સ્વરૂપમાં શોધી શકાય છે, અને તે પહેલાં અસંખ્ય યુગોથી સંસ્કૃતિઓમાં વાર્તાઓ અને પૌરાણિક કથાઓ પસાર કરવા માટે એક સ્મૃતિ પદ્ધતિ તરીકે ઉપયોગમાં લેવાય છે. "કવિતા શું છે?" એ પ્રશ્ન એક એવો પ્રશ્ન રહ્યો છે જે ફિલસૂફોને ઘણા સમયથી ચિંતામાં મુકી રહ્યો છે, એરિસ્ટોટલે પોએટિક્સ નામનું એક પુસ્તક લખ્યું છે, જે તેને વ્યાખ્યાયિત કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. જોકે, તેઓ કવિતા શું છે અને તેનો ઉપયોગ રેટરિક, ગીત, નાટક અને હાસ્યમાં કેવી રીતે થાય છે તેના એક નાના ભાગને જ સંબોધિત કરી શક્યા હતા. ઈંગ્લેન્ડના દક્ષિણ વોરવિકશાયરમાં સ્ટ્રેટફોર્ડઅપોન એવન નામના એવન નદીના કિનારે, ઈંગ્લેન્ડથી ઉદ્ભવેલા સર્વકાલીન મહાન કવિઓમાંના તેઓ એક હતા.

ગુજરાતના ખ્યાતનામ કવિઓમાં રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી નું નામ ખૂબ જ આદરથી લેવાય છે. તેઓ માત્ર કવિ જ નહોતા, પણ લોકસાહિત્ય ના સંશોધક, વાર્તાકાર અને સ્વતંત્રતા સેનાની પણ હતા. તેમણે સૌરાષ્ટ્રના ધૂળિયા રસ્તાઓ ખૂંદીને લોકગીતો, દુહા અને લોકકથાઓને એકત્ર કરીને ગુજરાતી સાહિત્યને અમૂલ્ય ખજાનો આપ્યો. 'કસુંબીનો રંગ', 'છેલ્લો કટોરો', 'યુગવંદના' જેવી તેમની રચનાઓમાં દેશપ્રેમ, બલિદાન અને માનવતાનો જુસ્સો છલકાય છે. તેમની કલમે લોકોના હૃદયમાં આઝાદીની અલખ જગાવી હતી, એટલે જ ગાંધીજીએ તેમને 'રાષ્ટ્રીય શાયર' ના બિરુદ થી નવાજયા હતા.

### જૂના હિન્દી ફિલ્મી ગીતોઃ કવિના શબ્દોમાં અમર થયેલી યાદો

જૂના હિન્દી ફિલ્મી ગીતો માત્ર સંગીત નહોતાં, પરંતુ લાગણી, પ્રેમ, વિરહ અને જીવનની ફિલસૂફીને શબ્દો આપતી અમર રચનાઓ હતાં. શૈલેન્દ્ર, સાહિર લુધિયાનવી, મજરુહ સુલ્તાનપુરી, શકીલ બદાયૂની, રાજેન્દ્ર કૃષ્ણ અને હસરત જયપુરી જેવા ગીતકારોએ સરળ છતાં અસરકારક શબ્દોથી અનેક પેઢીઓના હૃદયમાં સ્થાન બનાવ્યું. તેમના ગીતોમાં કાવ્યની સુંદરતા, સંગીતની મધુરતા અને માનવીય લાગણીઓનું અદભુત સંયોજન જોવા મળે છે. એટલે જ દાયકાઓ પહેલાં લખાયેલા આ ગીતો આજે પણ સાંભળીએ ત્યારે જૂની યાદોને જગાડે છે, અને મનને ગુંજતું કરી દે છે. શબ્દો કવિ ના ભલે હોય પણ આપણા જીવન સાથે પણ વણાયેલી વાતોને એ રજૂ કરી શકતા હતા.

**કવિની કવિતા એટલે માત્ર શબ્દોની ગોઠવણી કે છંદ અલંકારની રમત નથી, પણ એ તો કવિના હૃદયના ઊંડાણમાંથી વહેતો અવિરત ભાવપૂર્ણ ઝરણું છેઃ જ્યારે કવિનું મન દુનિયાની ભીડમાં પણ એકલતા અનુભવે, ખુશીની ચરમસીમા કે દુઃખનો અસહ્ય ભાર શબ્દોની મર્યાદા વટાવી જાય, ત્યારે કવિતાનો જન્મ થાય છે**

---

## ઓટોમેટિક સિગ્નલિંગ કામગીરી હેતુ ઓખા-શકુરબસ્તી-ઓખા સ્પેશિયલ ટ્રેનોના રૂટમાં ફેરફાર



**અબતક**
**મહેન્દ્ર કક્કડ, દ્વારકા**


દિલ્હી સરાઈ રોહિલ્લા - રેવાડી રેલવે સેકશન પર દિલ્હી સરાઈ રોહિલ્લા, પટેલ નગર, દિલ્હી કેન્ટ અને પાલમ સ્ટેશનો વચ્ચે ઓટોમેટીક સિગ્નલિંગ સીસ્ટમ કાર્યરત (કમીશનીંગ) કરવાના કામ માટે ૬ કલાકનો ટ્રાફીક બ્લોકના કારણે રાજકોટ ડીવીઝનની અમૂક સ્પેશ્યલ ટ્રેનોનું સંચાલન નિયમિત રૂટના બદલે ડાયવર્ટેડ કરેલ રૂટ પરથી કરવામાં આવશે તેમજ કેટલાક સ્ટેશનો પર સ્ટોપેજ રહેશે નહિં. ટ્રેન નંબર ૦૯૫૨૩ ઓખા. શકુરબસ્તી સ્પેશ્યલ ટ્રેન આગામી ૬ ઓકટોબર, ૨૦૨૬ના રોજ નિર્ધારીત રૂટ રેવાડી-દિલ્હી કેન્ટ પટેલ નગર - શકુરબસ્તીના બદલે રેવાડી - ભિવાની - રોહતક - શકુરબસ્તીના પરિવર્તિત રૂટથી ચાલશે જેના કારણે ગુરુગ્રામ સ્ટેશન પર સ્ટોપેજ રહેશે નહિં. ટ્રેન નં. ૦૯૫૨૪ શકુરબસ્તી-ઓખા સ્પેશ્યલ ટ્રેન તા.૭ ઓકટોબર, ૨૦૨૬ના રોજ નિર્ધારીત રૂટ શકુરબસ્તી - પટેલનગર-દિલ્હી કેન્ટ રેવાડીના બદલે શકુરબસ્તી - રોહતક - ભિવાની - રેવાડીના પરિવર્તીત રૂટ પરથી ચાલશે જેના કારણે ગુરુગ્રામ સ્ટેશન પર સ્ટોપેજ રહેશે નહિં. રેલવે વિભાગ દ્વારા મુસાફરોને ઉકત ટ્રેનોના સંચાલનમાં થયેલ ફેરફારને ધ્યાનમાં રાખી યાત્રાનું આયોજન કરવા જણાવાયું છે.

## 'માનસ ગુરૂપ્રસાદ'ના પાંચમા દિવસે પૂ.મોરારીબાપુએ કથાનું રસપાન કરાવ્યું

### રામાયણમાં સરળતાથી ભરેલી ગહનતા છે ગોપનીય છે એના ઉંડાણને તપાસોઃ પૂ.મોરારિબાપુ

**અબતક, રાજકોટ**

અમેરિકાની જગપ્રસિધ્ધ હાર્વર્ડ યુનિ.ના પરિસરમાં પ્રવાહિત થઈ રહેલી રામકથા માનસ ગુરૂપ્રસાદના પાંચમા દિવસે ગઈકાલે કથાના પ્રેમ સંવાદને આગળ ધપાવતા બાપુએ કહ્યું કે ઘણા લોકોને પ્રશ્ન થાય છે કે હાર્વર્ડ યુનિ.માં રામકથા કેમ? જવાબ રામ સેતુબંધ બનાવી શ્રીલંકા ગયા છે. સીતાની શોધમાં રામને લંકાથી નિમંત્રણ નહોતુ મળ્યું ! પણ એ સીતા એટલે કે શાંતિની શોધમાં ભકિતની શોધ સેતુ બાંધીને ગયા છે સેતુ બનાવનાર કોઈને મારે નહી તારે રામે કોઈને માર્યા નથી પણ તાર્યા છે. મારી શાંતિ માટે આ વિદ્યાપીઠને મળવા આવી છે. રામ પથ્થર લઈને સેતુ બનાવે છે અને હું પોથી લઈને સેતુ બનાવું છું. આજની મોર્ડન દુનિયા સેતુ તોડી રહી છે. ધનુષ તોડો, સેતુ ન તોડો રહી છે. ધનુષ તોડો, સેતુ ન તોડો ! સેતુ તોડવાની માનસીકતાને કારણે જ યુધ્ધો થઈ રહ્યા છે. રામના સેતુ કાર્યમાં નાનામા નાના જીવથી માંડીને પર્વતોએ પણ સહકાર આપ્યો છે. ખિસકોલી એ પણ સેવા કર્મ કર્યું છે. એ વાત જાણીતી છે. હું તો મનોરથ રાખુ છું કે અને મને સરકાર મંજુરી આપે તો જ્યા યુધ્ધો થઈ રહ્યા છે. એ સરહદ પર રામકથા ગાન કરૂ સેતુબંધની યોજના થઈ




**સંકલનઃ મનોજ જોશી**

ત્યારે એ સેતુ નો પ્રથમ પથ્થર કોણે સ્થાપ્યો હતો ? શિલાન્યાસ કોણે કર્યો ? તલગાજરડાના ખૂણાને મારા દાદાએ મને કહ્યું હતુ એ અહલ્યાની શીલા હતી. અહલ્યા અચેતન હતી. રામના ચરણ સ્પર્શથી એ ચેતનમય બની પછી એ શીલા રામજીએ લક્ષ્મણને સાચવવા આવી હતી. ત્યારે લક્ષ્મણે પ્રશ્ન ન્હોતો કર્યો ! રામ આજ્ઞાથી એ શીલા લક્ષ્મણ પાસે રહે છે. અને સેતુબંધ વખતે રામે પ્રાયશ્ચિતરૂપે કેમકે રામને એ અફસોસ હતો કે મે એક સ્ત્રીને ચરણથી સ્પર્શ કર્યો છે. સેતુબંધ વખતે એ શીલા રામજીએ પોતાને હાથે એ પથ્થરનો શિલાન્યાસ કર્યો અને હનુમાનજીએ એ શીલા પર રામ લખ્યું છે.

## દ્વારકાના જગતમંદિરમાં ઠાકોરજીને કુંડલા ભોગ મનોરથ

**અબતક, મહેન્દ્ર કકકડ, દ્વારકા**



દ્વારકાધીશ જગતમંદિરમાં ઠાકોરજીના ભાવિક ભકત પરિવાર દ્વારા વારાદાર પૂજારીના સૌજન્યથી સાંજે ઠાકોરજીના ઉત્થાપન દર્શન સમયે કુંડલા ભોગ મનોરથ યોજવામાં આવ્યો હતો. ગુરૂવારના કેસરી વાઘા સાથેના દૈદિપ્યમાન શૃંગાર સાથેના દિવ્ય મનોરથ દર્શન તથા મનોરથ આરતીનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત ભાવિકોએ લાભ લીધો હતો. આ ઉપરાંત ઓનલાઈનના વિવિધ માધ્યમોથી દેશ વિદેશના લાખો કૃષ્ણભકતોએ નિહાળી ભાવવિભોર બન્યાં હતાં.

## સુરત મેડિકલ કોલેજ રેગિંગ પ્રકરણમાં વધુ એક પ્રોફેસર સસ્પેન્ડ

### રેગિંગની ઘટના રોકવામાં ગંભીર બેદરકારી બદલ કડક શિક્ષાત્મક પગલાં લેવા આરોગ્ય મંત્રીની સૂચના

**અબતક, રાજકોટ**

સરકારી મેડિકલ કોલેજ, સુરત ખાતે માઈક્રોબાયોલોજી વિભાગના પ્રથમ વર્ષના રેસિડેન્ટ ડોક્ટર સ્વ. ડો. હર્ષ પડ્યા રેગિંગનો ભોગ બનવાની અત્યંત ગંભીર અને દુઃખદ ઘટના સામે આવી છે. આ ગંભીર ઘટનાને રોકવામાં તેમજ પોતાની શિસ્તબદ્ધ ક્ષમતા અને ફરજ બજાવવામાં ગંભીર નિષ્કાળજી દાખવવા બદલ, આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાની કડક સૂચનાથી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા માઈક્રોબાયોલોજી વિભાગના વર્ગ-૧ ના પ્રાધ્યાપક ડો. સુમૈયા મુલ્લાને તત્કાલ અસરથી ૯૦ દિવસ માટે સેવામાંથી ફરજમોકૂફ (સસ્પેન્ડ) કરવાનો નિર્ણય લેવાયો છે.

આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, ગુજરાતની કોઈપણ શૈક્ષણિક કે તબીબી સંસ્થામાં રેગિંગ અથવા માનસિક ઉત્પીડન સાંખી લેવામાં આવશે નહીં. રેગિંગ સામે રાજ્ય સરકારની 'ઝીરો ટોલરન્સ' નીતિ રહી છે અને આગામી સમયમાં પણ રહેશે. વિદ્યાર્થીઓની સુરક્ષા સાથે રમત કરનાર કે પોતાની ફરજમાં ગંભીર નિષ્કાળજી દાખવનાર વ્યકિત ગમે તેટલા ઉચ્ચ હોદ્દા પર હશે, તેમની સામે કડકમાં કડક કાયદાકીય અને શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં રાજ્ય સરકાર સહેજ પણ બાંધછોડ કરશે નહીં.

આ ઉપરાંત આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, "ફરજમોકૂફી (સસ્પેન્શન)ના સમયગાળા દરમિયાન ડો. સુમૈયા મુલ્લાનું મુખ્ય મથક સરકારી મેડિકલ કોલેજ, વડોદરા રહેશે. આ સમય દરમિયાન સક્ષમ નિયંત્રક અધિકારીની લેખિત મંજૂરી વિના તેઓ વડોદરા સ્થિત મુખ્ય મથક છોડી શકશે નહીં. તદુપરાંત, ફરજમોકૂફી હેઠળ હોય ત્યાં સુધી તેઓ કોઈપણ પ્રકારની ખાનગી નોકરી કે વ્યાપાર-ધંધો કરી શકશે નહીં. જો આ શરતોનો અનાદર કે ભંગ કરવામાં આવશે, તો તેમને મળવાપાત્ર નિર્વાહ ભથ્થું અટકાવી દેવાશે અને તેમની સામે વધારાની કડક શિસ્તવિષયક કાર્યવાહી હાથ ધરાશે.

## આવતીકાલનું રાશિફળ

**તા.૨૨.૮.૨૦૨૬ શનિવાર, સંવંત ૨૦૮૨, શ્રાવણ સુદ દશમ, જ્યેષ્ઠા નક્ષત્ર, વિષ્કુમ્ભ યોગ, તૈતિલ કરણ આજે બપોરે ૨.૪૯ સુધી જન્મેલાંની ચંદ્ર રાશિ વૃશ્ચિક (ન,ય) ત્યારબાદ ધન (ધ,ભ,ફ,ઢ) રહેશે**



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ (અ,લ,ઈ)** : ધાર્યા કામ પાર પાડી શકો, હકારાત્મક વિચારોથી લાભ થાય, દિવસ પ્રગતિકારક રહે.

**વૃષભ (બ,વ,ઉ)** : ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવે, આગળ વધવાની તક મળે, દૈવી સહાય પ્રાપ્ત થાય ,શુભ દિન.

**મિથુન (ક,છ,ઘ)** : આંતરિક સંબંધોમાં સારું રહે, મતભેદ નિવારી શકો, વડીલોની સલાહ ધ્યાન પર લેવી જરૂરી બને.

**કર્ક (ડ,હ)** : નિયમિત જીવનપદ્ધતિથી આગળ વધશો તો સફળતા મળશે, રોજનીશી લખવાની ટેવ કામ લાગશે, ભૂતકાળ પરથી શીખવું પડે.

**સિંહ (મ,ટ)** : વિદેશ જવા ઈચ્છતા કે ઉચ્ચ અભ્યાસ કરવા ઈચ્છતા મિત્રોને સારી તક પુરી પડતો દિવસ, સ્ત્રીવર્ગને પણ સારું રહે.

**કન્યા (પ,ઠ,ણ)** : પરિવાર સાથે આનંદ માણી શકો, દિવસ, નવી વ્યક્તિઓને ઉત્સાહપૂર્વક મળી શકો, દિવસ લાભદાયક રહે.

**તુલા (ર,ત)** : નવા કાર્યમાં ઈશ્વરી સહાય મળે, વિચારોમાં નવીનતા આવે, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો.

**વૃશ્ચિક (ન,ય)** : તમારા શોખ માટે સમય ફાળવી શકો, મનથી હળવાશ અનુભવી શકો, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.

**ધન (ધ,ભ,ફ,ઢ)** : જીવનમાં નવા પરિવર્તનનો પવન ફૂકાતો જોવા મળે, તમારી પ્રતિભામાં વૃદ્ધિ થાય, કાર્યની સરાહના થાય, શુભ દિન.

**મકર (ખ,જ)** : બીજાની ચિંતા ના કરતા સ્વયં પર ધ્યાન આપવું, ખર્ચ પર અંકુશ રાખવો, નેગેટિવ વિચારો ટાળવા સલાહ છે.

**કુંભ (ગ,સ,શ)** : મિત્રો સાથે આનંદ માણી શકો, ગમતી પ્રવૃત્તિ કરી શકો, અચાનક કોઈ તક ઉભી થહતી જણાય.

**મીન (દ,ચ,ઝ,થ)** : વેપારીવર્ગને લાભ થાય, સ્ત્રીવર્ગને મધ્યમ, નોકરિયાતવર્ગ ને સારું રહે, ઈચ્છીત પરિણામ પ્રાપ્ત કરી શકો.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૨૧-૦૮-૨૦૨૬ શુક્રવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (હાહાકાર)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (સંજય રાવલ)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (ગુલકંદ પુરણ પુરી)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃ આજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.રાકેશ ચાંગાણી)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૨૦ ગુજરાતી નાટક (બૈરાઓનો બાહુબલી)
૦૭:૨૦ થી ૦૭:૪૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૪૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૨૨-૦૮-૨૦૨૬ શનિવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ સાળંગપુર (શ્રીકષ્ટભંજન દેવ)લાઈવ
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

**તા.૨૨-૮-૨૦૨૬ શનીવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિઃ** ૧૯૪૮
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** શ્રાવણ શુદ દશમ
**નક્ષત્ર** જયેષ્ઠા
**યોગ** વિષ્કુંભ **કરણઃ** તૈતિલ
**સુર્યોદય** ૬.૨૮ **સુર્યાસ્તઃ** ૭.૧૨
**ચંદ્ર રાશી** વૃશ્ચીક બપોરે ૨.૫૦ થી ધન
**રાશિ અક્ષર** ન.ય/ભ.ફ.ધ
**દિશાશૂળ** પૂર્વ દિશા તરફ
**રાહુકાળ** સવારે ૯ થી ૧૦.૩૦
**દિવસનાચોઘડીયા**
કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ
**રાત્રીનાચોઘડીયા**
લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૨૫ થી ૧.૧૬

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૫૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૪ | | | ૭ | ૧ | | |
| ૬ | | ૯ | ૩ | | | | | |
| | | | | | | | | ૫ |
| | | ૩ | | | | ૭ | | |
| | | ૮ | | ૨ | | | | |
| ૫ | | | ૬ | ૮ | | | | ૪ |
| ૪ | | | | ૬ | | | ૩ | |
| | | | ૧ | | ૨ | | | |
| ૧ | ૮ | ૨ | | | | | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૫૩ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૪ | ૮ | ૭ | ૨ | ૩ | ૧ | ૫ | ૬ |
| ૭ | ૧ | ૨ | ૬ | ૫ | ૯ | ૩ | ૪ | ૮ |
| ૩ | ૬ | ૫ | ૪ | ૮ | ૧ | ૭ | ૨ | ૯ |
| ૮ | ૭ | ૪ | ૩ | ૯ | ૬ | ૫ | ૧ | ૨ |
| ૧ | ૨ | ૬ | ૫ | ૭ | ૪ | ૮ | ૯ | ૩ |
| ૫ | ૯ | ૩ | ૨ | ૧ | ૮ | ૬ | ૭ | ૪ |
| ૪ | ૮ | ૭ | ૯ | ૩ | ૫ | ૨ | ૬ | ૧ |
| ૬ | ૫ | ૧ | ૮ | ૪ | ૨ | ૯ | ૩ | ૭ |
| ૨ | ૩ | ૯ | ૧ | ૬ | ૭ | ૪ | ૮ | ૫ |

# શિવ તાંડવની ગુંજમાં શ્રાવણની ભક્તિનો અલૌકિક રંગ

## શિવ અને શ્રાવણ માસનો અતૂટ સંબંધ, રાવણની ભક્તિથી શિવ તાંડવની ઉત્પત્તિ અને જળાભિષેકનું આધ્યાત્મિક મહત્વ

### રાવણની ભક્તિમાંથી ઉદ્ભવ્યું શિવ તાંડવ

ધર્મેશભાઈ જણાવે છે કે રાવણ અત્યંત જ્ઞાની અને શિવભક્ત હતો. કૈલાસ પર શિવજીના દર્શન માટે પહોંચેલા રાવણને નંદીએ અટકાવ્યો હતો. ત્યારબાદ રાવણે કૈલાસ પર્વત ઉઠાવવાનો પ્રયાસ કર્યો. શિવજીએ પોતાના પગનો અંગૂઠો મૂકતાં રાવણનો હાથ દબાઈ ગયો. અસહ્ય પીડા વચ્ચે શિવજીને પ્રસન્ન કરવા રાવણે શિવ તાંડવ સ્તોત્રની રચના કરી હોવાનું પૌરાણિક માન્યતા છે.

### શિવલિંગ પર જળાભિષેકનું મહત્વ

સમુદ્ર મંથન દરમિયાન નીકળેલું વિષ શિવજીએ ગ્રહણ કર્યું હતું. વિષના કારણે ગળામાં થયેલી બળતરાને શાંત કરવા અને શીતળતા આપવા માટે જળાભિષેકનું મહત્વ સમજાવવામાં આવે છે. ખાસ કરીને શ્રાવણ માસમાં શિવલિંગ પર જળાભિષેક કરી ભક્તો મહાદેવ પ્રત્યે પોતાની શ્રદ્ધા અને ભક્તિ વ્યક્ત કરે છે.

### કાઠિયાવાડી રંગમાં શિવ તાંડવ

સંસ્કૃતના ગહન છંદને સામાન્ય લોકો સુધી સરળતાથી પહોંચાડવા માટે શિવ તાંડવને કાઠિયાવાડી દોહા અને લય સાથે રજૂ કરવાનો સંગીતમય પ્રયોગ કરવામાં આવ્યો છે. 'શંકર મહારાજ આજ તાંડવ નાચે...' જેવા કાઠિયાવાડી રિધમથી શિવ તાંડવને લોકભોગ્ય બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

### નટરાજ સ્વરૂપનો ગૂઢ સંદેશ

નટરાજની મૂર્તિમાં ચંદ્ર અને સૂર્ય જ્ઞાન, તપ અને મનના સંતુલનનું પ્રતીક માનવામાં આવે છે. હાથમાં રહેલું ડમરું નાદબ્રહ્મ અને સૃષ્ટિના સર્જનનો સંકેત આપે છે, જ્યારે અગ્નિ સંસારની જ્વાળા અને ઊર્જાનું પ્રતીક છે. જમણો પગ દુષ્ટ અને રાક્ષસી પ્રવૃત્તિઓને દબાવવાનો સંદેશ આપે છે, જ્યારે ઉપર ઉઠેલો ડાબો પગ સંસારમાં રહીને પણ અલિપ્ત રહેવાની ભાવના દર્શાવે છે.




**શ્રાવણ માસ નિમિત્તે અબતકના વિશેષ કાર્યક્રમમાં નીપાબેન અને ધર્મેશભાઈએ શિવ તાંડવ તેની પૌરાણિક કથા તેમજ નટરાજ સ્વરૂપના વિવિધ પાસાં વિશે રસપ્રદ માહિતી આપી**

**અબતક, રાજકોટ**

શ્રાવણ માસને ભગવાન મહાદેવની ભક્તિ માટે વિશેષ અને પવિત્ર માનવામાં આવે છે. શ્રાવણ એટલે જળ અને વરસાદનો મહિનો, જેનાથી સમગ્ર સૃષ્ટિ અને પ્રકૃતિ ખીલી ઊઠે છે. શિવ અને શ્રાવણ એકબીજાથી અલગ નથી. 'શિવ છે તો જીવ છે' એવી ભાવનાથી શ્રાવણ માસ દરમિયાન મહાદેવની આરાધના, રુદ્રાભિષેક અને શિવ તાંડવને વિશેષ મહત્વ આપવામાં આવે છે.

અબતક ના વિશેષ કાર્યક્રમમાં નીપાબેન અને ધર્મેશભાઈએ શિવ તાંડવ, તેની પૌરાણિક કથા તેમજ નટરાજ સ્વરૂપના વિવિધ પાસાં વિશે રસપ્રદ માહિતી આપી હતી.શ્રાવણ એટલે શિવભક્તિ, શિવ તાંડવ એટલે શક્તિનો નાદ અને જળાભિષેક એટલે મહાદેવ પ્રત્યેની અખૂટ શ્રદ્ધા-આ ત્રણેયનો સંગમ શ્રાવણ માસને વધુ પવિત્ર અને આધ્યાત્મિક બનાવે છે.

### તાંડવના વિવિધ સ્વરૂપો


નીપાબેનના જણાવ્યા મુજબ નૃત્યના મુખ્ય બે સ્વરૂપ લાસ્ય અને તાંડવ છે. લાસ્ય સૌમ્યતાનું જ્યારે તાંડવ શૌર્ય અને રૌદ્રતાનું પ્રતીક છે. શાસ્ત્રીય પરંપરામાં તાંડવના આનંદ, ઊર્ધ્વ, ઉમા, ગૌરી, સંધ્યા, કાલી અને ત્રિપુર/સંહાર જેવા વિવિધ સ્વરૂપોનો ઉલ્લેખ મળે છે.

# રાજકોટમાં સંજયરાજ ગ્રુપ સાથે હિલ્ટનની પ્રથમ હોટેલનું આગમન

## સંજયરાજ ગ્રુપ સાથે હિલ્ટન વચ્ચે કરારઃ સેકન્ડ રિંગ રોડ પર ૧૪૫ રૂમ-સ્યુટ્સ સાથે ડબલ ટ્રી બાય હિલ્ટન બનશે; ૨૨ હજાર ચોરસ ફૂટનું મીટિંગ-ઈવેન્ટ સ્પેસ પણ તૈયાર થશે

**અબતક, રાજકોટ**

રાજકોટના ઝડપથી વિકસતા હોસ્પિટાલિટી ક્ષેત્રમાં વધુ એક આંતરરાષ્ટ્રીય નામનો ઉમેરો થવા જઈ રહ્યો છે. વૈશ્વિક હોસ્પિટાલિટી કંપની હિલ્ટને સંજયરાજ એન્ડ કંપની સાથે ભાગીદારીમાં રાજકોટમાં ડબલ ટ્રી બાય હિલ્ટન રાજકોટ હોટેલ વિકસાવવા માટે કરાર કર્યો છે. આ હોટેલ રાજકોટમાં હિલ્ટનની પ્રથમ પ્રોપર્ટી તેમજ ડબલ ટ્રી બાય હિલ્ટન બ્રાન્ડની શહેરમાં પ્રથમ હોટેલ બનશે.




### ૨૨ હજાર ચોરસ ફૂટનું મીટિંગ અને ઈવેન્ટ સ્પેસ

હોટેલનું સૌથી મોટું આકર્ષણ આશરે ૨૨ હજાર ચોરસ ફૂટનું મીટિંગ અને ઈવેન્ટ સ્પેસ રહેશે. જેમાં ૧૭,૪૦૦ ચોરસ ફૂટનો વિશાળ બોલરૂમ અને ત્રણ મીટિંગ રૂમ્સનો સમાવેશ થશે. જેના કારણે કોર્પોરેટ કાર્યક્રમો, કોન્ફરન્સ, લગ્નો અને મોટા સામાજિક પ્રસંગો માટે રાજકોટને આંતરરાષ્ટ્રીય સ્તરનું નવું સ્થળ મળશે.રાજકોટ છેલ્લા કેટલાક વર્ષોમાં એન્જિનિયરિંગ, મેન્યુફેક્ચરિંગ અને ટ્રેડિંગ ક્ષેત્રે ઝડપથી વિકસતું વ્યાપારી તથા ઔદ્યોગિક કેન્દ્ર બન્યું છે. શહેરમાં બિઝનેસ ટ્રાવેલ, મીટિંગ્સ, લગ્નો અને સામાજિક કાર્યક્રમોની વધતી માંગને ધ્યાનમાં રાખીને આ પ્રોજેક્ટ મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યો છે.

સેકન્ડ રિંગ રોડ પર વિકસતા વ્યાપારી વિસ્તારમાં આ હોટેલનું નિર્માણ થશે. હોટેલથી રાજકોટના મુખ્ય વ્યાપારી અને ઔદ્યોગિક વિસ્તારો ઉપરાંત રાજકોટ જંકશન રેલવે સ્ટેશન અને રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ સુધી સરળ પહોંચ મળી રહેશે.હોટેલમાં કુલ ૧૪૫ ગેસ્ટ રૂમ્સ અને સ્યુટ્સ હશે. આ ઉપરાંત આખો દિવસ કાર્યરત ડાઈનિંગ રેસ્ટોરન્ટ, સ્પેશિયાલિટી રેસ્ટોરન્ટ, સ્પા, ફિટનેસ સેન્ટર તેમજ ઈન્ડોર-આઉટડોર સ્વિમિંગ પૂલ જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

રાજકોટની આ હોટેલ ગુજરાતમાં હિલ્ટનની ચોથી પ્રોપર્ટી બનશે. હાલમાં અમદાવાદ, સુરત અને વડોદરામાં હિલ્ટનની હોટેલ્સ કાર્યરત છે. કંપની ભારતભરમાં પણ સતત વિસ્તરણ કરી રહી

(અનુ. આઠમા પાને)


# અંબાજી, પાવાગઢ અને ગિરનારમાં આસ્થાની ઊંચી ઉડાન ૪૭ લાખથી વધુ ભક્તોએ માણી રોપ-વેની સફર

## વિશ્વના સૌથી લાંબા ગિરનાર રોપ-વે સહિત ત્રણ પવિત્ર ધામોમાં યાત્રાળુઓ માટે આધુનિક સુવિધાઓ, વિદ્યાર્થીઓ અને દિવ્યાંગોને વિશેષ ટિકિટ ડિસ્કાઉન્ટ

**અબતક, રાજકોટ**

ગુજરાતના પવિત્ર યાત્રાધામો સુધી પહોંચવા માટે ગત વર્ષ ૨૦૨૫-૨૬માં કુલ ૪૭.૩૨ લાખથી વધુ યાત્રાળુઓએ રોપ-વે સેવાનો સલામત આનંદ માણ્યો છે. જેમાં પાવાગઢમાં ૨૩.૪૩ લાખથી વધુ, અંબાજીમાં ૧૫.૫૮ લાખથી વધુ અને ગિરનારમાં ૮.૩૧ લાખથી વધુ પ્રવાસીઓએ ઉડન ખટોલાનો લાભ લીધો હતો. યાત્રાળુઓના આ મોટા આગમનથી સ્થાનિક યુવાનો માટે રોજગારીની તકો પણ ઊભી થઈ છે.

જૂનાગઢ સ્થિત ૨.૧૨ કિલોમીટર લાંબો ગિરનાર રોપ-વે વિશ્વના સૌથી લાંબા રોપ-વેમાંથી એક છે, જે જમીનથી ૩,૬૬૦ ફૂટની ઊંચાઈએ આવેલા અંબાજી માતાના મંદિર સાથે જોડે છે.



ઓક્ટોબર ૨૦૨૦માં વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ઉદ્ઘાટન કરાયેલા આ રોપ-વેની ૩૧ આધુનિક કેબિન્સ પ્રતિ કલાક ૧,૦૦૦ મુસાફરોનું પરિવહન કરે છે અને પાયાથી ૫,૦૦૦ પગથિયાં ચઢવાની મુશ્કેલી દૂર કરી માત્ર ૯

(અનુ. આઠમા પાને)

# ૭૭માં વન મહોત્સવની ઉજવણીઃ પર્યાવરણ પ્રત્યે જનજાગૃતિ કેળવવાનો સંકલ્પ

## મહાનગરપાલિકા કક્ષાના ૭૭મા વન મહોત્સવમાં 'એક પેડ માઁ કે નામ 'ના સંદેશ સાથે વૃક્ષારોપણઃ વિશેષ વ્યક્તિઓનું સન્માન





તસવીરઃ વિજય મકવાણા

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા કક્ષાના ૭૭મા વન મહોત્સવની ઉજવણી ઢેબર રોડ સ્થિત કાન્તા સ્ત્રી વિકાસ ગૃહ પ્રાથમિક શાળા ખાતે કરવામાં આવી હતી. સામાજિક વનીકરણ વિભાગ, રાજકોટ દ્વારા 'એક પેડ માં કે નામ ૩.૦'ના સૂત્ર સાથે યોજાયેલા આ કાર્યક્રમમાં પર્યાવરણ સંરક્ષણ અને વૃક્ષારોપણનો સંદેશ આપવામાં આવ્યો હતો.

કાર્યક્રમમાં રાજકોટ મહાનગરપાલિકાના મેયર ડો. નેહલ શુકલ અધ્યક્ષસ્થાને ઉપસ્થિત રહ્યા હતા. સંસદસભ્ય પરસોત્તમભાઈ રૂપાલા, રાજ્યસભાના સંસદસભ્ય કેશરીદેવસિંહજી ઝાલા, રાજકોટ ગ્રામ્યના ધારાસભ્ય ભાનુબેન બાબરીયા, રાજકોટ દક્ષિણના ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, રાજકોટ પૂર્વના ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ તથા રાજકોટ પશ્ચિમના ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ ઉપસ્થિત રહ્યા હતા.

આ ઉપરાંત રાજકોટ મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પરેશભાઈ પીપળીયા, ડેપ્યુટી મેયર દક્ષાબેન વાસાણી, દંડક સંજયસિંહ રાણા અને શાસકપક્ષના નેતા ડો. હિરેનભાઈ ખીમાણીયા સહિતના પદાધિકારીઓએ પણ કાર્યક્રમમાં હાજરી આપી હતી.અતિથિ વિશેષ તરીકે રાજકોટ મહાનગરપાલિકાના કમિશનર તુષાર ડી. સુમેરા તથા શેત્રુંજી વન્યજીવ વિભાગ, પાલીતાણાના ચિરાગ અમીન ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમનો પ્રારંભ દીપ પ્રાગટ્યથી થયો હતો. ત્યારબાદ સ્વાગત ગીત, મહાનુભાવોનું સ્વાગત અને સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું હતું. બાળ પ્રસ્તુતિ બાદ વિશેષ વ્યક્તિઓનું સન્માન કરવામાં આવ્યું હતું. મહાનુભાવોએ પોતાના ઉદબોધન દ્વારા વૃક્ષારોપણ, વન સંવર્ધન અને પર્યાવરણ જાળવણીનું મહત્વ સમજાવ્યું હતું. ત્યારબાદ અધ્યક્ષનું ઉદબોધન યોજાયું હતું.

કાર્યક્રમના અંતે આભારવિધિ બાદ વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. તેમજ વૃક્ષરથને પ્રસ્થાન કરાવવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમ દરમિયાન 'પ્લાસ્ટિક પ્રદૂષણ અટકાવીએ, પર્યાવરણ બચાવીએ'નો સંદેશ આપવામાં આવ્યો હતો અને પર્યાવરણ પ્રત્યે જનજાગૃતિ કેળવવાનો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો હતો.



# વગડ ચોકડીથી પાળ રોડ સુધીનો વિસ્તાર હવે સ્ટ્રીટલાઈટથી ઝળહળ્યો

**અબતક, રાજકોટ**

કોર્પોરેશનમાં નવા ભળેલા વિસ્તારો પૈકીના વોર્ડ નં.૧૧ અને વોર્ડ નં.૧૨ના વિસ્તારોમાં સ્થાનિક લોકોની લાગણી અને માંગણીના આ વિસ્તારના ખાસ કરીને વગડ ચોકડી થી પાળ રોડ સુધીનો વિસ્તારમાં લાઈટ પોલની તાતી આવશ્યકતા હતી. લોકોની સેવા માટે અંદાજે ૩૩ લાખના ખર્ચે સેન્ટ્રલ લાઈટીંગનુ લોકાર્પણ કરવામાં આવ્યું છે.





આ પ્રસંગે ધારાસભ્ય ભાનુબેન બાબરીયા, મેયર નેહલભાઈ શુક્લ, શહેર ભાજપ પ્રમુખ માધવભાઈ દવે, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પરેશભાઈ પીપળીયા, શસકપક્ષ દંડક સંજયસિંહ રાણા, મહામંત્રી યોગેન્દ્રસિંહ જાડેજા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

વોર્ડ નં.૧૧ના કોર્પોરેટર રક્ષિતભાઈ કલોલા, ભારતીબેન પાડલીયા, મિતલબેન લાઠિયા, મહેશભાઈ પિપરીયા અને ડ્રેનેજ સમિતિના ચેરમેન અને વોર્ડ નં.૧૨ના કોર્પોરેટર કિરણબેન હરસોડા, તથા ડો પ્રદિપ ડવ, કિશનભાઈ ટીલવા, જયશ્રીબા જાડેજા વિશેષ ઉપસ્થિત રહેલ હતા. સમગ્ર વ્યવસ્થા રોશની સમિતિના ચેરમેન ડો.પરેશભાઈ ઠાકર અને રાજેશ્રીબેન માલવિયા, રીટાબેન સખીયા, સંજયભાઈ સાગઠિયા સહિતના કમિટી મેમ્બર વ્યવસ્થા ઉપાડેલ હતી.

# યુવાનોને ડ્રગ્સની બદીથી દૂર રાખવા જાગૃતિ કાર્યક્રમો વધારવા ડીસીપી હેતલ પટેલની સૂચના

## શહેરમાં છેલ્લા એક માસમાં ડ્રગ્સના ૧૦ કેસ કરી ૧૨૫ લાખની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરાયોઃ નાર્કો કોર્ડિનેશન સેન્ટરની બેઠક યોજાઈ

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેર ડી.સી.બી. પોલીસ સ્ટેશન ખાતે નાર્કો કો-ઓર્ડીનેશન સેન્ટર (એન્કોર્ડ)ની બેઠક ડી.સી.પી. ઝોન-૧ હેતલ પટેલની અધ્યક્ષતામાં યોજાઈ હતી. જેમાં શહેરમાં ડ્રગ્સના દૂષણની નાબૂદી માટે યુવાલક્ષી જાગૃતિ કાર્યક્રમ વધુમાં વધુ ચલાવવા પર ભાર મુકવામાં આવ્યો હતો.

આ બેઠકમાં જણાવાયું હતું કે, રાજકોટ શહેરમાં છેલ્લા એક માસમાં ગાંજા, મેફેડ્રોન, હાઈબ્રિડ ગાંજા, પોશડોડા, ચરસના સહિતના ડ્રગ્સના ૧૦ કેસો કરીને રૂ. ૧૨૫ લાખની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. જ્યારે છેલ્લા એક માસમાં ધી સિગારેટ અને અન્ય તમાકુ ઉત્પાદન અધિનિયમ ૨૦૦૩ (કોપ્ટા) હેઠળ ૧૦૨ કેસ કરીને રૂ. ૨૦,૪૦૦નો દંડ કરવામાં આવ્યો છે. રાજકોટ શહેરમાં અગાઉ એન.ડી.પી.એસ. એક્ટ હેઠળ પકડાયેલા આરોપીઓ વિરુદ્ધ વર્ષ ૨૦૨૫માં કુલ ૧૬ પી.આઈ.ટી. એન.ડી.પી.એસ. પ્રપોઝલ મોકલવામાં આવી હતી. જે અંતર્ગત ૧૪



આરોપીઓને અલગ-અલગ જેલોમાં મોકલી આપવામાં આવ્યા છે. જ્યારે વર્ષ ૨૦૨૬માં કુલ ૧૧ પી.આઈ.ટી. એન.ડી.પી.એસ.માંથી ૬ આરોપીઓ સામે કાર્યવાહી કરી વિવિધ જેલોમાં મોકલી આપવામાં આવ્યા છે.

રાજકોટ મહાનગર પાલિકા દ્વારા કોપ્ટા હેઠળ ૮૨ કેસ કરીને રૂ.૨૪૨૦ દંડ વસૂલવામાં આવ્યો છે. નશામુક્ત ભારત અભિયાન અંતર્ગત ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા ગેરકાયદે દવાનું વેચાણ રોકવા વિવિધ ૩૯ પેઢીઓની તપાસ કરવામાં આવી હતી. જેમાંથી એક પેઢીમાંથી કોડીન, આલ્પ્રાઝોલમનું ખરીદ-વેચાણ મળી આવતાં કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી. આ તકે ડી.સી.પી. હેતલ પટેલે યુવાનોને ડ્રગ્સની બદીથી દૂર રાખવા જાગૃતિ કાર્યક્રમોની સંખ્યા વધારવા જણાવ્યું હતું. જેમાં જનપ્રતિનિધિઓ તેમજ પ્રભાવશાળી લોકોને પણ સામેલ કરવા માર્ગદર્શન આપ્યું હતું. આ બેઠકમાં ડી.સી.પી. ઝોન-૨ રાકેશ દેસાઈ, એસ.ઓ.જી. પી.આઈ. એન.બી. ચૌધરી સહિત વિવિધ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# પીપીએફએએસ મ્યુચ્યુઅલ ફંડનો રાજકોટમાં પ્રારંભ

## સૌરાષ્ટ્રના રોકાણકારો સાથેના જોડાણને વધુ મજબુત બનાવશે પીપીએફએએસ મ્યુચ્યુઅલ ફંડ





**અબતક, રાજકોટ**

પીપીએફએએસ મ્યુચ્યુઅલ ફંડ ગુજરાતમાં તેની હાજરી મજબૂત બનાવતા રાજકોટમાં તેની પ્રથમ બ્રાન્ચ શરૂ કરી છે. આ નવી ઓફિસ એ ગુજરાતમાં ફંડની ચોથી બ્રાન્ચ ઓફિસ છે. જે તેના અમદાવાદ, સુરત અને વડોદરાની હાલની હાજરીમાં ઉમેરો કરશે. જેના દ્વારા રાજ્ય અને ખાસ તો. સૌરાષ્ટ્રમાં રોકાણકારો સાથેના તેના જોડાણને વધુ ગાઢ બનાવવા માટેનું એક મહત્વપૂર્ણ પગલું છે.

નવી ઓફિસનું ઉદ્ઘાટન આલોક મેહતા, હેડ - ઈન્વેસ્ટર રિલેશન્સ અને ડિરેક્ટ ચેનલ અને મહેશ સરોદે, બિઝનેસ હેડ - ઈસ્ટ અને વેસ્ટની સાથે તેમના સહકર્મીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. પીપીએફએએસ મ્યુચ્યુઅલ ફંડની યોજના સંબંધિત વ્યવહારો માટે એક ઈન્વેસ્ટર સર્વિસ સેન્ટર અને એક ઓફિશિયલ પોઈન્ટ ઓફ એસેપ્ટન્સ તરીકેની કામગીરી કરશે.

આ વિસ્તરણ વિશે, નીલ પરાગ પરિખ, ચેરમેન અને સીઈઓ, પીપીએફએએસ મ્યુચ્યુઅલ ફંડ વિશે જણાવ્યું હતુ કે, ગુજરાત સતત એક મહત્વપૂર્ણ બજાર રહ્યું છે, અને રાજકોટ તે સફરનો એક મહત્વપૂર્ણ ભાગ રહ્યો છે. એક સંપૂર્ણરીતે કાર્યરત ઓફિસના ઉદઘાટન સાથે, અમે હવે શહેરમાં અમારી હાજરીને એક ડગલું આગળ વધારી રહ્યા છીએ અને અમારી સેવાઓને રોકાણકારો અને સહયોગીઓની નજીક લાવી રહ્યા છીએ. અમે આ ક્ષેત્રમાં નોંધપાત્ર સંભાવનાઓ જોઈએ છીએ અને રાજકોટ તથા સૌરાષ્ટ્રના રોકાણકારો સાથે ઊંડા, લાંબાગાળાના સંબંધો બનાવવા માટે પ્રતિબદ્ધ છીએ. રાજકોટ બ્રાન્ચના ઉદ્ઘાટનથી પીપીએફએએસ મ્યુચ્યુઅલ ફંડ્સ એ ગુજરાતમાં તેની હાજરીને વધુ મજબૂત કરી છે અને તે મુખ્ય બજારોમાં લાંબાગાળાના સંબંધો સ્થાપતી વખતે રોકાણકારો અને વિતરણ સહયોગીની નજીક રહેવાના તેના સતત ધ્યાનને પ્રતિબિંબિત કરે છે.

### સેવાયજ્ઞની અનોખી શરૂઆત

# ગૌ માતાને રિફ્લેક્ટર સેફ્ટી બેલ્ટ લગાવતા સાંસદ મયંક નાયક



**અબતક,રાજકોટ**

પૂજ્ય ગૌ માતાની સુરક્ષા સુનિશ્ચિત કરવા અને ખાસ કરીને રાત્રીના સમયે રસ્તા પર થતા અકસ્માતોની ઘટનાઓમાં ઘટાડો થાય તેવા હેતુથી મહેસાણા ખાતે સેવાલય ટીમ સાથે મળીને ગૌ માતાના ગળામાં રિફ્લેક્ટર સેફ્ટી બેલ્ટ લગાવવાની એક સંવેદનશીલ સાંસદ મયંકભાઈ નાયક સેવાયજ્ઞની શરૂઆત કરી છે.

આ નાનકડી પહેલ ગૌ માતાની સુરક્ષા સાથે રસ્તા પર ચાલતા દરેક વ્યકિતની સલામતી માટે પણ મહત્વપૂર્ણ બની શકે છે.

ગૌ સેવા આપણી સામૂહિક જવાબદારી છે, ત્યારે ગૌ માતાની સુરક્ષા માટે સૌ સાથે મળીને એક સંવેદનશીલ અને માનવીય પગલું ભરીએ.

# એટલાન્ટિસ હિલ્સ જિનાલયમાં ૧૦૦થી વધુ ભાઈઓ-બહેનો દ્વારા પ્રભુના સ્તવનો ગવાયા

## પાર્શ્વનાથ ભગવાનના મોક્ષ અને કલ્યાણ અર્થે આંગી અને ભાવનાનું આયોજન કરાયું



**અબતક, રાજકોટ**

આચાર્ય દેવ જયશેખર સૂરીશ્વરજી મ. સા. આદી ની પ્રેરણાથી પરીવાર ભાવનામાં માનનારું એટલાન્ટિસ હિલ્સ જિનાલયના સાધર્મિકોએ શ્રી એટલાન્ટિસ હિલ્સ સંઘ અને કલ્યાણ સખી વૃંદ દ્વારા આંગી અને રાત્રે પ્રભુની ભાવના સ્તવનોનું આયોજન કરાયું હતું. ૧૦૦ થી વધુ ભાઈઓ બહેનોએ આ ધાર્મિક કાર્ય માં હાજરી આપી હતી. દાતાઓ અને લાભાર્થીઓ દ્વારા રૂપિયા ૧૧૦ ની પ્રભાવના સર્વેને આપવામાં આવી હતી. ભગવાન પાર્શ્વનાથની આજના દિવસે સમેત શિખરજી પર તમામ કર્મોનો ક્ષય કરી સિધ્ધગતિ પ્રાપ્ત કરી હતી. ભગવાન પાર્શ્વનાથે સત્ય અહિંસા અપરિગ્રહ વગેરે ની શિક્ષા આપેલ હતી. આ દિવસે વિશ્વ શાંતિ, પ્રાણીઓના કલ્યાણ અને પ્રાકૃતિક આપત્તિ રક્ષા માટે શાંતિ ધારા અને અભિષેક પણ કરવામાં આવે છે. સમગ્ર ધાર્મિક કાર્યને સફળ બનાવવા માટે વિમલ વોરા, પાર્થ વોરા, ભરત મહેતા, કિર્તી શાહ, નિશાંત વોરા, પરાગ દોશી, હેનીલ કોઠારી, બીમલ મહેતા, અર્પિત કોઠારી, ધવલ મહેતા, મીનલ વસા, યક્ષાંગી વોરા, પ્રતિભા મહેતા, રીધીકા વોરા, નિકેતા શાહ, મોના કોઠારી, લીના મહેતા, નીતા કામદાર, નીતા પારેખ, ભાવિની મહેતા, જલ્પા ધ્રુવ, રોશની દોશી, મિત્તલ દોશી, હેમા મોદી વગેરેએ જહેમત ઉઠાવેલ હતી

આ સર્વે ધાર્મિક કાર્યો માટે વિપુલભાઈ દોશી, મહેશભાઈ મણીયાર, નીતેશભાઈ શાહ, દિલેશભાઈ શાહ, પંકજભાઈ મડિયા, દીપકભાઈ શેઠ, કપિલભાઈ જસાણી, ચિરાગભાઈ મહેતા, અશ્વિનભાઈ રૂપાપરા અને યતીનભાઈ સુરેજા એ સર્વને અનુમોદના પાઠવેલ છે.

# વનતારાની ગવર્નિંગ કાઉન્સિલના અધ્યક્ષ તરીકે જોન ઈ. સ્કેનલોનની નિમણૂક

## યુએનના પૂર્વ અધિકારીને સોંપાઈ જવાબદારી: પ્રાણીઓના સંરક્ષણ અને પુનર્વસન માટે વનતારા લેશે મહત્વના નિર્ણય



**અબતક, રાજકોટ**

જામનગર સ્થિત વનતારા દ્વારા પોતાની નવી સ્થપાયેલી પાંચ સભ્યોની ગવર્નિંગ કાઉન્સિલના પ્રારંભિક સ્વતંત્ર અધ્યક્ષ તરીકે જોન ઈ. સ્કેનલોન એઓની નિમણૂક કરવાની જાહેરાત કરવામાં આવી છે. આ કાઉન્સિલ વનતારાના સંરક્ષણ, સંભાળ, પુનર્વસન અને નિયમોના અનુપાલન સહિત પ્રાણીઓની પ્રાપ્તિ અંગેના અંતિમ નિર્ણયોની દેખરેખ રાખશે. વ્યવસાયે વકીલ એવા સ્કેનલોન સંયુક્ત રાષ્ટ્ર, સંયુક્ત રાષ્ટ્ર પર્યાવરણ કાર્યક્રમ અને સનાતની સંસ્થાઓમાં પર્યાવરણ સુરક્ષા અને વન્યજીવ સંરક્ષણ ક્ષેત્રે વૈશ્વિક અનુભવ ધરાવે છે.

વનતારા દ્વારા એપ્રિલ માસમાં જોન ઈ. સ્કેનલોનનો સંપર્ક કરી અહેવાલ અને ભલામણો તૈયાર કરવા જણાવાયું હતું. વનતારાએ આ ભલામણોનો સંપૂર્ણ અમલ કરવાનું વચન આપતાં હવે તેમને આ સ્વતંત્ર જવાબદારી સોંપાઈ છે. આ નિમણૂક અંગે સ્કેનલોને જણાવ્યું હતું કે, વનતારા હવે કુદરતી નિવાસસ્થાન બહાર રેસ્ક્યુ કરવા ઉપરાંત ભારત સહિત અન્ય દેશોમાં પ્રાણીઓને તેમના કુદરતી નિવાસસ્થાનમાં જ સહયોગ આપવા પર વધુ ધ્યાન કેન્દ્રિત કરશે.

ઉલ્લેખનીય છે કે, જોન ઈ. સ્કેનલોનને વન્યજીવ સંરક્ષણ માટે ૨૦૧૯માં 'ઓફિસર ઓફ ધ ઓર્ડર ઓફ ઓસ્ટ્રેલિયા' સહિત અનેક આંતરરાષ્ટ્રીય પુરસ્કારો મળેલા છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર અનંત અંબાણી દ્વારા સ્થાપિત 'વનતારા' પ્રાણી કલ્યાણ અને સંવર્ધન ક્ષેત્રે વૈશ્વિક સ્તરે કાર્યરત છે.

### એસજીવીપી હોસ્પિટલના સંયુકત ઉપક્રમે

# દિવ્યાંગ સેવા યજ્ઞ-૪માં ૧૦૦થી વધુ દિવ્યાંગોને વિનામૂલ્યે કૃત્રિમ હાથ પગનું વિતરણ

## રકતદાન કેમ્પમાં ૩૨૫ બોટલ રકત એકત્રીત ૨૦૦થી વધુ દર્દીઓનું વિનામૂલ્ય નિદાન



**અબતક, રાજકોટ**

એસજીવીપી હોલિસ્ટિક હોસ્પિટલ (અમદાવાદ) અને પરમાર્થ નિકેતન (ઋષિકેશ)ના સંયુક્ત આયોજન તથા મહાવીર સેવા સદન (કોલકાતા)ના સહયોગથી 'જ્ઞાનસત્ર ૫૦'ના ઉપક્રમે 'દિવ્યાંગ સેવા યજ્ઞ-૪'નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. ''એક કદમ, અનેક આશાઓ - દિવ્યાંગતા મુક્ત ભારત''ના સંકલ્પ સાથે યોજાયેલા આ કાર્યક્રમમાં ૧૦૦ જેટલા દિવ્યાંગ ભાઈ-બહેનોને નિઃશુલ્ક કૃત્રિમ હાથ-પગનું વિતરણ કરી તેમને સ્વાવલંબી જીવન જીવવાની નવી આશા પૂરી પાડવામાં આવી હતી.

કૃત્રિમ અંગ સહાયઃ ૧૦૦થી વધુ દિવ્યાંગોને નિઃશુલ્ક કૃત્રિમ હાથ-પગ અર્પણ. એસજીવીપીદ્વારા અત્યાર સુધીમાં કુલ ૫૦૦થી વધુ દિવ્યાંગ દર્દીઓને સહાય પૂરી પાડવામાં આવી છે.માનવસેવાના ભાગરૂપે યોજાયેલા રક્તદાન કેમ્પમાં ૩૨૫ બોટલ રક્ત એકત્રિત થયું. ૫ઃ સ્વાસ્થ્ય તપાસ કેમ્પ અંતર્ગત ૨૦૦થી વધુ દર્દીઓનું નિઃશુલ્ક નિદાન કરવામાં આવ્યું.આ સમગ્ર સેવા કાર્યક્રમ એસજીવીપી કેમ્પસના પ્રમુખ ગુરુવર્ય માધવપ્રિયદાસજી સ્વામી તથા પરમાર્થ નિકેતનના પ્રમુખ સ્વામી ચિદાનંદ સરસ્વતીજી મહારાજની પ્રેરણા અને સદ્ગુરુ પુરાણી બાલકૃષ્ણદાસજી સ્વામીના માર્ગદર્શન હેઠળ સંપન્ન થયો હતો. સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ દિવ્યાંગજનોને આત્મનિર્ભર બનાવી સમાજમાં સન્માન અને સમાન તકો અપાવવાનો છે.

### પિરામીડ પબ્લીકેશન દ્વારા

# સનાતન હિન્દુ ધર્મના ૧૬ સંસ્કાર પુસ્તકના મહાનુભાવોએ કર્યા વખાણ



## વ્યસન મુક્ત કેન્સર જાગૃતતા, દિકરીઓના ઉચ્ચ સંસ્કારો વધતા જતા વૃદ્ધાશ્રમો અંગે મહાનુભાવોએ પ્રેરણાત્મક સુચનો આપ્યા

**અબતક, રાજકોટ**

રાજકોટ પિરામિડ પબ્લિકેશન દ્વારા આયોજિત લેખક વિપુલભાઈ પરમારના ૧૬માં પુસ્તક '૧૬ સંસ્કાર' નું અને ૧૬ ઓગસ્ટે લોકાર્પણ અને સન્માન સમારોહ રવિવારે રાજકોટના કાલવાડ રોડ સ્થિત બોલબાલા સેવા સદન ખાતે ભવ્યતાપૂર્વક યોજાઈ ગયો. કાર્યક્રમની શરૂઆત ભકિતમય વાતાવરણમાં પ્રાર્થનાથી કરવામાં આવી હતી.

પુસ્તક વિમોચન પૂર્વે યોજાયેલું દીપ પ્રાગટ્ય કાર્યક્રમનું કેન્દ્રબિંદુ બની રહ્યું. આ અવસરે વિપુલભાઈની અનોખી પરંપરા મુજબ, પ્રથમ જયોત તેમના પૂજનીય માતાના હસ્તે પ્રગટાવવામાં આવી હતી, જે ઉપસ્થિત સૌના દિલ જીતી ગઈ. ત્યારબાદ મંચસ્થ મહાનુભાવો અને ઉપસ્થિત સૌ મહેમાનોએ દીપ પ્રાગટ્યમાં જોડાઈ કાર્યક્રમને મંગલમય શરૂઆત આપી હતી.

મંચસ્થ મહાનુભાવો દ્વારા પ્રેરણાદાયક વક્તવ્યો:

કાર્યક્રમમાં પધારેલા અતિથિ વિશેષોએ ભારતીય સંસ્કૃતિમાં સંસ્કારના મહત્વ અને વિપુલભાઈના સાહિત્યિક યોગદાનને બિરદાવ્યું.

નલિનભાઈ ઝવેરી (પ્રમુખ, સૌરાષ્ટ્ર-કચ્છ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ): તેમણે તારીખ ૧૬, ૧૬ સંસ્કાર પુસ્તક અને વિપુલભાઈના ૧૬માં પુસ્તકના અનોખા ત્રિવેણી સંગમનો ઉલ્લેખ કર્યો. તેમણે વિપુલભાઈના બાળપણના સ્મરણો તાજા કર્યા અને માતૃપ્રેમ તથા સંસ્કારોના દાખલા આપી કહ્યું કે આવા જ લોકો સંસ્કાર જેવા વિષય પર લેખન કરી શકે. યશવંત સાહેબે કહેલું કે પુસ્તક વિનાના ઘરમાં દીકરી ન દેવાય આવી કહેવત છે,આજના સમયમાં વધતા વૃદ્ધાશ્રમો વિશે વાત કરી સંસ્કારના અભાવ પ્રત્યે ચિંતા વ્યક્ત કરી હતી.

જયેશભાઈ ઉપાધ્યાય (પ્રમુખ, બોલબાલા ચેરિટેબલ ટ્રસ્ટ): તેમણે સંસ્કાર જીવનના ઘડતરમાં મહત્વના હોવાથી આ પુસ્તકને સમયની માંગ ગણાવી હતી. કાર્યક્રમમાં અન્ય ઉપસ્થિત અતિથિ વિશેષો તરીકે પૂર્વ સાંસદ રામભાઈ મોકરીયા, સૂરગમ ક્લબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા, મશીન ટૂલ્સ એસોસિએશનના પ્રમુખ યોગીનભાઈ છનીયારા, અને ગિરિરાજ હોસ્પિટલના રમેશભાઈ ઠક્કર પણ ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમ દરમ્યાન અલગ અલગ સંસ્થા દ્વારા જેમ કે સનાતન ધર્મ સમિતિ ના સંચાલક હર્ષિલ શાહ અને તેના ગ્રુપ દ્વારા, સી . જે.ગ્રુપના ચિરાગ ભાઈ અને તેની ટીવ સાર્વજનિક જનકલ્યાણ સેવા સમિતિના ઉમેશભાઈ મહેતા વગેરે સંસ્થાઓ એ. મોમેન્ટો અને પુષ્પગુચ્છ થી સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ચંદ્રકાંત બક્ષી સાહિત્ય વળતુળના સંયોજક હરનેશ સોલંકી, તેની ટીમ પણ ઉપસ્થિત હતી સાથે સાથે ઘણી સંસ્થાઓના પ્રમુખોની પણ ઉપસ્થિત હતી.

# જન્માષ્ટમી મહોત્સવ સમિતિ દ્વારા આવતીકાલે ભવ્ય તાવા પ્રસાદ અને શીલ્ડ વિતરણ કાર્યક્રમ

## આવતીકાલે બીએપીએસ સ્વામીનારાયણ મંદિર ખાતે થીમ અનાવરણ સાથે વિજેતાઓનું કરાશે સન્માનઃ મહોત્સવની સફળતા માટે 'નિધિ સમિતિ'ની રચના



ડો. મનીષ ગોસાઈ | અજયભાઈ વાડોલીયા | આલાપભાઈ બારાઈ | સુરેશભાઈ પાટીલ | મનીષભાઈ વડેરીયા | લાખાભાઈ કનારા | રવિભાઈ ત્રાપજીયા | અશોકસિંહ ડોડીયા | દિલીપભાઈ સોલંકી | કિરીટસિંહ ડોડીયા | વિપુલભાઈ ગજ્જર | કુલદીપભાઈ વિસાણી | સંજયભાઈ ગોસ્વામી | ચેતનભાઈ આસોદરીયા | રાકેશભાઈ ગોસ્વામી

**અબતક, રાજકોટ**

વિશ્વ હિન્દુ પરિષદ પ્રેરિત જન્માષ્ટમી મહોત્સવ સમિતિ દ્વારા કાલે સાંજે ૬:૩૦ કલાકે બીએપીએસ સ્વામીનારાયણ મંદિર, કાલાવાડ રોડ ખાતે ભવ્ય તાવા પ્રસાદ, થીમ અનાવરણ અને શીલ્ડ વિતરણ કાર્યક્રમ યોજાશે. આ પ્રસંગે ગત વર્ષની સ્પર્ધાઓના વિજેતાઓનું સન્માન કરાશે તથા અપૂર્વમુનિ સ્વામી આશીર્વચન પાઠવશે.

આયોજન અને નાણાકીય સંકલન માટે માર્ગદર્શક સમિતિના સભ્યો માવજીભાઈ ડોડિયાં, નરેન્દ્રભાઈ દવે, ભુપતભાઈ ગોવાણી, હસુભાઈ ભગદેવ, હસુભાઈ ચંદારાણા, શાંતુંભાઈ રૂપારેલીયા, પ્રતાપભાઈ કોટક, વનરાજભાઈ ગરૈયા, નીતેશભાઈ કથિરિયા, અશોકભાઈ મકવાણા, સમિતિ અધ્યક્ષ રાજાભાઈ (વાવડી), ધર્મયાત્રા અધ્યક્ષ ધર્મેન્દ્રસિંહ વાળા, કાર્યકારી અધ્યક્ષ તિર્થરાજસિંહ ગોહિલ, ઈનચાર્જ પરેશભાઈ રુપારેલીયા, સહ ઈન્ચાર્જ કૌશિકભાઈ સરધારા અને ઉપાધ્યક્ષ પ્રફુલભાઈ નડીયાપરાની ઉપસ્થિતિમાં ''નિધિ સમિતિ''ની રચના કરાઈ છે. જેમાં ડો. મનીષ ગોસાઈ, અજયભાઈ વાડોલીયા, આલાપભાઈ બારાઈ, સુરેશભાઈ પાટીલ, કમલેશભાઈ ગમારા, મનીષભાઈ વડેરીયા, લાખાભાઈ કનારા, રવિભાઈ ત્રાપજીયા, અશોકસિંહ ડોડીયા, દિલીપભાઈ સોલંકી, કિરીટસિંહ ડોડીયા, વિપુલભાઈ ગજ્જર, કુલદીપભાઈ વિસાણી, સંજયભાઈ ગોસ્વામી, ચેતનભાઈ આસોદરીયા અને રાકેશભાઈ ગોસ્વામીની નિમણૂક કરાઈ છે. આ કાર્યક્રમને સફળ બનાવવા પ્રાંશુભાઈ હઠી, નારાયણ ઓમ તાવ્યા, પ્રિન્સ જોબનપુત્રા, શિવમ રાઠોડ, સંજયભાઈ ગઢવી, ધ્વનિતભાઈ સરવૈયા, હર્ષભાઈ મુત્રેજા, ધનરાજભાઈ રાઘાણી, કલ્પેશભાઈ લોધા, રાજુભાઈ ઉમરાણીયા, દિલીપભાઈ દવે, પંકજભાઈ તાવ્યા, આનંદભાઈ નેનોજી, યોગેશભાઈ ચોટલીયા, પૂર્વીશભાઈ વડગામા, યોગીભાઈ ત્રિવેદી, જીતુભાઈ કેસુર, પ્રદીપભાઈ ચૌહાણ, મેહુલભાઈ ચૌહાણ અને સમીરભાઈ માનસેતા જહેમત ઉઠાવી રહ્યા છે.

# ઓ. વે. શેઠ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા રવિવારે ''સ્પેસ ક્વિઝ''નું આયોજન

## રાષ્ટ્રીય અવકાશ દિવસ અંતર્ગત આયોજન

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર એજ્યુકેશન ફાઉન્ડેશન અને રાજકોટ મહાનગરપાલિકા સ્થાપિત અને સૌરાષ્ટ્ર એજ્યુકેશન ફાઉન્ડેશન સંચાલિત તેમજ ગુજકોસ્ટ - ગાંધીનગર માન્ય ઓ. વે. શેઠ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર - રાજકોટ દ્વારા રવિવારે સવારે ૯ થી ૧૨ દરમિયાન રિજિયોનલ સાયન્સ સેન્ટર - માધાપર, ઈશ્વરીયા ખાતે ત્રીજા નેશનલ સ્પેસ ડે ની ઉજવણી અન્વયે ભવ્ય ''સ્પેસ ક્વિઝ નું આયોજન કરવામાં આવ્યું છે. ભારતના ચંદ્રયાન -૩ ના સફળ ઉતરાણની સ્મૃતિમાં દર વર્ષે ૨૩ ઓગસ્ટને રાષ્ટ્રીય અવકાશ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ ભવ્ય સફળતાની ત્રીજા વર્ષની ઉજવણીના ભાગરૂપે રાજ્ય સરકારના સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ અન્વયેના ગુજકોસ્ટ- ગાંધીનગર દ્વારા સમગ્ર રાજ્યમાં ''નેશનલ સ્પેસ ડે'' ની ઉજવણી અન્વયે દરેક જિલ્લાના લોક વિજ્ઞાન કેન્દ્રો દ્વારા આ ક્વિઝનું આયોજન થઈ રહ્યું છે. આ સ્પેસ ક્વિઝમાં ધો. ૬ થી ૧૨ ના વિદ્યાર્થીઓ ભાગ લેશે. ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર, પ્રથમ ત્રણ વિજેતાઓને સાયન્સ સીટી -અમદાવાદની પરિવારના અન્ય ચાર સભ્યો સાથે નિઃશુલ્ક મુલાકાત માટેના વાઉચર અને પ્રમાણપત્રો આપવામાં આવશે.

સમગ્ર કાર્યક્રમની સફળતા માટે ઓ. વે. શેઠ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર - રાજકોટ અને રિજિયોનલ સાયન્સ સેન્ટર - માધાપર, ઈશ્વરીયા ની સમગ્ર ટીમ દ્વારા તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે.

# કારખાનેદાર સાથે જમીનના સોદા પેટે રૂ.૩૫ લાખની ઠગાઈ

## ઉપલેટાના ખીરસરા ગામના ખેડૂત ભુપેન્દ્ર માખસણા અને દલાલ મામદ નોયડાએ કાવતરું ઘડી રોડ ટચ જમીન બતાવી રૂ. ૪૨.૫૦ લાખ પડાવ્યા : સુથી પેટેની રકમ પરત આપી બાકીના પૈસાનું બુચ મારી દીધું

**અબતક, રાજકોટ**

રાજકોટના કારખાનેદાર સાથે જમીનના સોદા પેટે ઉપલેટાના ખેડૂત અને દલાલે રૂ. ૩૫ લાખની ઠગાઈ આચરી હતી. ખીરસરા ગામના ખેડૂત અને દલાલે કાવતરું ઘડી કારખાનેદારને રોડ ટચ જમીન બતાવી તેનો સોદો રૂ. ૪૨.૫૦ લાખમાં કરી નાણાં પડાવી લીધા હતા. બાદ દસ્તાવેજ નહિ કરી આપી સુથી પેટે આપેલી રકમ રૂ. ૭.૫૦ લાખ પરત આપી બાકીના નાણાંનું બુચ મારી દેતા કારખાનેદારે ભાયાવદર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

મામલામાં રાજકોટમાં ઈન્દીરા સર્કલ ,શિવ સંગમ, સોસાયટી શેરી નહીં નં.૧ માં રહેતાં નરશીભાઈ ડાયાભાઈ દોંગા (ઉ.વ.૬૫) એ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે ભુપેન્દ્ર કરસન માખસણા અને મામદ ઈસ્માઈલ નોઈડા (રહે બંને ખીરસરા) નું નામ આપતાં ભાયાવદર પોલીસે છેતરપીંડી સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ રાજકોટ સોરઠીયા વાડી-૨ માં વૈભવ ગ્લાસ પ્રોડક્ટ નામે કારખાનું ચલાવે છે. તેમજ ખેતીની ૩૧ વિઘા જમીન કાલાવડ મન ભગત ખીજડીયા ખાતે આવેલ છે. અઢી વર્ષ પહેલા તેમના સાઢુભાઈ રઘુભાઈ વિરડીયા તથા મુકેશભાઈ ઠુંમરએ ત્રણેયને ભાગીદારીમાં જમીન લેવી હોઈ જેથી સાઢુભાઈ રઘુભાઈએ જમીન લે-વેચ દલાલીનું કામ કરતાં મામદ નોયડાનો સંપર્ક કરેલ અને તેઓને જમીન લેવી છે તે બાબતની વાત કરેલ જેથી થોડા દીવસ બાદ મામદએ કહેલ કે, એક મારા ગામમાં નવ વીઘા રોડ ટચ જમીન ધ્યાનમાં છે, તમે જોવા માટે આવો અને ૧ % દલાલી થાશે તેમ વાત કરેલ હતી.જે બાદ ફરીયાદી સહિતના દલાલ મામદભાઈને મળેલ અને તેઓએ કહેલ કે, હું ઘણા સમયથી જમીનનું દલાલી કરૂ છુ, મે ઘણી જમીન લે-વેચ કરાવેલ છે. જે બાદ તેને એક જમીન બતાવેલ, તે જમીનના માલીક હાજર હતા નહિ અને આ જમીન ગમી ગયેલ હોઈ જેથી મામદએ આ જમીનના માલીક ભુપેન્દ્રભાઈ માખસણા પટેલ હોવાનું જણાવેલ અને મોબાઈલમાં વાતચીત કરાવેલ હતી. જમીનના ભાવ બાબતે ચર્ચા થયેલ અને એક વીઘાના રૂ.૬.૮૫ લાખ લેખે જમીનનો મૌખીક સોદો કરેલ હતો.ત્યારબાદ ત્રણેય ભાગીદાર તા. ૦૬/૦૩/૨૦૨૪ ના ખીરસરા ભુપેન્દ્રભાઈની વાડીએ આવેલ અને આ ભુપેન્દ્રભાઈને મળેલ અને તેઓને રોકડા રૂ.૭.૫૦ લાખ સુથી પેટે આપેલ હતા. ત્યારે આ બાબતનું એક કાચુ લખાણ કરેલ હતુ. તેમાં ભુપેન્દ્રભાઈએ ખીરસરા ગામની સર્વે નં. ૪૦/૧ ની આશરે સાડા આઠ વિઘા જમીન વેચાણથી આપેલ છે તેવુ લખાણ કરેલ હતુ. તેમાં બન્ને ભાગીદાર અને ભુપેન્દ્રભાઈ તથા સાક્ષીઓએ સહીઓ કરી આપેલ અને જમીનનો કબ્જો સોપી આપેલ હતો. જેથી આ જમીન આ દલાલ મામદને એક વીઘાના સાડા ચાર હજાર લેખે એક વર્ષ માટે વાવવા આપેલ હતી. અઠવાડીયા બાદ મામદ દલાલનો ફોન આવેલ કે, ભુપેન્દ્રભાઈને સુરતમાં મિલ્કત ખરીદવી છે, જેથી રૂ.૨૦ લાખ મોકલો, આ દલાલ મામદ ઉપર વિશ્વાસ કરી ભાગીદાર સાથે વાતચીત કરી રૂ.૨૦ લાખનું મામદભાઈના નામનું રાજકોટ આર.પી. એન્ટરપ્રાઈઝ આંગડીયા પેઢીમા આંગડીયુ કરેલ હતુ.

બે મહીના ફરીવાર ભુપેન્દ્રભાઈનો ફોન આવેલ કે, મારા ભાઈના પત્નીને ગંભીર બીમારી છે, રૂ.૧૫ લાખની જરૂરીયાત છે, જેથી ફરી સુરત ખાતે આંગડીયુ કરેલ અને તેઓના પૈસા મળી ગયા બાબતે વાતચીત થયેલ હતી. ત્યારબાદ બીજા વર્ષે તે જમીન ખીરસરા ગામના રમેશભાઈ તથા મુંજાભાઈ રબારીને વાવવા આપેલ અને હાલ પણ તેઓ વાવેતર કરે છે. ભુપેન્દ્રભાઈ તથા દલાલ મામદને આ જમીન ખરીદેલ તેના રૂ.૪૨.૫૦ લાખ આપી દીધેલ હોવા છતા દસ્તાવેજ કરી આપતા ના હોય અને આ બન્ને અલગ અલગ બહાના બતાવતા હતા. ત્યારબાદ એક વર્ષ પહેલા સાઢુભાઈ રઘુભાઈ રૂબરૂ ગયેલ તો મામદે કહેલ કે, હવે ભુપેન્દ્રભાઈ દસ્તાવેજ કરી આપશે. તેને રૂ.૭.૫૦ લાખ સુથીના આપેલ તે પરત આપેલ અને તેઓએ કહેલ છે કે તમારા રૂ.૩૫ લાખ મળી ગયેલ છે બાકીના પૈસા તમારે વ્હાઈટમાં ચેકથી આપવાના છે. છેલ્લા છએક મહીનાથી બંને શખ્સો દસ્તાવેજ માટે કહેતા બાદ કહેલ કે હવે તમને દસ્તાવેજ નથી કરી આપવો અને જે લખાણ કરેલ છે તે સુથીના રૂ.૭.૫૦ લાખ પરત આપેલ તેનો વિડીયો ઉતારી લીધેલ છે અને રૂ.૩૫ લાખ મોકલેલ તે આંગડીયામાં અઠવાડીયા ઉપરનું કોઈ રેકર્ડ નથી રહેતુ જેથી હવે દસ્તાવેજ નથી કરી આપવો તેમ કહીં પુર્વ આયોજીત કાવત્રુ રચીને રૂ.૩૫ લાખ આંગડીયા મારફતે પડાવી છેતરપીંડી આચરતાં ફરીયાદ નોંધાવી હતી.

# કુવાડવા-વાંકાનેર ચોકડી નજીકથી ૭૪ હજારના મેફેડ્રોન ડ્રગ્સ સાથે બંધાણી મહાવીર વાળા ઝડપાયો

## સેલ્ફ ડ્રાઈવમાં ભાડેથી કાર મેળવી રાજસ્થાનના સાંચોરથી મનોજ બિશ્નોઈ પાસેથી ૩૫ ગ્રામ ડ્રગ્સ મેળવ્યું : રસ્તામાં ૧૦ ગ્રામ ડ્રગ્સનું પોતે જ સેવન કર્યું

### રાજકોટમાં છૂટકમાં વેપલો કરે તે પૂર્વે જ એસઓજી ત્રાટકી : ૨૪.૯૪૦ ગ્રામ ડ્રગ્સ, કાર મળી રૂ.૭.૮૯ લાખનો મુદ્દામાલ કબ્જે



**અબતક, રાજકોટ**

શહેરની ભાગોળે આવેલ કુવાડવા-વાંકાનેર ચોકડી નજીકથી ૭૪ હજારના મેફેડ્રોન ડ્રગ્સ સાથે હત્યાના આરોપી મહાવીરસિંહ વાળાને એસઓજી ટીમે દબોચી લીધો હતો. સેલ્ફ ડ્રાયવમાં ભાડેથી કાર મેળવી રાજસ્થાનના સાંચોર જિલ્લાના સપ્લાયર મનોજ બિશ્નોઈ પાસેથી ૩૫ ગ્રામ ડ્રગ્સ મેળવી તેમાંથી આશરે ૧૦ ગ્રામ ડ્રગ્સનું સેવન આરોપી પોતે જ કરી ગયો હતો. બાકીના જથ્થાનું છૂટકમાં વેંપલો કરે તે પૂર્વે જ એસઓજીએ મહાવીરસિંહ વાળાને દબોચી રૂ. ૭.૮૯ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશનર ચૈતન્ય મંડલીક, ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા અને એસીપી ક્રાઈમ ભરત બસિયા દ્વારા રાજકોટ શહેરી વિસ્તારમાં યુવાધનને નશાના રવાડે ચડતા અટકાવવા 'સે નો ટુ ડ્રગ્સ' મિશન અંતર્ગત નાર્કોટિકસ પદાર્થોનું ખરીદ-વેચાણ કે સેવન કરતાં શખ્સો વિરુદ્ધ કાયદેસરની કડક કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી હતી. જે સૂચના અનુસંધાને એસઓજી પીઆઈ એન બી ચૌધરીના માર્ગદર્શન હેઠળની ટીમો પેટ્રોલિંગમાં હતી. દરમિયાન પીએસઆઈ એમ વી જાડેજાની ટીમના હેડ કોન્સ્ટેબલ હરદેવસિંહ જાડેજા, યોગરાજસિંહ ગોહિલ અને ધર્મેન્દ્રસિંહ ઝાલાને સંયુક્ત રીતે બાતમી મળી હતી કે, મહાવીરસિંહ ઉર્ફે કાઠી જોરૂભા વાળા નામનો શખ્સ સફેદ કલરની બલેનો કાર જેના રજી. નંબર જીજે૦૩ પીએમ૫૪૪૫ લઈને થોડીવારમાં કુવાડવા-વાંકાનેર ચોકડી ખાતે ભગીરથ એસોસિયેટ પ્રાઈવેટ લિમિટેડ બેઝ કંપની સામે આવવાનો છે અને તેના કબજામાં એમડી ડ્રગ્સનો જથ્થો છે. જે હકીકત મળતાની સાથે એસોજીની ટીમે કુવાડવા-વાંકાનેર ચોકડી ખાતે વોચ ગોઠવી હતી. દરમ્યાન બાતમીવાળી બલેનો કાર પસાર થતા પોલીસની ટીમે બલેનો કારને અટકાવી કોર્ડન કરી ચાલક મહાવીરસિંહને બહાર ઉતારી અંગજડતી કરતા તેના કબજામાંથી રૂ. ૭૪,૮૨૦ ની કિંમતનો ૨૪.૯૪૦ ગ્રામનો જથ્થો મળી આવ્યો હતો. જેથી પોલીસની ટીમે ડ્રગ્સ, મોબાઈલ, કાર મળી કુલ રૂ.૭,૮૯,૮૨૦ મુદ્દામાલ કબજે કરી મહાવીરસિંહ ઉર્ફે કાઠી ઉર્ફે મહાવીર જોરૂભા વાળા (ઉવ ૨૭ રહે. સૂર્યોદય કોપરેટીવ હાઉસિંગ સોસાયટી શેરી નં.-૧, કોઠારીયા રોડ,રાજકોટ)ની ધરપકડ કરી હતી. પોલીસની પ્રાથમિક પૂછપરછમાં મહાવીર કાઠી ચાર દિવસ પૂર્વે સેલ્ફ ડ્રાયવમાં ભાડેથી કાર મેળવી રાજસ્થાન ગયો હતો. ત્યાંથી તેણે સાંચોર જિલ્લાના મનોજ બિશ્નોઈ નામના શખ્સ પાસેથી આશરે ૩૫ ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સનો જથ્થો મેળવ્યો હતો. બાદમાં મહાવીર કાઠી પોતે પણ ડ્રગ્સનો બંધાણી હોય તેણે ૧૦ ગ્રામ જેટલો ડ્રગ્સનું પોતે જ સેવન કરી લીધું હતું. અહીં આવી તે છૂટકમાં વેપલો કરી રોકડી કરે તે પૂર્વે એસોજીની ટીમે દરોડો પાડી મહાવીર કાઠીને ડ્રગ્સ સાથે ઝડપી પાડ્યો હતો. ઉલ્લેખનીય છે કે, મહાવીર કાઠી તાજેતરમાં જ હત્યાના ગુનામાં જામીન પર જેલમુક્ત થયો હતો. તેના વિરુદ્ધ હત્યા ઉપરાંત મારામારી, એટ્રોસિટી, ઠગાઈ સહિતના ત્રણ ગુના રાજકોટ અને અમદાવાદમાં નોંધાયેલ હોવાનું સામે આવ્યું છે.

# શોખીન તસ્કરો : સ્પોર્ટ્સ બાઈકની ચોરી કરતી રાજસ્થાની ગેંગ ઝબ્બે

## ગાંધીગ્રામ પોલીસે ચોરીના સ્થળોએ વોચ ગોઠવી ચાર શખ્સોની ટોળકીને રૂ. ૧.૬૦ લાખની કિંમતના ત્રણ બાઈક કબ્જે કર્યા



**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરમાંથી સ્પોર્ટ્સ બાઈકની ચોરી કરતી રાજસ્થાની ગેંગ ઝડપાઈ છે. મોડી રાત્રે રેકી કરી પાર્ક કરેલી સ્પોર્ટ્સ બાઈક ઉઠાવી જતી રાજસ્થાની ટોળકીના ચાર શખ્સોને ગાંધીગ્રામ પોલીસે દબોચી રૂ. ૧.૬૦ લાખની કિંમતના ત્રણ બાઈક કબ્જે કર્યા હતા.

પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશનર ચૈતન્ય માંડલિક, ડીસીપી ઝોન-૨ રાકેશ દેસાઈ અને એસીપી આર.એસ. બારીઆની સૂચના અને ગાંધીગ્રામ પોલીસ મથકના પીઆઇ એચ.પી. ગઢવીના માર્ગદર્શન હેઠળ ગાંધીગ્રામ પોલીસનો ડી સ્ટાફની ટીમ મિલકત સંબંધી ગુના શોધવા પેટ્રોલિંગમાં હતી. શહેરમાં જ્યાં વારંવાર વાહનચોરીના બનાવો બનતા હતા ત્યાં ડિકોય ગોઠવી તેમજ ખાનગી બાતમીદારો મારફતે ચોરોને ઝડપી લેવા પ્રયાસો ચાલી રહ્યા હતા. દરમિયાન બાતમીના આધારે રાજસ્થાની ગેંગના ચાર શખ્સોને શંકાસ્પદ હાલતમાં ઝડપી લીધા હતાં.

પકડાયેલા શખસોના નામ કમલકિશોર પુનમચંદ ગરાસીયા (ઉ.વ.૨૦), રાહુલ મગનલાલ કટારા (ઉ.વ.૨૦), પ્રવિણકુમાર મંગલસિંહ કટારા (ઉ.વ.૨૦) અને રોહિતભાઈ સંતુલાલ પારધી (ઉ.વ.૨૧) (રહે. ચારેય રાજકોટના રૈયા ચોકડી નજીક જનતા ડેરી પાસે પટ્ટામાં, મૂળ ગંગાતલાઈ જિ. બાંસવાડા, રાજસ્થાન) હોવાનું માલુમ પડ્યું હતું.

પોલીસે આરોપીઓ પાસેથી યામાહા આર ૧૫, નં. જીજે-૦૪-ડીએમ-૨૭૫૨, કિંમત રૂ.૧ લાખ, કેટીએમ આરસી ૧૨૫, નં. GJ-03-LK-2772, કિંમત રૂ.૪૦ હજાર અને હીરો સ્પ્લેન્ડર, નંબર જીજે -૧૩-એસ -૨૫૯૪, કિંમત રૂ.૨૦ હજાર મળી કુલ રૂ.૧.૬૦ લાખની ત્રણ બાઈક કબજે કરી ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનના બે તથા યુનિવર્સિટી પોલીસ સ્ટેશનનો એક મળી કુલ ત્રણ ગુનાના ભેદ ઉકેલયા છે.

આ કામગીરીમાં પીઆઇ એચ.પી. ગઢવી, પીએસઆઇ એસ.વી. ગોહીલ, એએસઆઇ ચેતનસિંહ ગોહીલ, હેડ કોન્સ્ટેબલ રવીભાઇ ગઢવી, રોહિતદાન ગઢવી, ભવદીપસિંહ ગોહીલ, શબ્બીરખાન મલેક તથા પોલીસ કોન્સ્ટેબલ રઘુવીરસિંહ જાડેજા, વિપુલભાઈ ગઢવી, જયદેવસિંહ પરમાર, ચાંદદીપસિંહ જાડેજા, પ્રશાંતભાઈ ગજેરા, કૌશિકભાઈ ડાંગર અને હોમગાર્ડ હરદીપસિંહ જાડેજા સાથે રહ્યા હતાં.

### પગપાળા રેકી કરી, હેન્ડલ લોક વિનાના વાહનોને ટાર્ગેટ કરતા, નંબર પ્લેટ કાઢી બાઈક રાજસ્થાન લઈ જતાં

વાહન ચોરતી રાજસ્થાની ગેંગએ પોલીસની પૂછપરછમાં પોતાની મોડસ ઓપરેન્ડી અંગે કબૂલાત આપી હતી કે, આરોપીઓ મોડી રાત્રે શહેરમાં અલગ-અલગ શેરીઓમાં પગપાળા ફરી રેકી કરતા હતા. જાહેર રોડ પર હેન્ડલ લોક વગરની સ્પોર્ટ્સ બાઈક પાર્ક કરેલી નજરે પડે તો તેની ચોરી કરી નંબર પ્લેટ કાઢી નાખતા અને બાઈક પોતાના વતન રાજસ્થાન લઈ જતા હતા. તસ્કર ગેંગના કમલકિશોર સામે અગાઉ એક ગુનો નોંધાઈ ચૂકયો છે. વધુમાં પોલીસે જણાવ્યું હતું કે, આ ત્રિપુટીની પુછતાછ કરતા તે રાજસ્થાનથી મજુરી કામ માટે રાજકોટ આવતા હતાં. બાદમાં તેમને જયારે વતન જવું હોય ત્યારે તે બાઈક ચોરી કરતા હતા. ખાસ કરીને સ્પોર્ટસ બાઈક ચોરી કરતા કારણ બાદમાં તે આ બાઈક લઈ પોતાના વતન જઈ સીનસપાટા કરતા હતાં.

# પુત્રની ફી, ઘરખર્ચ નહિ ચૂકવી માતા-પુત્રને ઘરમાંથી નીકળી જવા પતિ એ દબાણ કર્યું

## નાની નાની વાતમાં માથાકૂટ કરી મારકૂટ કરતો, ખૂનની ધમકી આપતાં પરિણીતાએ અંતે ફરિયાદ નોંધાવી

**અબતક, રાજકોટ**

કોઠારીયા ગામે પંચનાથ રીયલ હોમ સોસાયટીમાં રહેતી પરિણીતાને પતિએ ત્રાસ આપ્યો હતો. દીકરાની ફી, ઘરખર્ચ નહિ ચૂકવી પતિ માતા-પુત્રને ઘરમાંથી નીકળી જવાનું કહેતો હતો. વધુમાં મારકુટ કરી ખૂનની ધમકી આપતાં અંતે પરિણીતાએ પતિ વિરુદ્ધ આજીડેમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

કોઠારીયા ગામમાં પંચનાથ રીયલ હોમ સોસાયટી શેરી નંબર ૨ મકાન નંબર ૧૮ માં રહેતા માલતી ઉર્ફે માનસીબેન (ઉ.વ. ૪૩) નામના પરિણીતાએ આજીડેમ પોલીસ સ્ટેશનમાં નોધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે પતિ દામોદર વિરજીભાઈ સાંગાણી (ઉ.વ. ૪૩) નું નામ આપ્યું છે. પરિણીતાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેના પિતા નામદેવભાઈ પાંડુરંગભાઈ પાટીલનું ૧૨ વર્ષ પૂર્વે અવસાન થયું છે. લગ્ન પૂર્વે ફરિયાદી પરિવાર સાથે અમદાવાદ રહેતા હતા અને પરિસ્થિતિ નબળી હોય જેથી પિતાના પરિચિત મારફતે તેના લગ્ન વર્ષ ૨૦૧૨માં દામોદર સાંગાણી સાથે થયા હતા. પતિ મૂળ ધોરાજીના ભાડેર ગામના વતની છે. સાસુ-સસરા ગામડે રહે છે પરિણીતાને સંતાનમાં ૧૨ વર્ષનો પુત્ર હિત છે.

ફરિયાદમાં વધુમાં જણાવ્યું હતું કે, પરિણીતાનો પતિ દામોદર ફર્નિચરનો ધંધો કરે છે લગ્નના થોડા સમય બાદથી પતિ નાની મોટી બાબતે ઝઘડા કરતો હતો. જેના લીધે ઘરકંકાસ થતો હોય બધાના સમજાવવા છતાં તે શાંતિથી રહેતો ન હોય અને દીકરાની ફી, ઘર ખર્ચ પણ પૂરો પાડતો ન હતો. આ બાબતે પરિણીતા કંઈ કહે તો માતા-પુત્રને ઘરેથી નીકળી જવા કહેતો હતો.

પાંચેક મહિના પૂર્વે પતિ ઘરેથી કહ્યા વગર નીકળી ગયો હતો ત્યારબાદ આશરે બે મહિના પહેલા પરત આવતા પરિણીતાએ ઘરેથી જવાનું કારણ પૂછતા ઉશ્કેરાય ઢીકાપાટુનો માર મારવા લાગ્યો હતો. બાદમાં ગઈ તા. ૧૩-૮-૨૦૨૬ ના સવારના સમયે દીકરાની ફી ભરવાની હોય અને દૂધ વાળાના પૈસા આપવાના હોય માટે પતિ પાસે પૈસાની માંગણી કરતા તે ગાળો આપવા લાગ્યો હતો અને ફરી ઢીકાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપતા પરિણીતા ડરીને પોલીસ સ્ટેશન પહોંચી અરજી કરી હતી.

બાદમાં ઘરે જતા પતિ ઘરને તાળું મારી જતો રહ્યો હતો આખો દિવસ પરિણીતા અને તેનો પુત્ર ઘર બહાર બેસી રહ્યા હતા. જેથી પાડોશીઓએ જમવાનું આપ્યું હતું. આમ પતિ અવારનવાર શારીરિક માનસિક ત્રાસ આપતો હોય અને જાનથી મારી નાખવાની ધમકી આપતો હોય અંતે પરિણીતાએ આ ફરિયાદ નોંધાવી હતી. આ અંગે વધુ તપાસ એએસઆઈ એચ.વી.મારવણીયા ચલાવી રહ્યા છે.


**પશ્ચિમ રેલવે**
**રાજકોટ ડિવિઝન**

**ડેટા એન્ટ્રી ઓપરેટરનું સંપાદન**

ટેન્ડર નોટીસ નં. ડીઆરએમ/આરજેટી/ઈ-ટેન્ડર/૨૦૨૬-૨૦૨૭/૨૫ (ઈએલ) તારીખ : ૧૯.૦૮.૨૦૨૬

**(i) કામનું નામઃ** રાજકોટ ડિવિઝનઃ હાપા, ઓખા અને રાજકોટ ડેપો માટે ૨ વર્ષ માટે ડેટા એન્ટ્રી ઓપરેટર સંપાદિત કરવાનું કામ. **(ii) અંદાજિત પડતરઃ** ₹ ૪૫,૭૩,૦૮૯.૨૦/- **(iii) ઈએમડી પડતરઃ** ₹ ૯૧,૫૦૦/- **(iv) ઓનલાઈન અરજી કરવાની તારીખ અને સમયઃ** તા.૧૦-૦૯-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાક સુધી **(v) ઓફિસનું સરનામું :** ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ-૩૬૦૦૦૧. **વેબસાઈટ વિગતઃ** www.ireps.gov.in RJT-119

અમને ફોલો કરો: 𝕏 x.com/WesternRly


નં.જન્મ/મરણ પરચુરણ અરજી/કેસ નં. ૯૭ /૨૦૨૬

શ્રી પંપાણીયા સાજણબેન મેણસીભાઈ
રહે, આજોઠા, મુ.તા.વેરાવળ જિ.ગીર સોમનાથ. ..........અરજદાર

**વિરુદ્ધ**

તલાટી કમ મંત્રીશ્રી,
જન્મ-મરણ નોંધણી અધિકારી,
ગ્રામ પંચાયત કચેરી, આજોઠા, તા.વેરાવળ. ..........સામાવાળા

**બાબતઃ- જન્મ મરણ નોંધણી ધારા કલમ-૧૩(૩) મજબ જન્મ નોંધનો હક્મ થવા અંગે**

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, આ કામનાં ઉપર લખેલા અરજદારે અત્રેની કોર્ટમાં જન્મ/મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) હેઠળ અરજી લાવી અરજદારશ્રીએ તેઓનો જન્મ આજોઠા, તા.વેરાવળ મુકામે તા.૧૪/૧૨/૧૯૯૧ ના રોજ થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની ગ્રામ પંચાયત કચેરી, આજોઠા, તા.વેરાવળમાં જન્મ-મરણ રજીસ્ટરે શરતચુકથી લખવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે તો સદર જન્મ નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-30 માં લેખિતમાં વાંધો રજુ કરવો લેખિતમાં વાંધો રજુ ન થયેથી વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો, આ કામના સામાવાળા જન્મ અંગેની નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૮/૦૮/૨૦૨૬ ના રોજ બપોરના ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર તથા આધાર પુરાવા સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૫/૦૮ /૨૦૨૬ના રોજ મારી સહી તથા સિકકો કરીને આપ્યા.

મામલતદાર અને
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
વેરાવળ (ગ્રામ્ય)

## રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.

**પ્રતિકાત્મક (Symbolic) કબજા નોટીસ (સ્થાવર મિલ્કત માટે)**

રજી. અને હેડ ઓફિસ : 'અરવિંદભાઈ મણીઆર નાગરિક સેવાલય', ૧૫૦' રીંગ રોડ, રૈયા સર્કલ પાસે, રાજકોટ. ફોન : ૨૫૫૫૫૫૫૫

અમો અધિકૃત અધિકારી, રાજકોટ નાગરિક સહકારી બેંક લી., રાજકોટ આ જાહેર નોટીસ ધ્વારા જણાવીએ છીએ કે નીચે દર્શાવેલ લોન ખાતેદારે તેમના નામ સામે દર્શાવેલ અમારી શાખા માંથી લોન લીધેલ છે. આ લોનની વિગત તેમના નામ સામે નીચે મુજબ દર્શાવેલ છે આ લોન ખાતેદારે લોનના હપ્તા નિયમિત રીતે ભરપાઈ ન કરતાં તેઓનું ખાતુ એન. પી. એ. થતાં તેઓને તેમજ તેમના જામીનોને ' ધી સિકયુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ અસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ ની કલમ ૧૩(૨) હેઠળ નોટીસ ઈસ્યુ કરીને **૬૦ દિવસની** મુદતમાં તેઓએ લીધેલ લોનની રકમ ચડત વ્યાજ વિગેરે સહિત ભરપાઈ કરી જવા જણાવેલ પરંતુ બોરોઅર નોટીસ મુજબ રકમ ભરપાઈ કરવામાં નિશ્ફળ ગયેલ હોવાથી અમોએ ઉપરોકત કાયદાની કલમ ૧૩(૪) અન્વયે તથા સીકયોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના **રૂલ-૮(૧)** સાથે વંચાણે લેતા મળેલ અધિકારની રૂએ તેમની મિલ્કત કે જેનું વર્ણન નીચે દર્શાવેલ છે તેનો નીચેની તારીખે **પ્રતિકાત્મક** (Symbolic) કબ્જો લીધેલ છે. તેની કરજદાર, જામીનો તેમજ જાહેર જનતાને જાણ કરવામાં આવે છે. ઉપરાંત આ કરજદારો, તેમના જામીનો તથા જાહેર જનતાને સજાગ કરવામાં આવે છે કે નીચે દર્શાવેલ મિલકતો સંબંધમાં કોઈપણ જાતનો વ્યવહાર કરવો નહિં, તેમ છતાં જો કરવામાં આવશે તો તે રાજકોટ નાગરિક સહકારી બેન્ક લિ.,ને નીચે મુજબની લેણી રકમ તથા તે ઉપર **તા.૨૭/૦૭/૨૦૨૬** થી ચડતા વ્યાજ વિગેરેના બોજાને આધિન રહેશે.

| શાખાનું નામ તથા ખાતા નંબર | ખાતેદાર/જામીન/ડીરેકટર/ભાગીદારોના નામ તથા જો જાહેર નોટીસ પ્રસિદ્ધ કરાવેલ હોય તો કંઈ તારીખે અને કયાં અખબારમાં આપેલ છે તેની વિગત | ૧૩(૨) ની નોટીસ મુજબ બેંકની લેણી રકમ તથા નોટીસ તારીખ | પ્રતિકાત્મક (Symbolic) કબ્જા તારીખ | બાકી રકમ (૨૭/૦૭/૨૦૨૬ ના રોજ) |
|---|---|---|---|---|
| મવડી પ્લોટ ૦૧૮૦૮૫૬૦૦૦૦૦૨૩૧ (SEC-5349) | ખાતેદાર :- કોંઢીયા પ્રતિક યોગેશભાઈ જામીન :- ભંભલાણી નરેશકુમાર લીલારામભાઈ | રૂા.૪,૫૫,૦૮૯=૩૦ (તા.૨૭/૦૪/૨૦૨૬ મુજબ) ૧૩(૨) નોટીસ તારીખ ૨૭/૦૫/૨૦૨૬ | ૧૯/૦૮/૨૦૨૬ | રૂા. ૪,૪૯,૧૭૮=૩૦ |
| મવડી પ્લોટ ૦૧૮૦૮૫૬૦૦૦૦૦૨૩૩ (SEC-5350) | ખાતેદાર :- સરવૈયા દિક્ષા જગદીશભાઈ જામીન :- ભંભલાણી નરેશકુમાર લીલારામભાઈ | રૂા.૪,૫૫,૧૮૭=૩૦ (તા.૨૭/૦૪/૨૦૨૬ મુજબ) ૧૩(૨) નોટીસ તારીખ ૨૭/૦૫/૨૦૨૬ | ૧૯/૦૮/૨૦૨૬ | રૂા. ૪,૪૯,૨૮૦=૩૦ |
| મવડી પ્લોટ ૦૧૮૦૭૧૭૦૨૦૦૨૨૪૨ (SEC-5351) | ખાતેદાર :- રાવલ નિરાલી ફુલશંકર જામીન :- (૧) ભંભલાણી નરેશકુમાર લીલારામભાઈ (૨) સરવૈયા દિક્ષા જગદીશભાઈ | રૂા.૧૪,૯૮,૫૦૫=૬૦ (તા.૨૭/૦૪/૨૦૨૬ મુજબ) ૧૩(૨) નોટીસ તારીખ ૨૭/૦૫/૨૦૨૬ | ૧૯/૦૮/૨૦૨૬ | રૂા. ૧૫,૨૦,૧૩૬=૬૦ |

**તારણમાં આપેલ મિલ્કતનું ટુંકુ વર્ણન**

(૧) ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટ સબ ડીસ્ટ્રીકટ રાજકોટ, શહેર રાજકોટના સીટી સર્વે વોર્ડ નં. ૧૫, સીટી સર્વે નં. ૨૭૨૯, રેવન્યુ સર્વે નં.૪૩૩-૨ પૈકીની બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરી વાળી જમીનના પ્લોટસ પૈકી સબ પ્લોટ નં. ૧૨૭-૫ પૈકી સબ પ્લોટ નં. ૩ પૈકીની જમીન ઉપર બાંધવામાં આવેલ "રાધા ચેમ્બર્સ" ના નામથી ઓળખાતા બીલ્ડીંગ માંહેથી ગ્રાઉન્ડ ફલોરમાં આવેલ દુકાન નં. ૩ નો બીલ્ટઅપ એરીયા ચો.ફુ.આ. ૧૪૧-૯, બરાબર ચો.મી.આ. ૧૩-૧૬ વાળી દુકાન જે રજીસ્ટર્ડ બીનઅવેજી રીલીઝ ડીડ અનુક્રમ નં. ૫૦૩૦, તા.૨૭/૦૮/૨૦૧૩ અને ૧૫ માં એડી. સીનીયર સીવીલ જજ રાજકોટના કોર્ટના વારસા સર્ટીફીકેટ સીવીલ મીસ. એપ્લીકેશન નં. ૩૫૩/૨૦૧૨, તા.૦૩/૧૨/૨૦૧૨ થી નરેશભાઈ લીલારામભાઈ ભંભલાણીના નામે છે તે મિલ્કત.

(૨) બાકીદારનો માલ સ્ટોક, મશીનરી, ફર્નીચર, ફિકસચર્સ વગેરે.

તા. ૨૦-૦૮-૨૦૨૬, રાજકોટ — અધિકૃત અધિકારી, રાજકોટ નાગરિક સહકારી બેન્ક લિ., હેડ ઓફીસ, રિકવરી વિભાગ, રાજકોટ.

તંત્રી લેખ

# દેશની આંતરિક-બાહ્ય સુરક્ષા માટેની અસરકારક "શાહી" કવાયત

દેશની આંતરિક અને બાહ્ય સુરક્ષાને મજબૂત કરવા કવાયત ચાલી રહી છે.કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ દ્વારા વિદેશની આંતરિક અને બાહ્ય સુરક્ષાને ''સંગીન ''બનાવવાના લાંબા ગાળાના પ્રયાસો હવે અસરકારક રીતે સફળ થઈ રહ્યા છે. પુર્વીય રાજ્યોના વર્ષો જુના નક્સલવાદનો ૨૦૨૬ સુધીમાં સંપૂર્ણ ખાતમો બોલાવવાનો પ્લાન હવે પૂર્ણતાને આરે છે .નક્સલીઓને પકડીને જેલમાં નાખવાને બદલે સામાજિક જાગૃતિ સાથે યુવાનોને મુખ્ય પ્રવાહમાં જોડવાની કવાયત પણ અસરકારક રીતે આગળ વધી રહી છે.પૂર્વના રાજ્યમાં નકસલવાદ વિચારધારા શૂન્યતર બનાવવાની સાથે સાથે હવે ગૃહ મંત્રી અમિત શાહની નજર સરહદી એ સુરક્ષા પર સ્થિર થઈ છે આજથી પશ્ચિમ બંગાળની સરહદી સુરક્ષા માટે બેઠકોનો દોર શરૂ થયો છે,દેશની આંતરિક સુરક્ષાને વધુ મજબૂત બનાવવા માટે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ દ્વારા લેવામાં આવી રહેલા નિર્ણયિક પગલાં અત્યંત સરાહનીય છે. એક તરફ પૂર્વોત્તરના રાજ્યોમાંથી દાયકાઓ જૂના નક્સલવાદ અને ઉગ્રવાદને જડમૂળમાંથી નાબૂદ કરવા માટે નિર્ણાયિક અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે, તો બીજી તરફ પશ્ચિમ બંગાળ સહિતની સંવેદનશીલ સરહદો પર સુરક્ષા વ્યવસ્થાને વધુ સઘન બનાવવામાં આવી રહી છે.

આંતરિક સુરક્ષા અને બાહ્ય સુરક્ષા બંને એકબીજા સાથે ગાઢ રીતે જોડાયેલા છે. જ્યારે દેશની આંતરિક શાંતિ ડહોળવાના પ્રયાસો દેશી કે વિદેશી તાકાતો દ્વારા થાય છે, ત્યારે કડક આંતરિક સુરક્ષાની નીતિ જ દેશના દુશ્મનોને યોગ્ય જડબાતોડ જવાબ આપી શકે છે. પશ્ચિમ બંગાળ સરહદ પર ઘૂસણખોરી, ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અને રાષ્ટ્રવિરોધી તત્વોની ગતિવિધિઓ પર ચાંપતી નજર રાખવી રાષ્ટ્રીય સુરક્ષા માટે અનિવાર્ય છે.

સરકારના આ બેવડા અભિગમથી માત્ર દેશની આંતરિક અસ્થિરતાનો અંત આવી રહ્યો છે તેવું નથી, પરંતુ સરહદ પારથી થતા નાપાક ઈરાદાઓને પણ નિષ્ફળ બનાવવામાં આવી રહ્યા છે. સુરક્ષા એજન્સીઓ વચ્ચેનો સમન્વય અને ટેકનોલોજી આધારિત સર્વેલન્સ દ્વારા દેશના દુશ્મનો પર કડક લગામ કસી શકાય છે.

આ મજબૂત સુરક્ષા કવાયતથી દેશની અખંડિતતા, સાર્વભૌમત્વ અને નાગરિકોની સલામતી સુનિશ્ચિત થાય છે, જે આત્મનિર્ભર અને સુરક્ષિત ભારતના નિર્માણ માટે પાયાની જરૂરિયાત છે.

### ડિવાઈન રિહેબિલિટેશન સેન્ટર દ્વારા

# સોમવારથી બુધવાર સુધી સાંભળવાની તકલીફની તપાસ માટે નિઃશુલ્ક કેમ્પ

**અબતક, રાજકોટ**

એપેક્ષ હિયરિંગ એન્ડ સ્પીચ કિલનિક અને ડિવાઈન રિહેબિલિટેશન સેન્ટર - રાજકોટ દ્વારા સાંભળવાની તપાસ માટે વિશેષ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. કેમ્પનો મુખ્ય ઉદ્દેશ સાંભળવાની તકલીફ ધરાવતા બાળકો, વડીલો અને અન્ય વ્યકિતઓને સમયસર સાંભળવાની તપાસ તથા યોગ્ય માર્ગદર્શન ઉપલબ્ધ કરાવવાનો છે. કેમ્પમાં નિઃશુલ્ક સાંભળવાની તપાસ પણ કરવામાં આવશે. લાંબા સમયથી ઓછું સંભળાવું, વાતચીત દરમિયાન વારંવાર પુછવું પડે, ટીવી કે મોબાઈલનો અવાજ વધુ રાખવો પડે અથવા અન્ય વ્યકિતની વાત સમજવામાં મુશ્કેલી પડતી હોય તેવી વ્યક્તિઓને સાંભળવાની તપાસ કરાવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે.

કેમ્પ અંતર્ગત હિયરિંગ એઈડ્સની (શ્રવણયંત્રની) ખરીદી પર વિશેષ ડિસ્કાઉન્ટ અને ખાસ ઓફર પણ ઉપલબ્ધ રહેશે. આ સાથે જૂના હિયરિંગ એઈડ્સને (શ્રવણયંત્રને) અપગ્રેડ કરવાની તેમજ રિપેર અને એકસચેન્જની સુવિધા પણ કેમ્પ દરમિયાન ઉપલબ્ધ રહેશે.

આ વિશેષ કેમ્પ સોમવારથી બુધવાર દરમિયાન સવારે ૧૦:૦૦થી સાંજે ૭:૦૦ વાગ્યા સુધી યોજાશે. કેમ્પમાં સાંભળવાની તપાસ તથા હિયરિંગ એઈડ્સ (શ્રવણયંત્ર) સંબંધિત સેવાઓ માટે પહેલાથી એપોઈન્ટમેન્ટ જરૂરી છે. વધુ માહિતી અને એપોઈન્ટમેન્ટ માટે ૯૮૯૮૫ ૬૧033 પર સંપર્ક કરો. સ્થળઃ ડિવાઈન રિહેબિલિટેશન સેન્ટર - ૧૩/૩, જાગનાથ પ્લોટ, કાઠિયાવાડ જીમખાનાની પાછળ, ડો.યાજ્ઞિક રોડ, રાજકોટ રહેશે.

# હિન્દુ આધ્યાત્મિક સેવા સંસ્થાન દ્વારા કાલે રોકાયા વિતરણ અને બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન

**અબતક, રાજકોટ**

હિન્દુ આધ્યાત્મિક સેવા સંસ્થાન વન અને વન્યજીવોનું રક્ષણ,પર્યાવરણ સંરક્ષણ, પારિવારીક અને માનવીય મુલ્યોનુ જતન, નારી સન્માન, રાષ્ટ્રભકિત જાગરણ ની વિચારધારા સાથે કાર્યરત છે.

પર્યાંવરણને ધ્યાનમાં રાખીને બાલાજી મંદિર, કરણસીહજી હાઈસ્કુલ ભુપેન્દ્ર રોડ ખાતે શનીવારે સાંજે ૫:૦૦ કલાકે પરમવીર વંદના સાથે નિશુલ્ક વૃક્ષ / છોડ અને તુલસીના રોપાનુ વિતરણ કરવામાં આવશે.

આ તકે સંતો મહંતો, રાજકીય અગ્રણીઓ; સેવાકીય સંસ્થાઓ તેમજ પ્રતિષ્ઠત નાગરિકો ઉપસ્થિત રહી ભારતમાતાનું પુજન, પરમવીર વંદના સાથે નિશુલ્ક છોડ અને રોપાનું વિતરણ કરાશે.

# પ્રણવ બક્ષી લિખિત 'હનુમાન ચાલીસા' અને 'સુંદરકાંડ' પુસ્તિકાઓનું રવિવારે વિમોચન

## હનુમાન ચાલીસા અને સુંદરકાંડના મુશ્કેલ શબ્દો, ભાવાર્થ અને વૈજ્ઞાનિક વિશ્લેષણ સાથે બે નવી પુસ્તિકાઓનું થશે વિમોચન




**અબતક, રાજકોટ**

પ્રજ્ઞાબેન દિનેશભાઈ બક્ષી પરિવાર દ્વારા લેખક પ્રણવ બક્ષીની બે નવી આધ્યાત્મિક અને સંશોધનાત્મક પુસ્તિકાઓ 'હનુમાન ચાલીસા : મારી સમજણ' અને 'સુંદરકાંડ : મારી સમજણ (મહિમા થી અણીમાં સુધીની યાત્રા)'નું વિમોચન આયોજિત કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં સંતો-મહંતો તેમજ સાહિત્યપ્રેમીઓની ખાસ ઉપસ્થિતિ રહેશે. આ વિમોચન પ્રસંગ રવિવારના રોજ સાંજે ૫:૦૦ કલાકે ન્યુ ઈરા સ્કૂલ, ઓડિટોરીયમ, રૈયા રોડ, ખાતે મુખ્ય અતિથિ અજયભાઈ ડી. પટેલની ગરિમામય ઉપસ્થિતિમાં યોજાશે.આ પુસ્તિકાઓમાં હનુમાન ચાલીસાના મુશ્કેલ શબ્દોના અર્થ, સરળ ભાવાત્મક વર્ણન, કલર ચિત્રો, અષ્ટ સિદ્ધિ-નવ નિધિ અને સંજીવની બુટ્ટી વિશે વૈજ્ઞાનિક વિગતો આવરી લેવાઈ છે. આ સાથે જ સુંદરકાંડમાં દર્શાવેલ પ્રાચીન એકમો, આધુનિક યુદ્ધ સાથેની તુલનાત્મક સામ્યતા અને મહાભારત તથા શ્રીરામના યુદ્ધના સંખ્યાબળનું રસપ્રદ વિશ્લેષણ રજૂ કરાયું છે. લેખકના આ વિશિષ્ટ પ્રયાસને સરાહવા પરિવાર દ્વારા તમામ ધર્મપ્રેમી જનતાને આ શાબ્દિક હનુમંત પ્રસાદનો લાભ લેવા અને કાર્યક્રમમાં હાજર રહેવા ભાવભીનું નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

રૂપિયા. ૭૦ અને રૂપિયા. ૧૦૦ની કિંમત ધરાવતી આ બંને પુસ્તિકાઓ 'સાક્ષાત', રામેશ્વર પાર્ક ૨, શેરી નં. ૫, રૈયા રોડ, રાજકોટ (મો. ૯૪૨૬૯ ૯૬૨૨૬) ખાતેથી વાંચકો માટે સરળતાથી મેળવી શકાશે.

# સૌરાષ્ટ્ર યુનિ.માં ઝવેરચંદ મેઘાણી કેન્દ્ર અને ગુજરાતી ભવન દ્વારા શાંતિભાઈ આચાર્ય પર પરિસંવાદ યોજાયો

## કુલપતિ ડો. ઉત્પલ જોષીની અધ્યક્ષતામાં ગુજરાતી વિષયના ૨૩ નવોદિત અધ્યાપકોનું સન્માન કરાયું



**અબતક, રાજકોટ**

ગુજરાતી ભાષાવિજ્ઞાન અને લોકસાહિત્યના મરમી સદ્ગત શાંતિભાઈ આચાર્યના સમગ્ર પ્રદાન વિશે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર અને ગુજરાતી ભાષા-સાહિત્ય ભવનના સંયુકત ઉપક્રમે મંગળવારના રોજ એક દિવસીય પરિસંવાદનું આયોજન થયું. યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રો.ડો.ઉત્પલભાઈ જોશીની અધ્યક્ષતામાં આ સમગ્ર કાર્યક્રમ યોજાયો.ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્રના નિયામક અને ગુજરાતી ભવનના પ્રોફેસર ડો. જે.એમ.ચંદ્રવાડિયા અને ગુજરાતી ભવનના પ્રોફેસર ડો.દીપક પટેલ દ્વારા આ સમગ્ર કાર્યક્રમના સંયોજકો તરીકેની સફળ ભૂમિકા નિભાવવામાં આવી.આ પરિસંવાદ સાથોસાથ યુનિવર્સિટીના ગુજરાતી ભવનના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ; જે તાજેતરમાં ગુજરાતની વિવિધ કોલેજોમાં અધ્યાપક તરીકે જોડાયા હોય એવા ૨૩ જેટલા નવોદિત અધ્યાપકોના અભિવાદનનો ઉપક્રમ પણ યોજાયો હતો.આ સાથે યુનિવર્સિટી દ્વારા શાંતિભાઈ આચાર્યના પરિવારનું અભિવાદન કરાયું.આ તકે કુલસચિવ અજયસિંહ જાડેજાની પ્રેરક ઉપસ્થિત રહી હતી.ઉપરાંત વિવિધ ભવનના અધ્યાપકો-અધ્યક્ષશ્રીઓ,સેવાનિવૃત અધ્યાપકો, જુદી જુદી યુનિવર્સિટીના શોધાર્થીઓ સહિત બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. પ્રથમ બેઠકમાં ડો.બળવંત જાનીનું બીજ વ્યાખ્યાન રજૂ થયું. કુલપતિએ અધ્યક્ષીય ઉદ્બોધનમાં ગુજરાતી ભવન અને મેઘાણી કેન્દ્રની વિભિન્ન પ્રવૃત્તિઓની સરાહના કરી

બીજી બેઠકમાં ગુજરાતી ભવનના પૂર્વ પ્રાધ્યાપક અને જાણીતા વિવેચક ડો. બિપિન આશર, સરદાર પટેલ યુનિવર્સિટી-વલ્લભવિદ્યાનગરના ગુજરાતી ભવનના અધ્યક્ષ ડો.પિનાકિની પંડ્યા અને અમદાવાદથી જાણીતા ભાષશાસ્ત્રી ડો.પિંકી પંડ્યા એ ત્રણ વિદ્વાન વકતાઓએ અનુક્રમે 'શાંતિભાઈ આચાર્યનું કોશવિજ્ઞાન ક્ષેત્રે પ્રદાન', 'શાંતિભાઈ આચાર્યનું લોકસાહિત્ય ક્ષેત્રે પ્રદાન' અને 'શાંતિભાઈ આચાર્યનું ભાષાવિજ્ઞાન ક્ષેત્રે પ્રદાન' વિષયો પર વિશદ વ્યાખ્યાનો આપ્યાં હતા. આ વિદ્યાકીય ઉપક્રમની નોંધ ગુજરાતભરમાં લેવાઈ.

# પેન્શન ચુકવણા કચેરીની કામગીરી સોમવારથી બહુમાળી ભવન ખાતે શરૂ થશે




**અબતક,રાજકોટ**

સવિનય ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે અત્રેની કચેરી દ્વારા ગુજરાત રાજ્યના સેવામાંથી નિવૃત થયેલ રાજકોટ જીલ્લાના પેન્શન મેળવતા પેન્શનરો અને કુટુંબ પેન્શનરોનું પેન્શન અત્રેની કચેરીએથી કરવામાં આવે છે. અત્રેની કચેરીના હોરીઝોન્ટલ એક્સપાન્શન અને હાલના હયાત બિલ્ડીંગના રિનોવેશનની કામગીરી હાથ ધરવામાં આવેલ જે હવે પૂર્ણ થઈ ગયેલ હોય તા.૨૨/૦૮/૨૦૨૬ તેમજ તા.૨૩/૦૮/૨૦૨૬ ના રોજ જિલ્લા સેવા સદન-૨(બહુમાળી ભવન), રેસકોર્ષ રીંગ રોડ,ગ્રાઉન્ડ ફ્લોર, એનેક્ષી બિલ્ડીંગ, રાજકોટ ખાતે સ્થળાંતરની કામગીરી હાથ ધરવામાં આવશે. વધુમાં તા.૨૪/૦૮/૨૦૨૬ સોમવાર થી રાબેતા મુજબ જુની જગ્યાએ કચેરી કાર્યરત થશે. જેની સર્વે અધિકારીઓ/કર્મચારીનીઓ તેમજ અત્રેથી પેન્શન/કુટુંબ પેન્શન મેળવતા પેન્શનરોએ નોંધ લેવી, તેવુ પેન્શન ચુકવણા અધિકારી પી.એમ. જાડેજાની યાદીમાં જણાવેલ છે.

# સ્મિત પ્રતિક મહિલા મંડળના ૪૦માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિત્તે સેવાકીય કાર્યો યોજાયા

## ઝૂંપડપટ્ટીના બાળકોને નાસ્તો અને કપડાં વિતરણ કરી ઉજવણી કરાઈ



**અબતક, રાજકોટ**

સ્થિત 'સ્મિત પ્રતિક મહિલા મંડળ'ના ૪૦મા વર્ષમાં મંગલ પ્રવેશ નિમિત્તે ઝૂંપડપટ્ટીના બાળકોને નાસ્તા કીટ, ડેરી મિલ્ક, કપડાં અને બિસ્કિટના પેકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જેન સીનીયર સીટીઝન પ્રમુખ જયંતભાઈ મહેતા, વિનોદભાઈ પધાડિયા અને રોયલ પાર્ક ઉપાશ્રયના મહિલા મંડળના પ્રમુખ વિજ્ઞાબેન શેઠ તરફથી સહયોગ સાંપડ્યો હતો. મંડળ દ્વારા ભગવતીપરા, જંગલેશ્વર, બેડી અને રૈયાધાર જેવા પછાત વિસ્તારોમાં બાળકો તથા બહેનો માટે મેડિકલ કેમ્પ, આરોગ્ય હરીફાઈ અને ગૃહઉદ્યોગને પ્રોત્સાહન આપતા એક્ઝિબિશન જેવા સેવાકીય પ્રકલ્પો સતત ચલાવવામાં આવે છે. આ પ્રસંગે રાજકોટના મેયર નયનભાઈ શુકલ અને સમાજ કલ્યાણ સમિતિના ચેરમેન મનિષભાઈ ભટ્ટ દ્વારા પણ શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. સંસ્થાની આ ૪૦ વર્ષની સેવાયજ્ઞની યાત્રા અને વિવિધ પ્રવૃત્તિઓની માહિતી આપવા માટે 'સ્મિત પ્રતિક મહિલા મંડળ'ના પ્રમુખ પ્રફુલ્લાબેન મહેતા (પૂર્વ કોર્પોરેટર અને સુપર કમિટિ મેમ્બર), મંત્રી પ્રીતિબેન ગાંધી, અલ્કાબેન ગોસાઈ તેમજ ભારતીબેન ખોખાણીએ અબતકની શુભેચ્છા મુલાકાત લીધી હતી.

# બજરંગ સેના દ્વારા હોદેદારોની નિમણૂકઃ 'મોરબી રોડ કા રાજા' ગણપતિ મહોત્સવનું આયોજન કરાશે

## રાજકોટ બજરંગ સેનાના શહેર યુવા પ્રમુખ તરીકે રાજવીર ધાંધલની પસંદગી



રાષ્ટ્રીય અધ્યક્ષ-રણવિર પટેરીયા | ગુજરાત પ્રદેશ અધ્યક્ષ:-સતિષ ભોગાયતા

**અબતક, રાજકોટ**

રાષ્ટ્રીય સ્તરે ધર્મનો પ્રચાર-પ્રસાર કરવા અને મજબૂત સમાજ નિર્માણના હેતુથી બજરંગ સેના દ્વારા મોરબી રોડ, જૂના જકાત નાકા ખાતે યુવાનોની એક બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં સંગઠનના નવા હોદ્દેદારોની નિમણૂક કરવામાં આવી છે, જેમાં રાજવીર ધાંધલને રાજકોટ શહેર યુવા પ્રમુખ અને આસીસ બગથરીયાને રાજકોટ શહેર યુવા ઉપપ્રમુખ તરીકે જવાબદારી સોંપવામાં આવી છે. આ ઉપરાંત વિસાલ ધામેલીયાની રાજકોટ જિલ્લા યુવા પ્રમુખ અને જીગ્નેસ ગોવાણીની જિલ્લા ઉપપ્રમુખ તરીકે નિમણૂક કરાઈ છે.

આગામી કાર્યક્રમોની રૂપરેખા અંગે ચર્ચા કરતાં સંગઠન દ્વારા મોરબી રોડ 'કા રાજા' ગણપતિ મહોત્સવનું આયોજન કરવાનું નક્કી કરવામાં આવ્યું છે, જેમાં તમામ સનાતની ભાઈઓને હાજર રહેવા આહવાહન કરાયું છે. ગૌમાતાનું રક્ષણ, બહેન-દીકરીઓના હક માટે લડત અને ધર્મના પ્રચાર-પ્રસારના ધ્યેય સાથે રાજકોટના યુવાનોને બજરંગ સેનામાં જોડાવા માટે રાજવીર ધાંધલ દ્વારા અપીલ કરવામાં આવી છે.

# મેઘાણીના જીવન કવન અને સૌરાષ્ટ્રની અમર ગાથાઓનું પ્રથમવાર ભવ્ય સિનેમેટિક મહાનાટક

## ઝવેરચંદ મેઘાણી જન્મજયંતી નિમિત્તે ૨૮મીએ પ્રમુખસ્વામી ઓડિટોરિયમ ખાતે જાણીતા લોકગાયક માલદે આહીરની અનોખી રજૂઆત; ૭૦થી વધુ કલાકારો લેશે ભાગ



**અબતક, રાજકોટ**

રાજકોટમાં રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની જન્મજયંતીની ઉજવણી નિમિત્તે આગામી તા. ૨૮ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ સવારે ૯ વાગ્યે પ્રમુખસ્વામી હોલ, ઢેબર રોડ, રાજકોટ ખાતે મેઘાણીના જીવનકવન અને સૌરાષ્ટ્રની અમર લોકગાથાઓને આવરી લેતું ભવ્ય સિનેમેટિક મહાનાટક રજૂ કરવામાં આવશે.ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર, ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર-સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ તથા લોકકલા ફાઉન્ડેશન, ઉપલેટાના સંયુક્ત ઉપક્રમે યોજાનારા આ કાર્યક્રમમાં જાણીતા લોકગાયક માલદે આહિર દ્વારા સંકલન, લેખન અને ગાયન સાથે મેઘાણીજીના જન્મથી અંતિમ જીવનકાળ સુધીની લોકહૃદયમાં વસેલી જીવનગાથાને નાટ્યાત્મક સ્વરૂપે રજૂ કરવામાં આવશે.

મેઘાણીએ પોતાના જીવનના અઢી દાયકાથી વધુ સમય દરમિયાન સૌરાષ્ટ્રની લોકસંસ્કૃતિ, લોકગીતો, દુહા-છંદ, રાસ-રાસડા, વિવાહગીતો અને લોકકથાઓને વીણીને ગુજરાતને લોકસાહિત્યનો અમૂલ્ય ખજાનો આપ્યો હતો. તેમની આ અવિસ્મરણીય લોકસેવાને નાટકના માધ્યમથી જીવંત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

આ મહાનાટકમાં સૌરાષ્ટ્રની જાણીતી અમર ગાથાઓ જેવી કે 'વીર માંગડા વાળો', 'રાંકનું તન' તેમજ પંચાળની પરતી અને તરણેતરના મેળાની અમર પ્રેમગાથા 'જોડીઓ પાવો'ને પણ અદ્ભૂત રીતે વણી લેવામાં આવી છે.

રાજકોટના આંગણે નવ રસનું નિરૂપણ કરતું આ વિશિષ્ટ નાટ્યપ્રયોગ લોકસમૂહ માટે વિશેષ આકર્ષણ બનશે. કાર્યક્રમમાં રાજકોટના સાંસદ પુરુષોત્તમ રૂપાલા, ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, મૂળુભાઈ બેરા સહિતના મહાનુભાવો તેમજ ઉદ્યોગપતિઓ અને શૈક્ષણિક સંસ્થાઓના વડાઓ ઉપસ્થિત રહેવાની શક્યતા છે. સાહિત્ય અકાદમી ગાંધીનગરના મહામાત્રા જયેન્દ્રસિંહ જાદવ, ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર-સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટના નિયામક જે.એમ. ચંદ્રવાડિયા તથા લોકકલા ફાઉન્ડેશનના મુખ્ય માલદે આહિર દ્વારા આ કાર્યક્રમમાં સૌને હૃદયપૂર્વક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

કાર્યક્રમ નિઃશુલ્ક છે, પરંતુ વ્યવસ્થાના ભાગરૂપે રજિસ્ટ્રેશન ફરજિયાત રાખવામાં આવ્યું છે. રજિસ્ટ્રેશન માટે વોટ્સએપ નંબર ૭૨૨૬૦ ૬૫૧૬૦ પર સંપર્ક કરી લિંક મેળવી શકાશે.

અબતકની શુભેચ્છા મુલાકાતમાં સૌરાષ્ટ્રના લોકસાહિત્યકાર માલદે આહિર તથા સાહિત્યપ્રેમી ભરત રાણપરિયાએ કાર્યક્રમની વિશેષતાઓ અંગે માહિતી આપી હતી.

### દુર્લભ લોકવાદ્યોના કલાકારોનું સન્માન બનશે વિશેષ આકર્ષણ

આ કાર્યક્રમની વિશેષતા એ છે કે ગુજરાતના પરંપરાગત ૩૬ લોકવાદ્યોમાંથી આજે અસ્તિત્વમાં રહેલા અને દુર્લભ બની રહેલા લોકવાદ્યોના કલાકારોને પ્રોત્સાહિત કરી સન્માનિત કરવામાં આવશે. જેમાં જોડિયો પાવો, સુરંદો, રાવણહથ્થો સહિતના પરંપરાગત વાદ્યોના કલાકારોનો સમાવેશ થાય છે.નાટકનું દિગ્દર્શન જાણીતા દિગ્દર્શક આસિફ અજમેરી દ્વારા, જ્યારે કોરિયોગ્રાફી મેઘા વિઠલાણી દ્વારા કરવામાં આવી છે. વોઈસ ઓવરમાં પ્રોફેસર રૂપલ ઓઝા, પ્રોફેસર સંજય કામદાર, હસન મલેક, બંસી મોદી, ચાર્મી, હેમાંગી પઢિયાર, શંકર જમાદાર સહિતના કલાકારો જોડાયા છે. સમગ્ર નાટકમાં ૭૦થી વધુ કલાકારો ભાગ લેશે.

# રા.લો. સંઘની ચૂંટણીમાં તમામ ૩૫ ફોર્મ માન્ય: બે બેઠક બિનહરીફ

## ચૂંટણીમાં કુલ ૩૬ ઉમેદવારોએ ઉમેદવારી પત્રક ભર્યા હતા, જે પૈકી કેશુભાઈ નંદાણીએ પોતાનું ફોર્મ પરત ખેંચી લીધું

**અબતક, રાજકોટ**

એશિયાના સૌથી મોટા તાલુકા સંઘ તરીકે ઓળખાતા 'રાજકોટ લોધિકા સહકારી સંઘ'ની સામાન્ય ચૂંટણી આગામી ૮ સપ્ટેમ્બરના રોજ યોજાવા જઈ રહી છે. ઉમેદવારી ફોર્મ ભરવાના અંતિમ દિવસે ભારે રાજકીય ગરમાવો જોવા મળ્યો હતો.સામાન્ય રીતે ભાજપ દ્વારા મેન્ડેટ આપીને ઉમેદવારોના નામ જાહેર કરવામાં આવતા હોય છે, પરંતુ આ વખતે પક્ષમાં આંતરિક જૂથવાદ ચરમસીમાએ પહોંચતાં છેલ્લી ઘડીએ રાજકોટ જિલ્લા ભાજપ પ્રમુખ દ્વારા ચૂંટણી લડવા ઈચ્છુક તમામ દાવેદારોને ફોર્મ ભરવા માટે લીલી ઝંડી આપી દેવામાં આવી હતી. ચૂંટણીમાં કુલ ૩૬ ઉમેદવારોએ ઉમેદવારી પત્રક ભર્યા હતા. જે પૈકી કેશુભાઈ નંદાણીએ પોતાનું ફોર્મ પરત ખેંચી લીધું હતું. જૂની કલેકટર કચેરી ખાતે આવેલી પ્રાંત-૧ કચેરીમાં ઉમેદવારોની હાજરીમાં ચૂંટણી અધિકારી દ્વારા ફોર્મ ચકાસણીની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. આ ચકાસણીના અંતે બાકી રહેલા તમામ ૩૫ ઉમેદવારોના ફોર્મ માન્ય રાખવામાં આવ્યા છે. ચૂંટણીના સમયપત્રક મુજબ, તારીખ ૨૭ સુધી ઉમેદવારો પોતાના ફોર્મ પરત ખેંચી શકશે. હવે પછીના દિવસોમાં ભાજપના કયા નેતાઓ અને ઉમેદવારો ફોર્મ પાછા ખેંચે છે તેના પર સૌની નજર ટકેલી છે. જો ઉમેદવારો વચ્ચે ફોર્મ ખેંચવા અંગે સામસામે સમજૂતી સાધી લેવામાં આવશે, તો આ સમગ્ર ચૂંટણી બિનહરીફ જાહેર થઈ શકે છે. નહીંતર, આગામી ૮ સપ્ટેમ્બરે મતદાન યોજાશે અને કયા જૂથનું પલડું ભારે રહે છે તે જોવું રસપ્રદ બની રહેશે.



### ૩૫ માન્ય ઉમેદવારોની યાદી

નીતિનભાઈ ચોવટીયા,રમેશભાઈ સોરાણી,અરવિંદભાઈ રૈયાણી, વેકસિંહ, સિંધવઅશ્વિનભાઈ લીંબાસીયા,કરશનભાઈ ડાંગર,હરજીભાઈ અજાણી, નીતિનભાઈ ઢાંકેચા,વિજયભાઈ સખીયા,મહેશભાઈ આસોદરીયા,પૃથ્વીસિંહ જાડેજા,ઘનશ્યામભાઈ મહેતા,ભૂપેન્દ્રસિંહ જાડેજા,રામભાઈ જળુલ,ખમણભાઈ પરસાણા,ધીરૂભાઈ રોકડરા,જદિપસિંહ જાડેજા,સંજયભાઈ અમરેલીયા,હરજીભાઈ પીપળીયા,મુકેશભાઈ કમાણી,બાબુભાઈ નસીત,મનસુખભાઈ સરધારા, શૈલેષભાઈ પરસાણા,મોહનભાઈ દાફડા,ગૌરવસિંહ જાડેજા,નરેન્દ્રસિંહ જાડેજા,અનિરુદ્ધસિંહ જાડેજા,છગનભાઈ પટોરીયા,નીતિનભાઈ રૈયાણી,મનસુખભાઈ વેકરીયા,ભુપેન્દ્રસિંહ જાડેજા,નરેન્દ્રકુમાર ભુવા,પરસોતમભાઈ પડાયા,રઘુવીરસિંહ જાડેજા, ચીરાગભાઈ લીંબાસીયા સહિતના ૩૫ ઊનેદવારોનાં ફોમ માન્ય રહ્યા હતા.

# બાર એસો. દ્વારા કાયદાના જાણકારોનો મોટો સંગમ: નેશનલ લીગલ સેમિનાર યોજાશે

## આત્મીય કોલેજના હોલ ખાતે રવિવારે આયોજન; બારની યુવા ટીમ દ્વારા તૈયારીને આખરી ઓપ:રજિસ્ટ્રેશન ફુલ

## ખ્યાતનામ કાનૂની નિષ્ણાતો સુધીર નાણાવટી સહિતના તજજ્ઞો યુવા વકીલોને વકીલાત પર આપશે માર્ગદર્શન





**અબ તક,રાજકોટ**

શહેરના કાલાવડ રોડ પર આવેલા આત્મીય કોલેજના હોલ ખાતે તારીખ ૨૩ ને રવિવારે સવારે ૯:૦૦થી સાંજના ૬:૩૦ કલાક બાર એસોસિયેશન આયોજિત નેશનલ લીગલ સેમીનારનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

ગત વર્ષ ના યોજાયેલા લીગલ સેમીનારને સફળતા બાદ ચાલુ વર્ષે પણ બાર એસોસીએશન દ્વારા યુવા વકીલોને કાયદાનું જ્ઞાન અને અનુભવો મળી રહે તે માટે શહેરના કાલાવડ રોડ પર આત્મીય કોલેજના હોલ ખાતે રવિવારે નેશનલ લીગલ સેમિનારનુ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં દેશભરમાંથી વિખ્યાત કાનુનવિદો તેમના વકતવ્યમાં અલગ અલગ વિષય ઉપર શહેરના વકીલોને કાયદાનું જ્ઞાન અને વિશેષ જાણકારી આપશે. નેશનલ સેમિનારમાં દેશના ખ્યાતનામ કાનૂની તજજ્ઞો સુધીરભાઈ નાણાવટી ( હાઈકોર્ટ, સિનિયર કાઉન્સિલ), મહારાષ્ટ્રના સતીશ કુમાર દેશમુખ, રાજસ્થાનના શ્રીમાળી, પ્રશાંત કુમાર સિંગ, ઓરિસ્સાના ભૂષણ બારીક, ઉતરાખંડના ડી. કે. શર્મા સહિતના કાનૂનવિદો તેમના વકતવ્યમાં વિવિધ કાયદાઓની વિશેષ જાણકારી અને માર્ગદર્શન આપશે.બારના પ્રમુખ સુમીત વોરા, સેક્રેટરી નીલેશ પટેલ, એસ. કે. જાડેજા, જયેન્દ્ર ગોંડલીયા, પ્રગતીબેન માંકડીયા, કેતન મંડ, સહિતના હોદ્દેદારો દ્વારા કાર્યક્રમને આખરી ઓફ આપવામાં આવી રહ્યો છે. તેમના જણાવ્યા મુજબ આ સેમિનારમાં રજિસ્ટ્રેશન પુર્ણ થઈ ગયેલ છે. આત્મીય કોલેજમાં ૩ હોલમાં વકીલોની સભ્ય સંખ્યા સમાવેશ થશે અને વહેલા તે પહેલાના ધોરણે બેઠક વ્યવસ્થા રાખવામાં આવી છે. બાર એસોસીએશનના કારોબારી સભ્યો કાર્યક્રમ સફળ બનાવવા મહેનત કરી રહયા છે.આ સમગ્ર સેમિનારનું માર્ગદર્શન બાર કાઉન્સીલના મેમ્બર દિલીપભાઈ પટેલ, પુર્વ પ્રમુખ પરેશભાઈ મારુ, રમેશભાઈ કથીરીયા, વિજય તોગડીયા, બીમલ જાની, દિલીપ મહેતા, પ્રકાશસિંહ ગોહીલ, રાજભા ગોહીલ સહીતના સિનિયર વકીલો સફળ બનાવવા મહેનત કરી રહયા છે.

### સેમિનાર બાદ તમામ હિસાબો જાહેર થશે

બાર એસોસિએશન દ્વારા યોજાતા સેમિનારમાં પણ બાર કાઉન્સિલ ઓફ ગુજરાતનો મોટો સહયોગ હોય છે. ગત વર્ષ લીગલ સેમિનારમાં કેટલાક વકીલોએ હિસાબની માગણી કરી હતી તે સમયે સેમિનારનો હિસાબ જાહેર કરેલ હતો.

આ તકે એસોસિએશનના ટ્રેઝરર પ્રગતિબેન માકડીયા, જોઈન્ટ સેક્રેટરી જયેન્દ્ર ગોંડલીયા, લાઈબ્રેરી સેક્રેટરી કેતન મંડે જણાવ્યું છે કે, આ વર્ષ પણ આવક જાવકના વહેવાર ચેકથી તથા વાઉચરથી થઈ રહ્યા છે, નેશનલ લીગલ સેમિનાર પૂરો થયા બાદ તરતજ તમામ હિસાબો બાર એસોસિએશન દ્વારા જાહેર કરવામાં આવશે.

# અમેરિકા સાથે માદરે વતન ગુજરાતમાં પણ એક પગ રાખો: મુખ્યમંત્રી

## અમેરિકામાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના ટ્રસ્ટીઓ સાથે બેઠક વિશ્વ ઉમિયાધામના ટ્રસ્ટીઓને વાયબ્રન્ટ ગુજરાત ૨૦૨૭માં પધારવા આમંત્રણ

**અબતક રાજકોટ**

અમેરિકાના વોશિંગ્ટન ડી.સી. ખાતે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ગુજરાત રાજ્યના અગ્ર મુખ્ય સચિવ એમ. કે. દાસની વિશેષ ઉપસ્થિતિમાં વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના ટ્રસ્ટીઓ, હોદ્દેદારો તથા દાતાઓ સાથે બેઠક યોજાઈ હતી. વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના પ્રણેતા અને પ્રમુખ આર. પી. પટેલના અમેરિકા પ્રવાસ દરમિયાન તા. ૧૯ ઓગસ્ટે યોજાયેલી આ બેઠકમાં ગુજરાતના વિકાસ, વૈશ્વિક સ્તરે ગુજરાતીઓનું ગૌરવ તથા દેશ-વિદેશમાં ભારતની વધતી પ્રતિષ્ઠા સહિતના વિવિધ મુદ્દે ચર્ચા કરવામાં આવી હતી.



બેઠક દરમિયાન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિશ્વ ઉમિયાધામના ટ્રસ્ટીઓ અને અમેરિકામાં વસતા ગુજરાતીઓને વાયબ્રન્ટ ગુજરાત ૨૦૨૭માં પધારવા આમંત્રણ પાઠવ્યું હતું. તેમણે ગુજરાતના બદલાયેલા વિકાસના માહોલનો ઉલ્લેખ કરી સૌને ગુજરાતમાં રોકાણ કરવા અપીલ કરી હતી.

મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, એક સમય એવો હતો જ્યારે ગુજરાતમાં વીજળી અને પાણી સહિત અનેક પ્રશ્નો હતા અને ગામડાઓનો વિકાસ વિદેશથી મળતા ભંડોળ પર નિર્ભર હતો. આજે ગુજરાતની સ્થિતિમાં મોટો બદલાવ આવ્યો છે. તેમણે અમેરિકામાં વસતા ગુજરાતીઓને સંબોધતા કહ્યું હતું કે, અમેરિકા સાથે સાથે માદરે વતન ગુજરાતમાં પણ એક પગ રાખો. તેમણે તમામને ગિફ્ટ સિટીમાં રોકાણ કરવા માટે પણ અપીલ કરી હતી.

આ પ્રસંગે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના પ્રમુખ આર. પી. પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતીઓ તરીકે અગાઉ મહાત્મા ગાંધી અને સરદાર પટેલની જોડી દેશને દિશા આપતી હતી, જ્યારે આજે નરેન્દ્ર મોદી અને અમિત શાહની જોડી દેશને નવી દિશા બતાવી રહી છે. તેમણે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વની પ્રશંસા કરતાં જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી તરીકે તેમનું વ્યક્તિત્વ સરળ દેખાય છે, પરંતુ તેમણે અનેક કઠિન અને મહત્વપૂર્ણ નિર્ણયો લીધા છે.બેઠકમાં ગુજરાતના હિતમાં લેવાઈ રહેલા મક્કમ નિર્ણયો, વૈશ્વિક સ્તરે ગુજરાતીઓનું ગૌરવ, ભારતની આંતરરાષ્ટ્રીય સ્તરે વધી રહેલી પ્રતિષ્ઠા તેમજ એનઆરઆઈ ગુજરાતીઓ સાથેના સંબંધોને વધુ મજબૂત બનાવવા અંગે વિસ્તૃત વિચારોનું આદાન-પ્રદાન થયું હતું. વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના વિઝન અને મિશન અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી.

બેઠકમાં વીએફ યુએસએ સેન્ટ્રલ કમિટી, વીએફ યુએસએ ચેપ્ટર ચેરમેન, હોદ્દેદારો તથા દાતાશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. જગતજનની મા ઉમિયાના આશીર્વાદથી બેઠક સફળતાપૂર્વક સંપન્ન થઈ હતી.

# દિવ્યાંગજનો માટે મોટો નિર્ણય: સાઈડ કાર જોડાયેલી મોટર સાઈકલના રજિસ્ટ્રેશનને મંજૂરી

## શારીરિક અને મનો-દિવ્યાંગો માટે વાહન વ્યવહાર કમિશનરની કચેરી દ્વારા પરિપત્ર જાહેર: સુરક્ષા માટે સ્પીડ લિમિટ અને હેલ્મેટ ફરજિયાત

**અબતક રાજકોટ**

ગુજરાતમાં શારીરિક તથા મનો-દિવ્યાંગજનોની ગતિશીલતા અને આત્મનિર્ભરતાને પ્રોત્સાહન આપવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ મહત્વનો નિર્ણય લેવાયો છે. વાહન વ્યવહાર કમિશનરની કચેરી દ્વારા સાઈડકાર જોડાયેલી મોટર સાઈકલના રજિસ્ટ્રેશન તેમજ જરૂરી ફેરફારોને મંજૂરી આપવા અંગે પરિપત્ર જાહેર કરાયો છે, જેનું રાજ્યની તમામ આરટીઓ અને એઆરટીઓ કચેરીઓએ પાલન કરવાનું રહેશે.

આ નિર્ણય અંતર્ગત મનો-દિવ્યાંગ વ્યક્તિઓ માટે પણ સ્પષ્ટ જોગવાઈઓ કરાઈ છે. મનો-દિવ્યાંગ વ્યક્તિના વાહનનું સંચાલન કાયદેસરના વાલી અથવા તેમની સંમતિથી અધિકૃત માન્ય ડ્રાઈવિંગ લાઈસન્સ ધરાવતી વ્યક્તિ જ કરી શકશે.

સુરક્ષાના ભાગરૂપે વાહનની મહત્તમ ઝડપ ૪૦ કિમી/કલાક નક્કી કરાઈ છે તેમજ ચાલક અને મનો-દિવ્યાંગ મુસાફર માટે હેલ્મેટ અને સાઈડકારમાં સીટ બેલ્ટ ફરજિયાત રહેશે. આ સિવાય વાહનનું ભૌતિક નિરીક્ષણ, માન્ય કોમ્પ્રિહેન્સિવ ઈન્સ્યોરન્સ અને મોટર વ્હીકલ એક્ટ ૧૯૮૮ના નિયમોનું પાલન કરવાનું રહેશે.

# રાહુલ અને પ્રિયંકા ગાંધી ધરણા પર બેઠા: પેલેટ ગન કેસમાં એફઆઈઆરની માંગ

## દિલ્હીના સંસદ માર્ગ પોલીસ સ્ટેશન બહાર રાહુલ ગાંધી સાથે પેલેટ ગનથી પીડિત સાહિલ લાછોબ અને તેમના પરિવારજનો પણ હાજર

**અબતક, રાજકોટ**

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી જંતર-મંતર આંદોલન દરમિયાન પેલેટ ગનના ઉપયોગના મામલે એફઆઈઆર નોંધવાની માંગ સાથે દિલ્હીના સંસદ માર્ગ પોલીસ સ્ટેશનના કેમ્પસમાં ધરણા કરી રહ્યા છે. પોલીસનું કહેવું છે કે તેમણે ફરિયાદ લઈ લીધી છે અને તેમને જણાવી દીધું છે કે ક્રાઈમ બ્રાન્ચ આ મામલાની તપાસ કરી રહી છે. રાહુલ ગાંધીએ દિલ્હી પોલીસના જોઈન્ટ સીપી નુપુર પ્રસાદ સાથે મુલાકાત કરી. ત્યારબાદ તેઓ બહાર આવ્યા, તેમના માટે ખુરશી લાવવામાં આવી અને તેઓ ત્યાં જ ધરણા પર બેસી ગયા.



રાહુલ ગાંધી સાથે પેલેટ ગનથી પીડિત સાહિલ લાછોબ અને તેમના પરિવારજનો પણ હાજર છે. ૨૪ જુલાઈએ રાહુલ ગાંધીએ લાછોબ સાથે પ્રેસ કોન્ફરન્સ પણ કરી હતી અને પેલેટ ગનના ઉપયોગના નિશાન બતાવ્યા હતા.

કોંગ્રેસનું કહેવું છે કે સરકાર જણાવે કે આખરે કોના આદેશ પર પેલેટ ગનનો ઉપયોગ કરવામાં આવ્યો. અમિત શાહ જવાબ આપે. આ જ માંગને લઈને સંસદમાં પણ હંગામો થયો હતો અને આખું ચોમાસું સત્ર લગભગ ધોવાઈ ગયું હતું.

રાહુલ ગાંધીનું કહેવું છે કે જ્યાં સુધી એફઆઈઆર નોંધાશે નહીં, ત્યાં સુધી તેઓ હટશે નહીં. રાહુલ ગાંધીના ધરણાને જોતા સંસદ માર્ગ બંધ કરી દેવામાં આવ્યો છે. ત્યાં મોટી સંખ્યામાં કોંગ્રેસના કાર્યકર્તાઓ પહોંચ્યા છે.રાહુલ ગાંધીએ કહ્યું, "આજે સાહિલ લોચબ સાથે, તેમની સાથે થયેલી પોલીસ બર્બરતા વિરુદ્ધ ફરિયાદ નોંધાવવા સંસદ માર્ગના ડીસીપી કાર્યાલય પહોંચ્યો. ૨૦ જુલાઈએ જંતર-મંતર પર શાંતિપૂર્ણ પ્રદર્શન કરી રહેલા સાહિલ પર પોલીસે પેલેટ ગનથી હુમલો કર્યો. છર્રાઓથી ગંભીર રીતે ઘવાયેલા સાહિલની એક આંખની રોશની જોખમમાં છે. શાંતિપૂર્ણ પ્રદર્શન વિરુદ્ધ આવી બર્બરતા કોઈ કાનૂની કાર્યવાહી નથી, એક ગંભીર ગુનો છે. આ ક્રૂરતા માટે ન તો ગૃહમંત્રી અમિત શાહે છાત્રોને કોઈ સ્પષ્ટતા આપી, ન તો વડાપ્રધાને તેમની માફી માંગી."

# સરકારની ગ્રાન્ટના ટેકે બીઆરટીએસ નફો કરવા માંડી: દર મહિને ૬.૪૧ લાખ મુસાફરો

## હાલની ખોટ સરકારની બાકીની ગ્રાન્ટ આવતા નફામાં ફેરવાય જશે

**અબતક રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાની રાજકોટ રાજપથ લિમિટેડ સંચાલિત બીઆરટીએસ મુસાફરોની ટિકિટ આવકથી નહીં પરંતુ રાજ્ય સરકારની ગ્રાન્ટ આવકથી નફો કરતી થઈ હોવાનું જનરલ બોર્ડમાં પૂછાયેલા એક પ્રશ્નના પ્રત્યુતરમાં સામે આવ્યું છે.

બીઆરટીએસ બસ સેવાના પ્રારંભે ૧૦ સ્ટાન્ડર્ડ ડીઝલ બસો દોડતી હતી, જ્યારે છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન તબક્કાવાર વધારાયેલી ફ્રિકવન્સીના અંતે ૩૬ મીડી ઈલેક્ટ્રિક એસી બસો દોડી રહી છે. દર મહિને ૬,૪૧,૯૧૭ મુસાફરો બસ સેવાનો લાભ લઈ રહ્યા છે.

વર્ષ ૨૦૨૩-૨૦૨૪માં ટિકિટ આવક ૭.૮૩ કરોડ હતી અને રાજ્ય સરકારે ૩.૭૬ કરોડની ગ્રાન્ટ આપતા કુલ આવક ૧૧.૫૯ કરોડ થઈ હતી જેની સામે કુલ ખર્ચ ૯.૦૧ કરોડ થયો હતો.

વર્ષ ૨૦૨૪-૨૦૨૫માં ટિકિટ આવક ૭.૭૬ કરોડ થઈ હતી, જ્યારે રાજ્ય સરકારે ૩.૫૧ કરોડની ગ્રાન્ટ આપતા કુલ આવક ૧૧.૨૭ કરોડ થઈ હતી. જેની સામે કુલ ખર્ચ ૧૦.૨૭ કરોડ થયો હતો.

જ્યારે ગત વર્ષ ૨૦૨૫-૨૬ અંતર્ગત ટિકિટ આવક ૭.૭૨ કરોડ થઈ હતી અને રાજ્ય સરકારે ૪.૭૧ કરોડની ગ્રાન્ટ ફાળવી હતી. કુલ આવક ૧૨.૪૪ કરોડ થઈ હતી જેની સામે કુલ ખર્ચ ૧૩.૬૪ કરોડ થયો હતો.રાજ્ય સરકાર તરફથી મળનારી ડિસેમ્બરથી માર્ચની ગ્રાન્ટ હજુ સુધી મળવાની બાકી રહી હોય હાલની સ્થિતિએ ૧.૧૯ કરોડની ખોટ છે જે ગ્રાન્ટ આવતાની સાથે સરભર થઈ જશે.

# સોનાના ભાવમાં રૂા. ૨૦૦૦ અને ચાંદીના ભાવમાં રૂા. ૪૦૦૦નો ઉછાળો

## એમસીએક્સ પર સોનાના ભાવ રૂા. ૧,૬૧,૪૩૫ અને ચાંદીના ભાવ રૂા. ૨,૪૭,૬૯૯ એ પહોંચ્યા

**અબતક, રાજકોટ**

ફરી એકવાર રોકાણકારો સલામત ગણાતા સોના-ચાંદીના રોકાણ તરફ વળ્યા હોય તેવું લાગી રહ્યું છે. બુલિયન બજારમાં છેલ્લા ઘણા સમયથી તેજી જોવા મળી રહી છે. આજે સોનાના ભાવમાં રૂા. ૨૦૦૦ અને ચાંદીના ભાવમાં રૂા, ૩૭૫૦નો ઉછાળો નોંધાયો હતો. બુલિયન બજારની સાથે શેર બજારમાં પણ સામાન્ય તેજી જોવા મળી હતી. જો કે, ડોલર સામે રૂપિયો થોડોક નરમ દેખાતો હતો.

વૈશ્વિક અનિશ્ચિતતાઓના કારણે છેલ્લા ઘણા સમયથી ફરી એકવાર રોકાણકારો સૌથી સલામત ગણાતા સોના અને ચાંદી તરફ વળ્યા છે. જેના કારણે બુલિયન બજારમાં એકધારી તેજી જોવા મળી રહી છે. આજે એમસીએક્સ પર બન્ને કિમતી ધાતુઓના ભાવમાં વધારો જોવા મળ્યો હતો. આજે પ્રતિ ૧૦ગ્રામ સોનાનો ભાવ રૂા. ૧,૬૧,૪૩૫એ પહોંચી ગયો હતો. જ્યારે એક કિલો શુદ્ધ ચાંદીના ભાવ



૨,૪૭,૬૯૯ સુધી પહોંચી ગયા હતાં. જે રીતે સોના-ચાંદીની ખરીદી થઈ રહી છે. તે જોતા એવુ લાગી રહ્યું છે કે, બન્ને કિંમતી ધાતુઓમાં ઉછાળા યથાવત રહે તેવુ લાગી રહ્યું છે. તહેવારોની સિઝન અને ત્યાર બાદ લગ્નસરાની મોસમ શરૂ થવાના કારણે સોના અને ચાંદીના ભાવમાં નજીકના સમયમાં ઘટાડો થાય તેવી શક્યતા ખુબ જ નહીવત દેખાઈ રહી છે. આ લખાય રહ્યુ છે ત્યારે સોનું રૂા. ૧૯૭૫ના ઉછાળા સાથે ૧,૬૧,૪૦૦ જ્યારે ચાંદી ૩,૮૯૦ના ઉછાળા સાથે ૨,૪૭,૨૫૦ પર કામકાજ કરી રહ્યુ છે. બુલિયન બજારમાં તેજી સાથે શેરબજાર પણ આજે સપ્તાહના અંતિમ ટ્રેડિંગ સેશન્સમાં ગ્રીનઝોનમાં કામકાજ કરતું દેખાતુ હતું. સેન્સેક્સ, નિફ્ટી, બેંક નિફ્ટી અને નિફ્ટી મિડકેપ-૧૦૦ સહિતના તમામ સેકટર ઈન્ડેક્શમાં ઉછાળા જોવા મળી રહ્યા છે. અમેરિકી ડોલર સામે ભારતીય રૂપિયો થોડો દબાયેલો દેખાતો હતો.

# પીએસઆઈ-હેડ કોન્સ્ટેબલની રવિવારે પરીક્ષા: સંપૂર્ણ કાર્યક્રમ જાહેર

## પરીક્ષા માટે અત્યાર સુધીમાં ૨૫ હજાર જેટલા ઉમેદવારોએ કોલલેટર ડાઉનલોડ કર્યા

**અબતક, રાજકોટ**

ગુજરાત પોલીસ દળમાં પોલીસ સબ ઈન્સ્પેક્ટર (વાયરલેસ), ટેકનિકલ ઓપરેટર, પોલીસ સબ ઈન્સ્પેક્ટર (મોટર ટ્રાન્સપોર્ટ) અને હેડ કોન્સ્ટેબલ ડ્રાઈવર મિકેનિક (ગ્રેડ-૧) ની જગ્યાઓ માટેની ભરતી પ્રક્રિયા અંતર્ગત આગામી ૨૩મી ઓગસ્ટ ૨૦૨૬ના રોજ અમદાવાદ ખાતે લેખિત પરીક્ષા યોજાશે. આ પરીક્ષા માટે અત્યાર સુધીમાં ૨૫ હજાર જેટલા ઉમેદવારોએ કોલલેટર ડાઉનલોડ થયા છે.પરીક્ષા સંપૂર્ણ પારદર્શક અને ગેરરીતિ મુક્ત વાતાવરણમાં યોજાય તે માટે ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. ૧૧૦૦થી વધુ પોલીસ અધિકારી/કર્મચારીઓ અને ૧૫૦૦ જેટલા શિક્ષણ વિભાગના કર્મચારીઓ કામગીરીમાં જોડાશે. દરેક પરીક્ષા કેન્દ્ર પર પીઆઈ કક્ષાના અધિકારી ભરતી બોર્ડના પ્રતિનિધિ તરીકે તૈનાત રહેશે. આ ઉપરાંત સમગ્ર પરીક્ષા પોલીસ કમિશ્નર, અમદાવાદના સુપરવિઝન હેઠળ અને ડીઆઈજીપી કક્ષાના સિનિયર પોલીસ અધિકારીની અધ્યક્ષતામાં યોજાશે.ગેરરીતિ અટકાવવા માટે 'ફેસિયલ રોકોગ્નાઈઝેશન ટેક્નોલોજી' અને એઆઈ નો ઉપયોગ કરાશે. પરીક્ષા સાહિત્ય લઈ જતા તમામ વાહનોને જીપીએસ ટ્રેક કરી કરાઈ સ્થિત રાજ્ય ભરતી કંટ્રોલરૂમથી મોનીટરીંગ કરવામાં આવશે. ભરતી બોર્ડ દ્વારા જે ઉમેદવારોને કોલલેટર ડાઉનલોડ કરવાના બાકી હોય તેમને સમયસર ડાઉનલોડ કરી લેવા અને પરીક્ષાના દિવસે કેન્દ્ર પર સમયસર પહોંચી જવા અપીલ કરવામાં આવી છે. ઉમેદવારોએ ક્વોલિફાય થવા માટે પાર્ટ એ અને પાર્ટ બી બંનેમાં અલગ-અલગ ઓછામાં ઓછા ૪૦% ગુણ મેળવવા જરૂરી રહેશે. પરીક્ષામાં પ્રત્યેક સાચા જવાબનો ૧ ગુણ રહેશે તથા ખોટા જવાબ માટે માઈનસ પદ્ધતિ અમલમાં રહેશે.

### પરીક્ષાનું સમયપત્રક

૧. પોલીસ સબ ઈન્સ્પેક્ટર (વાયરલેસ) અને ટેકનિકલ ઓપરેટર: સવારે ૯:૩૦થી બપોરે ૧૨:૩૦ (૨૦૦ વિકલ્પ)
૨. પોલીસ સબ ઈન્સ્પેક્ટર (મોટર ટ્રાન્સપોર્ટ): સવારે ૯:૩૦થી બપોરે ૧૨:૩૦ (૨૧૦ વિકલ્પ)
૩. હેડ કોન્સ્ટેબલ ડ્રાઈવર મિકેનિક (ગ્રેડ-૧): બપોરે ૩થી સાંજે ૬ વાગ્યા સુધી (૨૧૦ વિકલ્પ)

# રેસકોર્સ રીંગરોડ પર બાઈક અકસ્માતમાં ઈજાગ્રસ્ત વૃદ્ધનું મોત

## ટ્રાન્સપોર્ટનગરમાં સગીરનો અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ આપઘાતનો પ્રયાસ

**અબતક, રાજકોટ**

શહેરમાં એરપોર્ટ રોડ પર આવેલી શ્રેયસ સોસાયટીમાં રહેતા વેપારી વૃધ્ધ આઠ દિવસ પૂર્વ બાઈક લઈ ધંધાના કામ માટે જઈ રહ્યા હતા ત્યારે રેસકોર્ષ રીંગરોડ પર બાઈક સ્લીપ થતા અકસ્માત સર્જાયો હતો. ગંભીર રીતે ઘવાયેલા વેપારી વૃધ્ધે સારવારમાં આજે દમ તોડતા પરિવાર શોકમા ગરકાવ થઈ ગયો હતો.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ એરપોર્ટ રોડ પર શ્રેયસ સોસાયટીમાં રહેતા પ્રકાશકુમાર મોહનભાઈ રાયચુરા નામના ૬૩ વર્ષના વેપારી વૃધ્ધ ગત તા.૮ના રોજ ધંધાના કામ સબબ બાઈક લઈને જઈ રહ્યા હતા ત્યારે રેસકોર્ષ રીંગરોડ પર બાઈક સ્લીપ થતા અકસ્માત સર્જાયો હતો. વૃધ્ધને તાત્કાલીક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જયા તેમનું ટૂંકી સારવાર દરમિયાન મોત નીપજતા પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે. પ્રાથમિક તપાસમાં મૃતક વૃધ્ધ બે ભાઈ મોટા હતા અને તેમને સંતાનમાં એક પુત્ર છે.

આ ઉપરાંત બીજા બનાવમાં કુવાડવા રોડ પર આવેલા ટ્રાન્સપોર્ટનગરમાં કારખાનાના રૂમમાં અજીત રમેશભાઈ રાઠોડ નામના ૧૭ વર્ષના સગીરે કોઈ અગમ્ય કારણસર ગળેફાંસો ખાઈ લીધો હતો. સગીરને તાત્કાલીક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યો હતો. ઉપરોકત બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# મોરબી રોડ પરથી મીત્રને મળવા જતા આધેડનું બાઈક સ્લીપ થતા મોત

## કોઠારીયા રોડ પર મળવા જતા સમયે સર્જાયો અકસ્માત પરિવારમાં ગમગીની છવાઈ

**અબતક , રાજકોટ**

શહેરમાં મોરબી રોડ પર રહેતા આધેડ કોઠારિયા રોડ પર રહેતા મિત્રને મળવા જતા હતા ત્યારે વેલનાથ પુલ રોડ પર આધેડે ડ્રાઈવિંગનો પરનો કાબુ ગુમાવતા બાઈક સ્લીપ થયુ હતુ. જે બાઈક અકસ્માતમાં ઘવાયેલા આધેડનું મોત નીજપતા પરિવારમાં શોક છવાયો હતો

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ મોરબી રોડ પર રાધીકાપાર્કમાં રહેતા દિપેશભાઈ મનહરલાલ અજાગીયા (ઉ.વ.૫૨)પોતાનુ બાઈક લઈ વેલનાથ પુલ રોડ પરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે બાઈક સ્લીપ થતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા આધેડને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જયા તેમનુ મોત નીપજતા પરિવારમાં શોક છવાયો હતો

પ્રાથમિક તપાસમાં મૃતક દિપેશભાઈ ત્રણ બહેનોના એકના એક ભાઈ હતા અને કોઠારિયા રોડ પર રહેતા મિત્ર પરાગભાઈને મળવા જતા હતા ત્યારે બાઈક સ્લીપ થતા સર્જાયેલા અકસ્માતમાં મોત નીપજ્યુ હોવાનું જાણવા મળ્યુ છે આઅંગે બી ડિવિઝન પોલીસે વધુ તપાસ હાથ ધરી.

# માલધારી ફાટક પાસે કડિયા કામ કરતી વેળાએ ઊંચાઈથી નીચે પટકાતા આધેડનું મોત

## સિલ્વર ઈન્ડસ્ટ્રીઝમાં સર્જાય દુર્ઘટના આધેડને સારવાર મળે તે પહેલા દમ તોડ્યો

**અબતક, રાજકોટ**

શહેરમાં ઢેબર રોડ પર આવેલા રાધાનગરમાં રહેતા આધેડ માલધારી ફાટક પાસે સિલ્વર ઈન્ડસ્ટ્રીઝ એરીયામાં પ્લાસ્ટર કરતા હતા ત્યારે અકસ્માતે ૨૦ ફૂટ ઉંચા મેડા પરથી નીચે પટકાયા હતા. ગંભીર રીતે ઘવાયેલા આધેડ કારીગરનું મોત નીપજતા પરિવારમાં શોક છવાયો હતો

આ અંગે મળતી માહિતી મુજબ ઢેબર રોડ પર આવેલા રાધાનગરમાં રહેતા રતીલાલ નાનજીભાઈ મારૂ (ઉ.વ.૫૫) સવારના દસેક વાગ્યાના અરસામા માલધારી ફાટક પાસે સિલ્વર ઈન્ડસ્ટ્રીઝમાં પ્લાસ્ટરનું કામ કરતા હતા ત્યારે અકસ્માતે ૨૦ ફૂટ ઉંચા મેડા પરથી નીચે પટકાયા હતા. ગંભીર રીતે ઘવાયેલા આધેડને તાત્કાલીક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. સારવાર મળે તે પહેલા જ તબીબે જોઈ તપાસી ને આધેડને મૃત જાહેર કરતા પરિવારમાં શોક છવાયો હતો

પ્રાથમિક પૂછપરછમાં મૃતક આધેડ ત્રણ ભાઈ ચાર બહેનમાં વચેટ હતા અને તેમને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી હોવાનું જાણવા છે આ બનાવ અંગે આજીડેમ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# આંબેડકરનગરમાં નાની બહેન સાથેના ઝઘડામાં સગીરાએ એસિડ ગટગટાવ્યું

## શિવનગરમાં પતિના ત્રાસથી કંટાળી પત્નીએ ફિનાઈલ પીધુ પોલીસે વધુ તપાસ હાથ ધરી

**અબતક, રાજકોટ**

રાજકોટમાં એસ.ટી.વર્કશોપ પાછળ આવેલા આંબેડકરનગરમાં રહેતી અને ધો.૧૧માં અભ્યાસમાં કરતી છાત્રાને નાની બહેન સાથે કામ મુદ્દે ઝઘડો થયો હતો. જેથી માઠુ લાગતા વિદ્યાર્થિનીએ એસિડ પી લીધુ હતું. સગીરાને ઝેરી અસર થતા સારવાર માટે ખસેડવામાં આવી હતી.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ એસ.ટી.વર્કશોપ પાછળ આવેલા આંબેડકરનગરમાં રહેતી અને ધો.૧૧માં અભ્યાસમાં કરતી રાધાબેન મનુભાઈ કુસવાહ નામની ૧૬ વર્ષની સગીરા મધરાત્રે પોતાના ઘરે હતી ત્યારે એસિડ પી લીધુ હતું. સગીરાને ઝેરી અસર થતા સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવી હતી. પ્રાથમિક તપાસમાં રાધાબેન બે ભાઈ ચાર બહેનમાં નાની અને ધો.૧૧માં અભ્યાસ કરે છે. નાની બહેન સાથે કામ બાબતે બોલાચાલી થતા એસિડ પી લીધુ હોવાનુ જાણવા મળ્યુ છે.

આ ઉપરાંત બીજા બનાવમાં ખોખળદડ પુલ પાસે આવેલા શિવનગરમાં રહેતી શિતલબેન વિશાલભાઈ પરમાર નામની ૩૬ વર્ષની પરિણીતાએ પોતાના ઘરે હતી ત્યારે ફિનાઈલ પી લીધુ હતું. પરિણીતાની તબિયત લથડતા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી. પ્રાથમિક પૂછપરછમાં શિતલબેને વિશાલ પરમાર સાથે પ્રેમલગ્ન કર્યા છે. પતિ દારૂ પીને મારકૂટ કરે છે અને છેલ્લા ત્રણ મહિનાથી મુકીને જતો રહ્યો હોવાથી શિતલબેન પરમારે ફિનાઈલ પી લીધુ હોવાનું જાણવા મળ્યુ છે. ઉપરોકત બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# દીવ-દમણ અને દાદરાનગર પોલીસની ડ્રગ્સ માફિયા સામે મોટી કાર્યવાહી

## સેલવાસા યુટી પોલીસ દ્વારા ૯૪.૨૭૬ કિલો ડ્રગ્સનો નાશ: રૂા. ૮૮ લાખની મિલકત જપ્ત

**અબતક, ઉત્તમ સવદાણી, સેલવાસ**

સિલવાસા. ગેરકાયદેસર ડ્રગ્સના વેપાર પર મોટી કાર્યવાહીમાં, દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવની યુટી પોલીસે નિર્ધારિત પ્રક્રિયાઓ અનુસાર કુલ ૯૪.૨૭૬ કિલો ગાંજા અને અન્ય માદક દ્રવ્યોનો નાશ/નિકાલ કર્યો છે. ₹૮૮ લાખની સંપત્તિ પણ જપ્ત/જોડવામાં આવી છે. પોલીસના જણાવ્યા અનુસાર, ડીએનએચ જિલ્લાને લગતા ૨૨ એનડીપીએસ કેસમાં જપ્ત કરાયેલા ૭૫.૬૫૪ કિલો ગાંજા અને અન્ય ડ્રગ્સ અને દમણ જિલ્લાના ૫ NDPS કેસમાં જપ્ત કરાયેલા ૧૮.૬૨૦ કિલો ડ્રગ્સનો નિયમો અનુસાર નિકાલ કરવામાં આવ્યો હતો. યુટી પોલીસે જણાવ્યું હતું કે ડ્રગ્સ સામેની ઝુંબેશમાં, ગેરકાયદેસર નેટવર્કને તોડી પાડવા ઉપરાંત, ડ્રગના વેપારમાં સામેલ લોકોના નાણાકીય હિતોને પણ નુકસાન પહોંચાડવા માટે કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ ક્રમમાં, ડીએનએચ જિલ્લામાં એક રીઢો આરોપીની આશરે રૂા.૮૮ લાખની મિલકત એનડીપીએસ એક્ટ હેઠળ જપ્ત/જોડવામાં આવી છે.

પોલીસે જણાવ્યું હતું કે આ કાર્યવાહી નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ એક્ટ, ૧૯૮૫ હેઠળ સતત કાર્યવાહીનો એક ભાગ હતી. કાનૂની પ્રક્રિયા પૂર્ણ થયા પછી સ્થાપિત માર્ગદર્શિકા અનુસાર જપ્ત કરાયેલા ડ્રગ્સનો નાશ કરવામાં આવ્યો હતો અને પુષ્ટિ મળી હતી કે હવે તે ન્યાયિક કે કાનૂની ઉપયોગ માટે જરૂરી નથી. યુટી પોલીસનું કહેવું છે કે ડ્રગ્સની હેરફેર, કબજો અને વિતરણને રોકવા માટે કડક અમલીકરણ, નિવારણ, નાણાકીય કાર્યવાહી અને જનજાગૃતિ પર વિશેષ ભાર મૂકવામાં આવી રહ્યો છે.

(પહેલા પાનાનું ચાલું)

**વંદે માતરમ...**

નાદોચ્ચાર કરતા દેશની સ્વતંત્રતા માટે પોતાના પ્રાણનું બલિદાન આપ્યું અને વર્ષો સુધી જેલમાં યાતનાઓ સહન કરી. કોંગ્રેસ પાર્ટી આજે સંસદ દ્વારા બનાવવામાં આવેલા કાયદાને ફગાવીને પોતાના જ ૧૯૩૭ના પાર્ટી પ્રસ્તાવનું અનુસરણ કરી રહી છે. એ અત્યંત આશ્ચર્યજનક છે કે રાહુલ ગાંધીના નેતૃત્વમાં કોંગ્રેસ પાર્ટી એકવાર ફરી દેશમાં તુષ્ટિકરણની રાજનીતિને પૂરી તાકાતથી આગળ વધારી રહી છે. તેમણે દેશવાસીઓને અપીલ કરી કે તેઓ યાદ રાખે કે દેશે એકવાર 'વંદે માતરમ'ને બે ભાગમાં વહેંચવાની ભૂલ કરી હતી અને તે ભૂલનું ગંભીર પરિણામ દેશે ભોગવવું પડ્યું હતું.

અમિત શાહે કહ્યું કે, હવે દેશવાસીઓએ એકજૂટ થઈને કોંગ્રેસ પાર્ટીના આ નિર્ણય સામે અવાજ ઉઠાવવો જોઈએ અને એ સ્પષ્ટ કરી દેવું જોઈએ કે દેશમાં હવે તુષ્ટિકરણની રાજનીતિ સહન કરવામાં નહીં આવે. આ એક સ્વતંત્ર દેશ છે. અમિત શાહે ઉમેર્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આઝાદીના ૮૦ વર્ષ પછી ૧૯૩૭માં કોંગ્રેસ દ્વારા લેવાયેલા નિર્ણયને સુધારવાનું કામ કર્યું છે. દેશની જનતા હવે આ સુધારાના વિરોધને બિલકુલ સહન નહીં કરે. ભારતીય જનતા પાર્ટી કોંગ્રેસ પાર્ટીના આ નિર્ણયની સખત નિંદા કરે છે અને જનતા વચ્ચે તથા સંસદમાં પણ આનો જોરદાર વિરોધ કરશે.

**સુપ્રીમ...**

બાદ આ કર્મચારીઓને નોકરીમાંથી બરતરફ કરવામાં આવ્યા હતા. ૩૦ વર્ષ સુધી વરિષ્ઠ નાગરિકો તરીકે તેમણે પોતાની નિર્દોષતા સાબિત કરવા માટે લાંબી લડાઈ લડી.

**ગાંધીજી...**

પ્રભાવશાળી વ્યકિતત્વને એક નિકટના સંબંધ દ્વારા જોવાની દુર્લભ તક પૂરી પાડે છે અને ગાંધીજીના અંગત જીવન તથા વિચારોની ઊંડી ઝાંખી કરાવે છે.

લેખક અને ઈતિહાસકાર સાઝ અગ્રવાલ અનુસાર, આનંદ હિંગોરાણી ૧૩ વર્ષની ઉંમરથી જ ગાંધીજીના વિચારોથી પ્રભાવિત થઈ માત્ર ખાદી પહેરતા હતા. ૧૯૨૯માં કરાચી અને લાહોર કોંગ્રેસ અધિવેશનમાં ગાંધીજીને મળ્યા બાદ તેઓ સાબરમતી આશ્રમમાં રહ્યા હતા અને દાંડી માર્ચમાં ભાગ લેનારા એકમાત્ર સિંધી હતા. આઝાદી મળ્યા બાદ ૧૯૪૭માં જવાહરલાલ નેહરુએ ગાંધીજીના સૂચનથી હિંગોરાણીને કેબિનેટ મંત્રી બનાવવાની ઓફર કરી હતી, પરંતુ તેમણે હોદ્દો સ્વીકારવાને બદલે ગાંધીજીના વિચારોના પ્રચાર અને પબ્લિશિંગ માટે પોતાનું જીવન સમર્પિત કર્યું હતું.

**રૂપિયામાં પેમેન્ટ...**

ઈન્ડિયા છેલ્લા કેટલાક સમયથી રૂપિયામાં વેપારને પ્રોત્સાહન આપવાનો પ્રયાસ કરી રહ્યા છે.

આ અંગે આરબીઆઈના ડેપ્યુટી ગવર્નર રોહિત જૈને જણાવ્યું હતું કે, સ્પેશિયલ રૂપિયા વોસ્ટ્રો એકાઉન્ટ્સ મારફતે રૂપિયાનો વ્યાપારી હેતુથી સફળ ઉપયોગ કોમર્શિયલ વાયેબિલિટી, ટુ-વે ટ્રેડ કોરિડોર, બેન્કિંગ સંબંધો અને માર્કેટ આધારિત રેટ પર નિર્ભર રહેશે. વધુમાં, બેંકોએ પ્રથમ વખત આ સિસ્ટમનો ઉપયોગ કરતા ગ્રાહકોને યોગ્ય માર્ગદર્શન આપવું પડશે અને મની લોન્ડરિંગ વિરોધી નિયંત્રણોને વધુ મજબૂત કરવા પડશે.

ટ્રેડ થિંક ટેન્ક જીટીઆરઆઈના જણાવ્યા અનુસાર, ડિજીએફટી નો આ નવો સુધારો ફોરેન ટ્રેડ પોલિસીને આર:૩બીઆલઈ ના ૨૦૨૩ ના ફોરેન-એક્સચેન્જ રેગ્યુલેશન્સ સાથે સુસંગત બનાવે છે, / ચલણના ૨ મદદ મળી શકે છે. જોકે, રૂપિયો સંપૂર્ણપણે કન્વર્ટિબલ ન હોવાથી વિદેશી બેંકો મોટા પ્રમાણમાં રૂપિયાનું બેલેન્સ જાળવી રાખવામાં ખચકાટ અનુભવે છે તે હજુ પણ એક મોટો પડકાર છે.

(ત્રીજા પાનાનું ચાલું)

**સંજયરાજ ગ્રુપ...**

છે. હિલ્ટનના જણાવ્યા મુજબ ભારતમાં હાલમાં ડબલ ટ્રી બાય હિલ્ટનની ૧૨ હોટેલ્સ કાર્યરત છે, જ્યારે વધુ ૧૪ હોટેલ્સ પાઈપલાઈનમાં છે.

હિલ્ટનના એશિયા પેસિફિક ડેવલપમેન્ટના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ ક્લારેન્સ ટાનના જણાવ્યા મુજબ રાજકોટ જેવા વિકસતા વ્યાપારી કેન્દ્રોમાં વધતી માંગને ધ્યાનમાં રાખીને ડબલ ટ્રી બાય હિલ્ટન જેવી ફુલ-સર્વિસ બ્રાન્ડ યોગ્ય છે. હિલ્ટન સાઉથ એશિયાના રિજનલ હેડ જુબીન સક્સેનાએ પણ રાજકોટ જેવા પ્રાદેશિક બજારમાં હોટેલ શરૂ થવાથી ગુજરાતમાં કંપનીની હાજરી વધુ મજબૂત બનશે તેમ જણાવ્યું હતું.

સંજયરાજ એન્ડ કંપનીના પાર્ટનર સ્વરાજ રાજગુરુએ જણાવ્યું હતું કે રાજકોટમાં મેન્યુફેક્ચરિંગ, એન્જિનિયરિંગ અને ટ્રેડિંગ ક્ષેત્રના વિકાસ સાથે વિશ્વસ્તરીય હોસ્પિટાલિટી અને પ્રીમિયમ ઈવેન્ટ સ્પેસની માંગ વધી રહી છે. હિલ્ટન સાથેનો આ પ્રોજેક્ટ શહેરની બદલાતી જરૂરિયાતોને પૂર્ણ કરવામાં મહત્વની ભૂમિકા ભજવી શકે છે.૭૦૦થી વધુ હોટેલ્સ સાથે ૬૩ દેશો અને પ્રદેશોમાં હાજરી ધરાવતી ડબલ ટ્રી બાય હિલ્ટન બ્રાન્ડનું રાજકોટમાં આગમન શહેરના હોસ્પિટાલિટી ક્ષેત્રને આંતરરાષ્ટ્રીય સ્તરે નવી ઓળખ આપશે. પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ બિઝનેસ તેમજ લેઝર ટ્રાવેલર્સ ઉપરાંત લગ્નો, કોન્ફરન્સ અને મોટા સામાજિક કાર્યક્રમો માટે રાજકોટમાં વધુ એક પ્રીમિયમ વિકલ્પ ઉપલબ્ધ થશે.

**રોપ-વે...**

મિનિટમાં અંબાજી મંદિર પહોંચાડે છે.

ઉષા બ્રેકો લિમિટેડ દ્વારા 'ઉડન ખટોલા' બ્રાન્ડ હેઠળ સંચાલિત આ રોપ-વે સ્થળો પર યાત્રાળુઓ માટે વેઈટિંગ હોલ, ફૂડ કોર્ટ, ફર્સ્ટ એઈડ, વ્હીલચેર, શૌચાલય અને માતૃ સંભાળ કક્ષ જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવાઈ છે. ગિરનાર રોપ-વે સવારે ૭ થી સાંજે ૫ વાગ્યા સુધી, પાવાગઢ સવારે ૬ થી સાંજે ૫:૪૫ વાગ્યા સુધી અને અંબાજી રોપ-વે સવારે ૭ થી સાંજે ૬ વાગ્યા સુધી કાર્યરત રહે છે.

દિવ્યાંગજનોને ટિકિટમાં વિશેષ ડિસ્કાઉન્ટ આપવામાં આવે છે, જ્યારે ડિસેમ્બરથી માર્ચ દરમિયાન 'શરદ મહોત્સવ' યોજના હેઠળ શાળાના વિદ્યાર્થીઓને શૈક્ષણિક પ્રવાસ માટે પ્રોત્સાહિત કરવા ડિસ્કાઉન્ટ અપાય છે. યાત્રીઓ વધુ માહિતી કે ઓનલાઈન ટિકિટ બુકિંગ માટે 'ીમફક્ષસવફજ્ઞિહફ.ભજ્ઞળ' વેબસાઈટ, ભીતજ્ઞિળયભિફયીતવફબયિભજ્ઞ.ભજ્ઞળ ઈમેઈલ અથવા ટોલ ફ્રી નંબર ૧૮૦૦-૨૦૨-૪૦૫૦ પર સંપર્ક કરી શકે છે.

(છેલ્લા પાનાનું ચાલુ)

**મંત્રી પાનશેરીયા...**

આક્ષેપ થતા ડોક્ટરને લાંછન લાગે તેવા કૃત્યથી કુતૂહલ અને સમગ્ર મામલે અફરાતફરી સર્જાઈ હતી સિક્યુરિટી સ્ટાફ દ્વારા વચ્ચે પડી છૂટ પાડ્યા હતા જેમાં મહિલા તબીબને ગાળો ભાંડતા હોવાનો વિડ્યો પર સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો સમગ્ર ઘટનામાં મહિલા તબીબ દ્વારા મહિલાઓની સુરક્ષા અંગે પ્રનગર પોલીસ સ્ટેશન ખાતે દોડી ગયા હતા અને ડો રામાણી વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા ફરિયાદ કરી હતી બાદ મહિલા તબીબ પર થયેલા હુમલાબાદ સુરક્ષા અને અભદ્ર વર્તન બાબતે રેસીડેન્ટ જુનિયર ડોક્ટરો સિવિલ હોસ્પિટલમાં ડોક્ટર રામાણીને હટાવવા સૂત્રોચાર કર્યા હતા તેમજ વિજળીક હડતાળ પર ઉતરી ગયા હતા હડતાળ પર ઉતરેલ જુનિયર રેસિડેન્ટ ડોકટરએ જેમાં ૧૦૮ ઈમરજન્સી ને પણ સેવાઓ અટકાવવા પ્રયાસ કર્યો હતો સમગ્ર મામલે સિવિલ હોસ્પિટલમાં લોકોના ટોળા એકઠા થયા હતા મેડિકલ ઈમરજન્સીના રેસીડેન્ટ જુનિયર ડોક્ટરોના મામલે રાજકોટ સિવિલ હોસ્પિટલના પૂર્વ તબીબી અધિક્ષક મોનાલી માકડીયા અને આર.એમ.ઓ હર્ષદ દૂસરા ઘટના સ્થળે દોડી ગયા હતા અને જુનિયર રેસિડેન્ટ ડોકટરો દ્વારા સુપ્રિટેન્ડને જણાવેલ કે મહિલા ડોક્ટરની સુરક્ષા બાબતે સવાલો ઉઠાવ્યા તેમજ અગાઉ પર ડો રામાણી દ્વારા પર આવું વર્તન કરવા અંગ ફરિયાદ કરેલ છે અને મહિલા તબીબ પર હાથ ઉપાડવો કેટલી યોગ્ય છે તેવા આક્ષેપો કર્યા હતા તેમજ ડો રામાણી વિરુદ્ધ પગલા ભરવાની રજૂઆત કરી હતી જેથી પૂર્વ તબીબી અધિક્ષક મોનાલી માકડિયાએ ખાતરી આપતા જુનિયર રેસિડેન્ટ ઈમરજન્સી ડોક્ટરે હડતાળ ને સમેટી હતી જેના પડઘા ગાંધીનગર સુધી પડઘા પડ્યા હતા અને મહિલા તબીબ સાથે ગેરવર્તન અંગે રાજ્યસરકાર દ્વારા ગંભીરતા લીધી હતી અને તાત્કાલિક રાજ્ય આરોગ્ય મંત્રી દ્વારા પ્રફુલભાઈ પાનશેરીયા દ્વારા મહિલા તબીબ સાથે ટેલિફોન વાતચીત કરી ને મહિલા તબીબ હિંમત વધારવાની સાથે તમને સંપૂર્ણ ન્યાય અને સુરક્ષા સુનિશ્ચિત કરવાનું આશ્વાસન આપ્યું હતું એ મંત્રી એ સ્પષ્ટ કર્યું હતું કે સરકારી હોસ્પિટલમાં મહિલા કર્મચારીઓ અને તબીબો ની સુરક્ષા સાથે કોઈ પ્રકારનું સમાધાન કરવામાં નહીં આવે તેમજ વધુમાં ઉમેર્યું હતું કે મહિલા તબીબો સમાજને આરોગ્ય સેવા પૂરી પાડવા અત્યંત મહત્વપૂર્ણ યોગદાન આપે છે તેમની સાથે સન્માન પૂર્ણ અને સુરક્ષિત કાર્ય સ્થળ જળવાઈ રહે તે માટે રાજ્ય સરકાર સંપૂર્ણપણે પ્રતિબંધ છે અને આ ઘટનામાં સંડોવાયેલા સિનિયર તબીબ સામે નિયમ અનુસાર જરૂરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી છે.

**એમેઝોન પાઠ્યપુસ્તકો...**

તેવા આશયથી મંડળે એમેઝોન સાથે આ મહત્વપૂર્ણ કરાર કર્યા છે. આ નવીન પહેલના પરિણામે વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ જરૂરિયાત મુજબ એમેઝોન પ્લેટફોર્મ પરથી સંબંધિત ધોરણના પાઠ્યપુસ્તકો સરળતાથી ઓનલાઈન ઓર્ડર કરી શકશે.

શિક્ષણ મંત્રી ડો.પ્રદ્યુમન વાજાએ રાજ્ય સરકારની પહેલને ઐતિહાસિક ગણાવી જણાવ્યું હતું કે, ડિજિટલ યુગમાં ગુજરાત સરકારે 'ઈઝ ઓફ એજ્યુકેશન'ની દિશામાં એક ક્રાંતિકારી કદમ ઉઠાવ્યું છે. આ કરાર હેઠળ ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા પ્રસિદ્ધ તમામ માધ્યમ અને ધોરણોના પાઠ્યપુસ્તકો એમેઝોન પ્લેટફોર્મ પર ઉપલબ્ધ થશે.

શિક્ષણ મંત્રીએ કહ્યું હતું કે, વડાપ્રધાનના વિકસિત ભારતના સંકલ્પ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાતમાં શિક્ષણનું મજબૂત ઈકોસિસ્ટમ તૈયાર થઈ રહ્યું છે. ૧૦૦ ટકા નામાંકન અને સુવિધાસભર શાળાઓના નિર્માણ સાથે ગુણવત્તાયુક્ત શિક્ષણ છેવાડાના બાળક સુધી પહોંચાડવા અમારી સરકાર કટિબદ્ધ છે.

તેમણે કહ્યું હતું કે, વિદ્યાર્થીઓ કે વાલીઓ પાસેથી કોઈપણ પ્રકારનો ડિલિવરી ચાર્જ લીધા વિના માત્ર પુસ્તક પર છાપેલી નિયત કિંમતે જ ઘરે બેઠા પુસ્તકો પહોંચાડવામાં આવશે. રાજ્ય સરકાર દ્વારા વિનામૂલ્યે અપાતા પાઠ્યપુસ્તકો ઉપરાંત, જે વિદ્યાર્થીઓને પુસ્તકો ખરીદવાની જરૂરિયાત હોય તેઓ હવે બુક સ્ટોર પર ગયા વગર સીધા ઓનલાઈન ઓર્ડર કરી શકશે.

આ પ્રસંગે રાજ્ય પાઠ્ય પુસ્તક મંડળના પ્રમુખ મનુભાઈ પવરાએ જણાવ્યું હતું કે, આ ભાગીદારી અંતર્ગત સેલ્ફ-ફાઈનાન્સ શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓને હવે પુસ્તકો ખરીદવા માટે રિટેલર કે ડિસ્ટ્રિબ્યુટરની દુકાનોના ધક્કા ખાવા નહીં પડે અને સમયનો પણ બચાવ થશે. એમેઝોનના વિશાળ લોજિસ્ટિક્સ નેટવર્ક દ્વારા પુસ્તકો વિદ્યાર્થીઓના ઘર સુધી સમયસર પહોંચાડવામાં આવશે. જેના પરિણામે સત્રની શરૂઆતમાં બુક સ્ટોર્સ પર થતી ભીડ, લાંબી કતારો અને સમયના વ્યયમાંથી વાલીઓ-વિદ્યાર્થીઓને કાયમી રાહત મળશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત રાજ્ય શાળા પાઠ્ય પુસ્તક મંડળ દ્વારા દર વર્ષે સ્વનિર્ભર શાળાઓના વિદ્યાર્થીઓ માટે અંદાજે ૧.૫ કરોડ ગુણવત્તાસભર પાઠ્યપુસ્તકો પૂરા પાડવામાં આવે છે. હાલમાં આ પુસ્તકો તમામ જિલ્લાઓના અધિકૃત વિતરકો મારફતે પુસ્તક વિક્રેતાઓ સુધી પહોંચાડવામાં આવે છે.

ગુજરાત સ્ટેટ બોર્ડ ઑફ સ્કૂલ ટેક્સ્ટ બુક્સ અને એમેઝોન ઈન્ડિયા વચ્ચે મહત્વપૂર્ણ ભાગીદારી કરવામાં આવી છે. આ પહેલનો ઉદ્દેશ્ય ગુજરાતભરના લાખો વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે ગુણવત્તાયુક્ત શૈક્ષણિક સામગ્રીને વધુ સુલભ, વાજબી કિંમતે અને સરળતાથી ઉપલબ્ધ બનાવવાનો છે. આ ભાગીદારી દ્વારા વિદ્યાર્થીઓ અને શિક્ષકોને જરૂરી અભ્યાસસામગ્રી સરળતાથી મળી રહેશે, જે વિદ્યાર્થીઓની શૈક્ષણિક સફરને વધુ સશક્ત બનાવશે.

**લઠ્ઠાકાંડ...**

પીવાથી મોત થયું હતું. પરંતુ ભાવનગરમાં પીએમ કરાવ્યા વિના જ તેનો મૃતદેહ પરિવારજનોને સોંપી દેવાતાં સંબંધિત કોન્સ્ટેબલને પણ સસ્પેન્ડ કરાયો છે. ઘટનાના ઘેરા પ્રત્યાઘાતો વચ્ચે ભાવનગર બાર એસોસિએશન અને સ્થાનિક વકીલોએ માનવતા દાખવીને આ ઘાતક લઠ્ઠાકાંડના આરોપીઓ વતી કોર્ટમાં કેસ ન લડવાનો મક્કમ નિર્ણય કર્યો છે.

**અમિત ચાવડા...**

સરકાર જવાબદાર છે. ભાવનગરનો હાલનો દુઃખદ બનાવ કોઈ પહેલો બનાવ નથી. વર્ષ ૨૦૦૯માં અમદાવાદમાં લઠ્ઠાકાંડમાં ૧૪૦થી વધુ લોકોનાં મોત થયા હતા અને આશરે ૨૦૦ લોકોની આંખોની રોશની જતી રહી હતી. વર્ષ ૨૦૧૬માં સુરતમાં લઠ્ઠાકાંડમાં ૧૬થી વધુ લોકોનાં મોત થયા હતા. વર્ષ ૨૦૨૨માં અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તાર અને બોટાદમાં બનેલા લઠ્ઠાકાંડમાં ૫૦ લોકોનાં મોત થયા હતા. વર્ષ ૨૦૨૪માં ગાંધીનગરના દેહગામમાં બનેલા લઠ્ઠાકાંડમાં બે લોકોનાં મોત થયા હતા અને અનેક લોકો અસરગ્રસ્ત થયા હતા. વર્ષ ૨૦૨૫માં ખેડાના નડિયાદમાં લઠ્ઠાકાંડમાં ત્રણ લોકોનાં મોત થયા હતા અને અનેક લોકો અસરગ્રસ્ત થયા હતા.

વર્ષોથી આવી ઘટનાઓ બનતી હોવા છતાં સરકાર કાયમી ઉકેલ લાવવામાં નિષ્ફળ રહી છે. આ પરંપરા પાછળનું મુખ્ય કારણ ભાજપ સરકારમાં વ્યાપેલો ભ્રષ્ટાચાર અને હપ્તાખોરી છે. જો સરકાર દારૂ અને ડ્રગ્સમાંથી હપ્તા લેવાનું બંધ કરીને દારૂબંધીના કાયદાનો ઈમાનદારીપૂર્વક અમલ કરાવે તો ગુજરાતમાં એક ટીપું પણ દારૂ ન મળે તેવી સ્થિતિ ઊભી થઈ શકે છે. પરંતુ પૈસા કમાવાની લાલસા અને હપ્તાખોરીના કારણે સરકાર દારૂના ગેરકાયદેસર નેટવર્ક સામે કડક કાર્યવાહી કરતી નથી.

ભાવનગર જિલ્લાના કરકડી ગામે બનેલા તાજેતરના લઠ્ઠાકાંડ અંગે પોલીસની એફઆઈઆરમાં ઝેરી કેમિકલયુક્ત લઠ્ઠાના કારણે લોકોનાં મોત થયાની વિગતો નોંધવામાં આવી છે. આ બનાવમાં આશરે છ લોકોનાં મૃત્યુ થઈ ચૂક્યાં છે અને અનેક લોકો હજુ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. એફઆઈઆરમાં નોંધાયેલી વિગતો મુજબ ડુપ્લિકેટ દારૂ બનાવવા માટે મિથેનોલ અમદાવાદના સરખેજથી ટ્રાન્સપોર્ટ મારફતે ભાવનગર સુધી લઈ જવામાં આવ્યું હતું. વધુ ગંભીર બાબત એ છે કે આ ડુપ્લિકેટ દારૂ બનાવનારા આરોપીઓએ અગાઉ પણ બે વખત આ રીતે ડુપ્લિકેટ દારૂ બનાવીને વેચ્યો હોવાનું એફઆઈઆરમાં નોંધાયું છે.

જો આટલી પેટી દારૂ લાવવામાં આવ્યો હતો, આટલો દારૂ બનાવવામાં આવ્યો હતો, મટીરીયલ ક્યાંથી આવ્યું હતું, ક્યાં સ્ટોરેજ થયું હતું અને ક્યાં સપ્લાય કરવામાં આવ્યું હતું તેની વિગતો પોલીસને બનાવ બન્યા બાદ અને લોકોનાં મોત થયા બાદ જ કેમ મળે છે? આ તમામ બાબતોની અગાઉથી પોલીસને જાણ કેમ ન થઈ? હપ્તો લેવાની લાલસાના કારણે આ સમગ્ર ગેરકાયદેસર પ્રવૃત્તિને પહેલાં કેમ રોકવામાં આવી નહીં? લોકોનાં મોત થયા બાદ જ પોલીસ કાર્યવાહીના નામે તમામ વિગતો સામે આવે છે તે અત્યંત ગંભીર બાબત છે.

ગુજરાતની જનતાનો સવાલ છે કે દારૂબંધીનો કાયદો શેના માટે છે? સરહદો પરથી કન્ટેનરો ભરીને દારૂ ગુજરાતમાં આવે છે તો તેના માટે કોણ જવાબદાર છે? કોઈ વિસ્તારમાં દારૂ વેચાય અને લઠ્ઠાકાંડ થાય ત્યારે માત્ર જે તે પોલીસ સ્ટેશનના અધિકારીઓને જ જવાબદાર ઠેરવીને સરકાર પોતાની જવાબદારીમાંથી છટકી શકે નહીં. એસ.પીની જવાબદારી કેમ નક્કી થતી નથી? રેન્જ આઈજીની જવાબદારી કેમ નક્કી થતી નથી? ડીજીપીની જવાબદારી કેમ નક્કી થતી નથી? રાજ્યના ગૃહમંત્રી ગુજરાતની જનતા સમક્ષ આવીને જવાબદારી કેમ સ્વીકારતા નથી? મુખ્યમંત્રી કેમ દિલગીરી વ્યક્ત કરીને એ સ્વીકારતા નથી કે તેમની સરકાર દારૂબંધીના કાયદાનો અમલ કરવામાં નિષ્ફળ રહી છે અને તેના કારણે નિર્દોષ લોકોનાં જીવ ગયા છે?

રાજ્યના ગૃહમંત્રીની મૂળભૂત જવાબદારી ગુજરાતની જનતાની સલામતી, કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવાની અને દારૂબંધીના કાયદાનો કડક અમલ કરાવવાની છે. પરંતુ ગૃહમંત્રી ક્યાંક ગરબા રમતા, ક્યાંક રીલ્સ બનાવતા કે અન્ય કાર્યક્રમોમાં વ્યસ્ત જોવા મળે છે, જ્યારે ગુજરાતમાં લઠ્ઠાકાંડમાં લોકોનાં મોત થઈ રહ્યાં છે. ગૃહમંત્રીએ પોતાની મૂળભૂત જવાબદારી નિભાવવાની જરૂર છે. તેથી કોંગ્રેસ પક્ષની સ્પષ્ટ માગ છે કે ગૃહમંત્રી ગુજરાતની જનતા સમક્ષ આવે, પોતાની જવાબદારી સ્વીકારે અને જો થોડી પણ નૈતિકતા હોય તો તાત્કાલિક રાજીનામું આપે.

કોંગ્રેસ પક્ષની બીજી મુખ્ય માગણી અંગે ભાવનગર લઠ્ઠાકાંડની સમગ્ર ઘટનાની હાઈકોર્ટના સિટિંગ જજના નેતૃત્વમાં સીટ બનાવીને નિષ્પક્ષ અને ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવે. આ કોઈ પ્રથમ બનાવ નથી, પરંતુ વારંવાર આવા બનાવો બની રહ્યા છે અને નિર્દોષ લોકોનાં જીવ જઈ રહ્યા છે. તેથી માત્ર નાના આરોપીઓની ધરપકડ કરીને સમગ્ર પ્રકરણનો અંત લાવી શકાય નહીં. દારૂ બનાવનારાઓથી લઈને સપ્લાય કરનારાઓ, મિથેનોલ પહોંચાડનારાઓ, ગેરકાયદેસર નેટવર્ક અને તેની સામે કાર્યવાહી કરવામાં નિષ્ફળ રહેલા પોલીસ તથા વહીવટી તંત્રની ભૂમિકા સહિત સમગ્ર કડીની તપાસ થવી જોઈએ.

ભાવનગરમાં બનેલા લઠ્ઠાકાંડની હકીકત જાણવા, અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લેવા અને સમગ્ર પ્રકરણની જાત તપાસ કરવા માટે કોંગ્રેસનું પ્રતિનિધિમંડળ કે જેમાં પ્રદેશ કાર્યકારી પ્રમુખ અને ધારાસભ્ય જીગ્નેશ મેવાણી, પૂર્વ ધારાસભ્ય રાજેશભાઈ ગોહિલ, પ્રદેશ ઉપપ્રમુખ ડો. હેમાંગભાઈ વસાવડા, પ્રદેશના મહામંત્રી હરિભાઈ ભરવાડ અને વિરેન્દ્રસિંહ વાઘેલા (અજીતસિંહ), ભાવનગર શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ મનોહરસિંહ ગોહિલ, ભાવનગર જીલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ પ્રવિણભાઈ રાઠોડ આજે ભાવનગરની મુલાકાત લેશે. પ્રતિનિધિમંડળ સમગ્ર ઘટનાની હકીકત, જવાબદાર લોકો અને તંત્રની ભૂમિકા અંગે માહિતી મેળવી વિગતવાર રિપોર્ટ તૈયાર કરશે અને આવનારા વિધાનસભા સત્રમાં આ મુદ્દે સરકારને જવાબદાર ઠેરવીને ચર્ચા કરવામાં આવશે. સાથે જ ગુજરાતની જનતાના હિતમાં ગૃહમંત્રીના રાજીનામાની માગણી પણ વિધાનસભામાં ઉઠાવવામાં આવશે.

# દુઃખદ અવસાન

## સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના



**રાજકોટ :** કપિલાબેન જેરામભાઈ શિશાંગીયા, ઉંમર ૭૪ વર્ષ,નું તા. ૨૦/૦૮/૨૦૨૬ના અવસાન થયેલ છે. તેઓ વાળંદ સમાજના પૂર્વ પ્રમુખ સ્વ. જેરામભાઈ ગોપાલજી શિશાંગીયાનાં પુત્રી થાય કપિલાબેને દ્વારકા પી.વી.એમ. ગર્લ્સ હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે આજીવન સેવા આપી હતી. તેમનું ટેલિફોનિક બેસણું તા. ૨૨/૦૮/૨૦૨૬ના રોજ સાંજે ૪:૦૦ થી ૬:૦૦ કલાક સુધી રાખવામાં આવેલ છે.સંપર્ક : નૌતમભાઈ જે. શિશાંગીયા (મોટાભાઈ) - ૯૯૨૫૮ ૫૬૩૭૩ હસમુખભાઈ જે. શિશાંગીયા (ભાઈ) - ૯૭૨૭૬ ૮૫૦૧૮ પ્રતિભાબેન શિશાંગીયા (ધામેલીયા) (બહેન) - ૯૯૭૮૩ ૯૫૩૫૯.

**રાજકોટ:** દિલ્હી નિવાસી સ્વ. હંસાબેન તથા સ્વ. જયંતભાઈ પ્રભુદાસભાઈ દેસાઈના જયેષ્ઠ પુત્ર તે સુનિલભાઈના ભત્રીજા, અભિષેકભાઈ તથા પુનિતભાઈના મોટાભાઈ, સ્વ. લક્ષ્મીચંદ કિરચંદ ગાંધીના દોહિત્ર તથા ચેન્નાઈ નિવાસી દિનેશભાઈ મહેતાના જમાઈ બ્રિજેશભાઈ (બંટીભાઈ) (ઉ.વ.૫૦)નું ચેન્નાઈ ખાતે તા. ૨૦ ના રોજ અવસાન થયેલ છે. જેની સાદડી અશોકભાઈ લક્ષ્મીચંદ ગાંધી, મિલી એપાર્ટમેન્ટ યાજ્ઞિક રોડ રાજકોટ ખાતે શનિવાર તા. ૨૨ ને સાંજે ૪:૩૦ થી ૫:૩૦ દરમિયાન રાખેલ છે. (મો.નં. ૯૪૨૯૩ ૧૬૯૩૮)

**ઉના :** ઉના નિવાસી ઔદિચ્ય ગઢિયા બ્રાહ્મણ દિપ્તીબેન અરવિંદભાઈ દવે તે અરવિંદભાઈ લાભશંકર અને ગીતાબેન અરવિંદભાઈ દવેના પુત્રી, હેતલબેન કિશોરકુમાર પંડયા (મોવિયા) અને નિખિલ અરવિંદભાઈ દવે (રાજકોટ)ના બહેનનું તા. ૨૦/૮/૨૦૨૬ના અવસાન થયેલ છે. સતગનું બેસણું તા. ૨૨/૮/૨૦૨૬, શનિવારના રોજ સાંજે ૪ થી ૫ વાગ્યે બાલાજી મંદિર, શિશુ ભારતી સ્કુલની પાસે, તુલસીધામ સોસાયટી, ઉના ખાતે રાખેલ છે.

**રાજકોટ :** જયશ્રીબેન પ્રવીણભાઈ વડેરા, (ઉ.વ. ૬૬)નું તા. ૨૦ના રોજ ગુરૂવારે અવસાન થયેલ છે. તેઓ પ્રવીણભાઈ ભાઈલાલભાઈ વડેરાનાં પત્ની, નિલેશભાઈ, વિપુલભાઈ, કલાબેન તથા બીનાબેનનાં માતૃશ્રી, મીત તથા શુભમનાં દાદી અને વીનુભાઈનાં ભાભી થાય સદ્ગતનું ઉઠમણું તા. ૨૧ , શુક્રવારના રોજ સાંજે ૫ થી ૬ કલાક દરમિયાન નાગેશ્વર મહાદેવ મંદિર, અશોક સમ્રાટ સ્કૂલ, મોરારી નગર મેઈન રોડ ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# હરે કૃષ્ણ સહિત ચાર રેસ્ટોરન્ટ સીલ: ફરાળી પેટીસ-લોટના નમુના લેવાયા

## સર્વેલન્સ ચેકિંગ અંતર્ગત ૪૭ પેઢીઓમાં તપાસ : ૫૦ કિલો અખાદ્ય જથ્થાનો નાશ, પાંચને નોટિસ, ૧૭ હજાર વહીવટી ચાર્જ વસુલાયો



**અબતક, રાજકોટ**

કોર્પોરેશન આરોગ્ય શાખા સંલગ્ન ફૂડ વિભાગની ટીમ દ્વારા હાથ ધરવામાં આવેલા સર્વેલન્સ ચેકિંગ દરમિયાન જન આરોગ્ય સાથે ચેડા થાય તેવી વાનગી પીરસતી અને પ્રતિબંધિત ફૂડ કલરનો ઉપયોગ કરવા બદલ ચાર રેસ્ટોરન્ટને સીલ કરી દેવામાં આવ્યા છે. અલગ અલગ ૪૭ પેઢીઓમાં તપાસ હાથ ધરવામાં આવી હતી. ૫૦ કિલો અખાદ્ય જથ્થાનો નાશ કરી પાંચ પેઢીને સ્ટોરેજ લાયસન્સ અને હાઈજેનિક કંડીશન બાબતે નોટિસ આપવામાં આવી હતી. ૧૭ હજારનો દંડ વસુલ કરવામાં આવ્યો હતો.

કોઠારિયા રોડ પર નયારા પેટ્રોલપંપ પાસે માનવ આશ્રમ સામે જય રામનાથ ચાઈનીઝ એન્ડ પંજાબીમાં ચેકિંગ દરમિયાન પેઢીમાંથી વાસી એ અખાદ્ય મન્ચુરિયન સહિતનો ૧૩ કિલોનો જથ્થો મળી આવ્યો હતો. જેનો નાશ કરવામાં આવ્યો હતો. પેઢીને સીલ કરી રૂા. ૩૦૦૦નો દંડ વસુલ કરવામાં આવ્યો હતો. કવી નાનાલાલ માર્ગ પર સિરોમણી કોમ્પલેક્ષમાં આવેલા હરિકૃષ્ણ રેસ્ટોરન્ટ એન્ડ ફૂડ પાર્સલમાં ચેકિંગ દરમિયાન પેઢીમાંથી અમાન્ય ફૂડ કલરનો જથ્થો મળી આવ્યો હતો. વાસી ખાદ્ય ચીજોનો ૮ કિલોનો નાશ કરી પેઢીને સીલ કરી દેવામાં આવી છે. અને રૂા. ૩૦૦૦નો દંડ વસુલ કરવામાં આવ્યો હતો. યુનિવર્સિટી રોડ પર ભગતસિંહ ગાર્ડન સામે ઓમ સાંઈ ચાઈનીઝ-પંજાબી રેસ્ટોરન્ટમાં ચેકિંગ દરમિયાન પ્રતિબંધીત ફૂડ કલરનો જથ્થો પકડાયો હતો. ફ્રીઝમાં સંગ્રહ કરીને રાખવામાં આવેલી વાસી ગ્રેવી, પાંઉભાજી તથા બાફેલા સલાડ સહિત ૧૧ કિલો અખાદ્ય સામગ્રીનો નાશ કરી રૂા. ૫૦૦૦નો દંડ વસુલ કરવામાં આવ્યો હતો. અને પેઢીને સીલ કરી દેવામાં આવી છે. આ ઉપરાંત એન્જલ ચાઈનીઝ પંજાબીમાં ચેકિંગ દરમિયાન પ્રતિબંધત ફૂડ કલર મળી આવ્યો હતો. ૧૮ કિલો વાસી અને અખાદ્ય જથ્થાનો નાશ કરી રૂા. ૫૦૦૦નો વહીવટી ચાર્જ વસુલ કરી પેઢીને સીલ કરી દેવામાં આવી છે. આ ઉપરાંત સમૃદ્ધ ડેરી ફાર્મમાંથી લુઝ પનીર, કૈલાશ ફરસાણમાંથી ફરાળી પેટીસ, મહેશ વિજય ડેરી ફાર્મમાંથી લૂઝ પનીર અને શ્રી હરિ ફરાળમાંથી લૂઝ પેટીસનો નમુનો લેવામાં આવ્યો હતો. પટેલ ડેરીને ફૂડ લાયસન્સ સંદર્ભે નોટિસ આપવામાં આવી છે.

# સિક્સલેન ગ્રીનફીલ્ડ બાયપાસ સામે રફાળા ગામનાખેડૂતો મેદાને, અધિક કલેકટરને રજૂઆત

## અસરગ્રસ્ત ૫૦ ખેડૂતોને બે ગણું વળતર અને ૧૦૦ ટકા સોલેટિયમ આપવા માંગ: માંગણી નહિ સ્વીકારાય તો ઉગ્ર આંદોલન અને ભૂખ હડતાળની ચીમકી



**અબતક, રાજકોટ**

રાજકોટ જિલ્લાના રફાળા ગામની સીમમાં નિર્માણ પામી રહેલા ૬-લેન ગ્રીનફીલ્ડ બાયપાસ નેશનલ હાઈવે-૨૭ (ગોંડલ-હિરાસર ગ્રીનફીલ્ડ રોડ) માટે મોટા પાયે ખેતીની જમીન સંપાદિત કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. જમીન સંપાદનની આ પ્રક્રિયાને કારણે રફાળા ગ્રામ પંચાયત અને સ્થાનિક ખેડૂતોમાં ભારે રોષ, વ્યાપી ગયો છે. આ મામલે રફાળા ગ્રામ પંચાયત સરપંચ અને મોટી સંખ્યામાં ખેડૂતોએ અધિક કલેકટરને લેખિત આવેદનપત્ર આપી નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા સમક્ષ પોતાની ગંભીર માંગણીઓ અને વાંધાઓ રજૂ કર્યા છે.રજૂઆતમાં જણાવ્યા અનુસાર, જે જમીન સંપાદિત કરવામાં આવી રહી છે તેમાં મોટાભાગના નાના અને સીમાંત ખેડૂતો સમાવિષ્ટ છે. ખેતી જ આ ખેડૂતો અને તેમના પરિવારની આજીવિકાનું મુખ્ય અને એકમાત્ર સાધન છે. જો તેમની જમીન આ રીતે સંપાદિત કરી લેવામાં આવશે, તો અનેક પરિવારો આર્થિક રીતે સંપૂર્ણ પાયમાલ થઈ જશે અને તેમના જીવનનિર્વાહ સામે મોટો પ્રશ્નાર્થ ઊભો થશે.ગામના સરપંચ અને સ્થાનિક ખેડૂતોએ સ્પષ્ટ કર્યું છે કે, ગામના ખેડૂતો વિકાસના વિરોધી નથી, પરંતુ વિકાસના નામે ખેડૂતોના જીવનનિર્વાહ, હકો અને ભવિષ્યને નુકસાન ન થાય તે સુનિશ્ચિત કરવાની જવાબદારી સરકાર અને સંબંધિત સત્તાધિકારીઓની છે. ખેડૂતોને ન્યાય મળે અને સંપૂર્ણ પારદર્શક પ્રક્રિયા અનુસરવામાં આવે તે અત્યંત જરૂરી છે.જો ખેડૂતોના પ્રશ્નોનો ઉકેલ લાવવામાં નહીં આવે તો આગામી સમયમાં વિરોધ પ્રદર્શન વધુ ઉગ્ર બને તેવી ચીમકી રફાળા ગામના ખેડૂતોએ ઉચ્ચારી છે.

### રક્ષાબંધનના દિવસે ચંદ્રગ્રહણ

# ગ્રહણની અસર માનવજીવન ઉપર લેશ માત્ર પડતી નથી: જાથા

**અબતક, રાજકોટ**

વિશ્વના અમુક દેશો, પ્રદેશોમાં રક્ષાબંધન શુક્રવાર તા. ૨૮ મી ઓગસ્ટે ખંડગ્રાસ ચંદ્રગ્રહણનો અવકાશી નજારો બનવાનો છે. ભારતમાં આ ગ્રહણ બિલકુલ જોવા મળશે નહિ. ચંદ્રનો ૯૦ ટકા આસપાસનો ભાગ પૃથ્વીના પડછાયાના કારણે ઢંકાઈ જશે. આ નજારો અમેરિકા, યુરોપ અને આફ્રિકામાં અદ્દભુત જોવા મળવાનો છે. અવકાશી નજારો જોવા માટે વૈજ્ઞાનિકોએ તૈયારી આરંભી દીધી છે. રાજયમાં ભારત જન વિજ્ઞાન જાથાની રાજ્ય કચેરી ગ્રહણ સંબંધી લોકોને વૈજ્ઞાનિક સમજ આપશે.

સંવત ૨૦૮૨ શ્રાવણ શુકલ પક્ષ પુનમને શુક્રવાર તા. ૨૮ મી ઓગસ્ટ ૨૦૨૬ કુંભ રાશિ શતભિષા નક્ષત્રમાં થનારું ખંડગ્રાસ ચંદ્રગ્રહણ ભારતમાં દેખાશે નહિ જયારે ગ્રહણ પૂર્વીય પેસિફિક, અમેરિકા, યુરોપ અને આફ્રિકાનાં પ્રદેશોમાં જોવા મળશે. ભારતમાં ભૂમંડલે ગ્રહણ સ્પર્શ : ૦૬ કલાક ૫૪ મિનિટ, ગ્રહણ મધ્ય : ૯ કલાક ૪૨ મિનિટ, ગ્રહણ મોક્ષ : ૧૨ કલાક ૩૨ મિનિટ, ગ્રહણનું ગ્રાસમાન : ૦.૯૩ જયારે ઉપછાયા ગ્રાસમાન : ૧.૯૬૪૫ છે. ઉપછાયા ગ્રહણનો કુલ સમય : ૦૫ કલાક ૩૭ મિનિટ ૫૧ સેકન્ડ જેમાં ગ્રહણનો કુલ સમય : ૦૩ કલાક ૧૮ મિનિટ ૧૩ સેકન્ડ રહેશે. જાથાના રાજય ચેરમેન-એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે વર્ષ ૨૦૨૬ નું આખરી ખંડગ્રાસ ચંદ્રગ્રહણ રક્ષાબંધન દિવસે બનવાનું છે. ભારતના લોકોને જોવામાં નિરાશા મળશે. અમેરિકા, યુરોપ, આફ્રિકાના પ્રદેશોમાં ચંદ્રનો ભાગ ૯૦ ટકા આસપાસ ઢંકાઈ જશે. ચંદ્રની વિવિધ કળા, મુદ્રા કંડારવા ખગોળપ્રેમીઓ થનગની રહ્યા છે. નરી આંખે જોઈ શકાશે. ફોટોગ્રાફી-વિડીયોગ્રાફી થઈ શકશે. ભારતના લોકો ટી.વી. ઉપર આહલાદક અવકાશી નજારો જોઈ શકશે. પૃથ્વીનો મિત્ર ચંદ્ર માનવી માટે અનેક પ્રકારે લાભપ્રદ છે. અવકાશી ઘટનાઓ જોવા-માણવા માટેની હોય છે.

ગ્રહો કે ગ્રહણોને માનવજીવન સાથે કશી જ લેવા-દેવા નથી તેની સમજ આપવામાં આવશે. ચંદ્ર દર વર્ષે બે સેન્ટીમીટર ખસે છે. ભવિષ્યમાં આશરે ૪૭ કલાકનો દિવસ પણ બનશે. ગ્રહણ પૂનમ-અમાસનો સાથ છોડી ગમે તે તિથીએ ગ્રહણની ખગોળીય ઘટના બનશે. ભરતી-ઓટના વૈજ્ઞાનિક કારણની માહિતી આપવામાં આવશે. વૈજ્ઞાનિકો ખગોળી ઘટના વખતે માનવ કલ્યાણકારી સંશોધનો આદરે છે.

# ૩૬૦૪૦૫ કરદાતાઓ કોર્પોરેશનની તિજોરીમાં રૂ.૨૬૩.૮૧ કરોડ ઠાલવ્યા

## વ્યાજ માફી યોજનાનો લાભ લઈ ૩૦ સપ્ટેમ્બર સુધીમાં સંપૂર્ણ વેરો ભરપાઈ કરવા બાકીદારોને અનુરોધ

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાની વેરા વસુલાત શાખા દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭ દરમિયાન વેરા વસુલાતની સઘન કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. અત્યાર સુધીમાં ૩,૬૦,૪૦૫ કરદાતાઓ દ્વારા રૂ.૨૬૩.૮૧ કરોડ જેટલી રકમનો વેરો ભરપાઈ કરવામાં આવ્યો છે.

વેરા વસુલાત શાખા દ્વારા અમલમાં મુકવામાં આવેલી વ્યાજ માફી યોજનાનો પણ કરદાતાઓ દ્વારા સારો પ્રતિસાદ મળી રહ્યો છે. અત્યાર સુધીમાં ૨,૦૮૧ કરદાતાઓ દ્વારા રૂ.૩.૮૭ કરોડનો વેરો ભરપાઈ કરવામાં આવ્યો છે અને તેમને આશરે રૂ.૫૨.૩૯ લાખની વ્યાજ માફીનો લાભ આપવામાં આવ્યો છે.હાલ કરદાતાઓને કુલ રૂ.૧૦,૦૦૦ સુધીની વ્યાજ માફીનો લાભ આપવામાં આવી રહ્યો છે, જેમાં મિલકત વેરામાં રૂ.૫,૦૦૦ સુધી તથા પાણી વેરામાં રૂ.૫,૦૦૦ સુધીની વ્યાજ માફીનો સમાવેશ થાય છે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તમામ શહેરીજનોને અનુરોધ કરવામાં આવે છે કે, તા.૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધીમાં પોતાનો બાકી રહેલો સંપૂર્ણ વેરો ભરપાઈ કરી હાલની વ્યાજ માફી યોજનાનો મહત્તમ લાભ મેળવે અને વેરા વસુલાતની કામગીરીમાં સહકાર આપે.

વેરા વસુલાતની કામગીરી મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાના માર્ગદર્શન હેઠળ નાયબ કમિશનર સી.કે. નંદાણી, સેન્ટ્રલ ઝોનના આસી. કમિશનર કાશ્મીરાબેન વાઢેર, વેસ્ટ ઝોનના આસી. કમિશનર દીપેન ડોડીયા તથા ઈસ્ટ ઝોનના આસી. કમિશનર રાજીવ ગામેતીના માર્ગદર્શન હેઠળ સંબંધિત ઝોનની ટીમો દ્વારા કામગીરી કરવામાં આવી રહી છે.

આ ઉપરાંત સેન્ટ્રલ ઝોન મેનેજરઓ વત્સલ પટેલ તથા ભાવેશ પુરોહિત, વેસ્ટ ઝોન મેનેજર મયુર ખીમસુરીયા તથા હાર્દિકસિંહ જાડેજા, ઈસ્ટ ઝોન મેનેજર ગૌરવ ઠક્કર સહિત તમામ વોર્ડ ઓફિસરો અને ટેક્સ ઈન્સ્પેક્ટરો દ્વારા વેરા વસુલાતની સઘન કામગીરી કરવામાં આવી રહી છે.

# મહેસૂલી તલાટીઓના જોબચાર્ટ અને બિનજરૂરી બદલીઓ સામે વિરોધનો વંટોળ: કલેકટરને રજુઆત

## રજાના દિવસે ઓનલાઈન કે બાયોમેટ્રિક કામગીરી નહીં થાય, ‘એક ગામ દીઠ એક તલાટી’ મહેકમ મંજૂર કરવા ઉગ્ર માંગ

**અબતક, રાજકોટ**

રાજ્યના મહેસૂલી તલાટીઓ અને મહેસૂલી કર્મચારીઓના પડતર પ્રશ્નો તેમજ ઉતાવળે નક્કી કરાયેલા નવા જોબચાર્ટ સામે કર્મચારીઓમાં ભારે રોષ ફેલાયો છે. ગુજરાત રાજ્ય મહેસૂલી મહામંડળના આદેશ મુજબ રાજકોટ જિલ્લા કલેકટરને લેખિત રજૂઆત કરી ‘વર્ક ટુ રૂલ’ અને ‘વર્ક વિથ ડિગ્નિટી’ના સિદ્ધાંત મુજબ કામ કરવાની જાહેરાત કરવામાં આવી છે. આ અંગે મુખ્યમંત્રી, મહેસૂલ મંત્રી અને મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવને પણ પત્ર પાઠવી વાંધાઓ રજૂ કરાયા છે.

**બિન-મહેસૂલી કામગીરીથી અળગા રહેશે તલાટીઓ**

મંડળ દ્વારા જણાવાયું છે કે વિભાગ દ્વારા ઉતાવળે બનાવેલા જોબચાર્ટમાં એવી અનેક વિસંગતતાઓ છે જે મહેસૂલ વિભાગ સાથે સંબંધિત નથી. જ્યાં સુધી આ વિસંગતતાઓ દૂર કરવામાં નહીં આવે અને જોબચાર્ટની પુનઃ સમીક્ષા નહીં થાય ત્યાં સુધી બિન-મહેસૂલી વધારાની કામગીરી ન કરવાનો નિર્ણય લેવાયો છે. સાથે જ, બઢતી સમયે કરાયેલા બિનજરૂરી જિલ્લા ફેર તાત્કાલિક રદ કરવાની માંગ કરાઈ છે.

મહેસૂલી કર્મચારીઓ સવારે ૧૦:૩૦ થી સાંજે ૬:૧૦ ના સત્તાવાર સરકારી કલાકો દરમિયાન જ ફરજ બજાવશે.કચેરી સમય પૂર્ણ થયા બાદ તેમજ જાહેર રજાઓના દિવસોમાં સામાન્ય કે ઓનલાઈન કામગીરીથી કર્મચારીઓ અળગા રહેશે. નિયત સમય સિવાય ઓટીપી કે બાયોમેટ્રિક આધારિત કોઈપણ કામગીરી કરવામાં આવશે નહીં.પંચાયત કચેરીની માફક ગ્રામ્ય સ્તરે અલગ રેવન્યુ કચેરી ઊભી કરવામાં આવે અને ગામ દીઠ અલગ



મહેકમ મંજૂર થાય તો જ નવો જોબચાર્ટ અમલી બનાવવો શક્ય બનશે. મહેસૂલી મંડળના આગેવાનોએ સ્પષ્ટ કર્યું છે કે કર્મચારીઓ પોતાના મૂળ વિભાગની કામગીરી પૂર્ણ નિષ્ઠા અને અંતઃકરણપૂર્વક કરશે, પરંતુ અન્ય વિભાગોનું વધારાનું ભારણ અને કર્મચારીઓની ઉપેક્ષા હવે સહન કરવામાં આવશે નહીં. સરકારે તાત્કાલિક યોગ્ય ઉકેલ નહીં લાવે તો આગામી સમયમાં વિરોધ વધુ ઉગ્ર બને તેવી શક્યતા છે.

# મંજૂરી વિના લગાવેલા ૨૬૩૫ બોર્ડ બેનરો જપ્ત: રૂ.૪.૦૯ લાખનો દંડ વસૂલાયો

## રાજમાર્ગો પરથી ૨૫૮ રેંકડી અને કેબીન ઉઠાવી લેવાય

**અબતક રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાની દબાણ હટાવ શાખા દ્વારા ધરાર માર્કેટ, સંતકબિર રોડ, પેડક રોડ, કોઠારીયા રોડ, મવડી મેઈનરોડ, સાધુવાસવાણી રોડ, ૧૫૦ રિંગ રોડ, રૈયા ધાર રોડ, રામાપીર ચોકડી, કાલાવડ રોડ, જ્યુબેલી, જંક્શન રોડ, ઢેબર રોડ, પરાબજાર પાસેથી રસ્તા પર નડતર રૂપ ૧૨૦ રેકડી/કેબીન જપ્ત કરવામાં આવી હતી.

ધરાર માર્કેટ, સંતકબિરરોડ, પેડક રોડ, કોઠારીયા રોડ, મવડી મેઈન રોડ, સાધુવાસવાણી રોડ, ૧૫૦ રિંગ રોડ, રૈયાધાર રોડ, રામાપીર ચોકડી, કાલાવડ રોડ, જ્યુબેલી, જંક્શન રોડ, ઢેબરરોડ, પરાબજાર, ગુંદાવાડી, પરાબજાર, ગાયત્રીનગર મેઈન રોડ, યાજ્ઞિક રોડ, રેસકોર્ષ ગ્રાઉન્ડ પાસેથી જુદી-જુદી અન્ય ૪૪૫ પરચુરણ ચીજ વસ્તુઓ જપ્ત કરવામાં આવેલ.

ધરાર માર્કેટ, પેડક રોડ, પારેવડી ચોક, કેસરી હિન્દ પુલ, કોઠારીયા રોડ રણુજા મંદિર પાસે, મવડી મેઈન રોડ, પુષ્કરધામ મેઈન રોડ, સાધુવાસવાણી રોડ, ૧૫૦ રિંગ રોડ, રૈયાધાર રોડ, રામાપીર ચોકડી, કાલાવડરોડ, જ્યુબેલી, જંક્શન રોડ, ઢેબર રોડ, પરાબજાર, ગુંદાવાડી પાસેથી ૩૧૨૦ કિલો શાકભાજી અને ફળ જપ્ત કરવામાં આવ્યા હતા.

કોઠારીયા રોડ, સંતકબીર રોડ, પેડક રોડ, ભાવનગર રોડ, પુષ્કરધામ મેઈન રોડ, યુનિ.રોડ,નાણાવટી ચોક, રૈયા રોડ, મવડી રોડ, સ્વામીનારાયાણ ચોક, ઢેબર રોડ, સોરઠીયાવાડી પાસે થી રૂ.૧,૬૭,૮૫૦ મંડપ કમાન છાજલી ભાડુ વસુલ કરવામાં આવેલ છે. ૮૦ફુટ રોડ, પારેવડી ચોક, સંતકબીર રોડ, ધરાર માર્કેટ, કોઠારીયા રોડ, મોરબી રોડ, ભાવનગર રોડ, કુવાડવા રોડ, ૮૦ફુટ રોડ, અર્ટિકા ફાટક, જામનગર રોડ, ટાગોર રોડ, આનંદબંગલા ચોક, મવડી મેઈન રોડ, આહિર ચોક પરથી રૂ.૨,૧૪,૮૪૫ વહિવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

સેટેલાઈટ ચોક, કોઠારીયા રોડ, મોરબી રોડ, પેડક રોડ,ભાવનગર રોડ, ચુનારાવાડ મેઈન રોડ,ઢેબર રોડ, રેસકોર્ષ રિંગ રોડ, જામનગર રોડ, બંજરવાડી સર્કલ પાસે, મહીલા અંડરબ્રિજ, કાલાવડ રોડ, મવડી મેઈન રોડ, ગોંડલ ચોકડી, પુનીત નગરનાં ટાંકા પાસેથી મવડી ચોકડી સુધી, પરથી ૨૦૧૧ બોર્ડ-બેનર જપ્ત કરવામા આવ્યા હતા.

# રાજકોટ શહેર-ગ્રામ્યના ૧૫ સહિત રાજ્યના ૪૧૪ પોલીસ કર્મીઓની આંતર જિલ્લા બદલી

## કર્મચારીઓના વ્યક્તિગત અને પારિવારિક કારણોસર બદલીનો આદેશ જાહેર કરજી ડીજીપી મલિક

**અબતક, રાજકોટ**

ગુજરાત પોલીસ વિભાગમાં લાંબા સમયથી બદલીની રાહ જોઈ રહેલા પોલીસ કર્મચારીઓ માટે એક મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીની મંજૂરી બાદ રાજ્યના વિવિધ પોલીસ એકમોમાં ફરજ બજાવતા કુલ ૪૧૪ પોલીસ કર્મચારીઓની આંતરજિલ્લા બદલીના આદેશ જારી કરવામાં આવ્યા છે. આ બદલી પ્રક્રિયામાં ખાસ કરીને કર્મચારીઓની વ્યકિતગત અને કૌટુંબિક પરિસ્થિતિ, તેમજ પતિ-પત્ની બંને સરકારી નોકરીમાં હોય તેવા કિસ્સાઓની રજૂઆતોને વિશેષ પ્રાધાન્ય આપીને નિર્ણય લેવાયો છે.

રાજ્યના અલગ અલગ શહેર અને જિલ્લામાં ફરજ બજાવતા ૪૧૪ પોલીસ કર્મચારીઓની બદલીનો આદેશ ડીજીપી જી એસ મલિક દ્વારા જાહેર કરવામાં આવ્યો છે. રાજકોટ શહેર-ગ્રામ્યના ૧૫ સહીત રાજ્યના ૨૨૬ અનાર્મ્ડ કોન્સ્ટેબલ અને એલઆરડી જવાન, ૧૨૯ આર્મડ કોન્સ્ટેબલ અને એલઆરડી જવાન અને ૫૯ આર્મડ હેડ કોન્સ્ટેબલની બદલી કરવામાં આવી છે.

પોલીસ વિભાગ દ્વારા તમામ બદલી પામેલા પોલીસ કર્મચારીઓને સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે, જે મુજબ, બદલી પામેલા તમામ પોલીસ



કર્મચારીઓને નવી જગ્યાએ હાજર થવાનું રહેશે. નવી જગ્યાએ ચાર્જ લીધા બાદ તુરંત જ જૂની જગ્યાએ પરત બદલી માટે રજૂઆત કરી શકાશે નહીં. જે કર્મચારીઓ સામે વિભાગીય તપાસ કે ગંભીર ગુનાઓની તપાસ ચાલુ હોય, તો તેમના માટે આદેશમાં વિશેષ શરતો લાગુ રહેશે.

આ આદેશાનુસાર, સુરત, અમદાવાદ, વડોદરા અને રાજકોટ જેવા મોટા શહેરો અને ભાવનગર, મહેસાણા, ગાંધીનગર, સાબરકાંઠા, પાટણ, બનાસકાંઠા, દાહોદ, પંચમહાલ, નવસારી અને વલસાડ સહિતના મોટા ભાગના જિલ્લાઓમાં ફેરબદલ કરવામાં આવી છે, તો કેટલાક પોલીસ કર્મચારીઓને ગ્રામ્ય વિસ્તારમાથી શહેરમાં અને કેટલાક કર્મચારીઓને અન્ય જિલ્લાઓમાં નવી ફરજ સોંપવામાં આવી છે.

# ફૂડ ડિલીવરી માટે પેટ્રોલના બદલે ઈલેક્ટ્રીક વાહનોનો ઉપયોગ કરો: હર્ષ સંઘવી

## સ્ટેટ્યૂ ઓફ યુનિટથી લઈને કચ્છ સુધી ફૂડ ડિલીવરી ઈકોસિસ્ટમ વિકસાવવામાં રાજ્ય સરકારનો સંપૂર્ણ સહયોગ રહેશે

**અબતક, રાજકોટ**

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં નેશનલ રેસ્ટોરન્ટ એસોસિયેશન ઑફ ઈન્ડિયા દ્વારા આયોજિત પાંચમી ફૂડ ડિલીવરી સમિટ-૨૦૨૬નો પ્રારંભ અમદાવાદમાં થયો હતો.

આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે દેશના અર્થતંત્રમાં મજબૂત સહયોગ આપનાર ફૂડ સેક્ટરને ગંભીરતાથી લેવું રહ્યું. દેશના કુલ અર્થતંત્રમાં ફૂડ અને ફૂડ રિલેટેડ બિઝનેસ અંદાજે રૂ.૫.૬૯ લાખ કરોડનું યોગદાન આપે છે. આગામી સમયમાં આ યોગદાન રૂ.૭.૫ લાખ કરોડ સુધી પહોંચવાનો અંદાજ છે. આજે આ સેક્ટરમાં આશરે ૭૫ લાખ કરતાં વધારે લોકોને રોજગારી મળી રહી છે. આગામી સમયમાં એક કરોડથી વધુ લોકોને આ સેક્ટર દ્વારા રોજગાર



પ્રાપ્ત થવાનો અંદાજ છે.

નાયબ મુખ્યમંત્રીએ ફૂડ ડિલીવરી માટે પેટ્રોલને બદલે ઈલેક્ટ્રિક વાહનનો ઉપયોગ કરવાનો આગ્રહ રાખે તો ફૂડ ડિલીવરીનો ખર્ચ કિલોમીટર દીઠ ૨.૫ રૂપિયાને બદલે ૫૦ પૈસા જેટલો નીચો આવી શકે અને પર્યાવરણનું પણ રક્ષણ થઈ શકે, એવો અનુરોધ કરવામાં આવ્યો હતો.

નાયબ મુખ્યમંત્રીએ મોટાં શહેરો ઉપરાંત ગુજરાતમાં સ્ટેટ્યૂ ઑફ યુનિટી, શિવરાજપુર બીચ, ધરોઈ ડેમ, કચ્છનું સફેદ રણ, ગીર વગેરે સ્થળોએ પણ પોતાનો ફૂડ બિઝનેસ શરૂ કરવા માટે અનુરોધ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે આ પ્રવાસન સ્થળોએ અમે માળખાકીય સુવિધા અને અન્ય સગવડો કરી આપીશું, તમે સારા આઈડિયા સાથે આવો તો રાજ્ય સરકાર તમને તમામ સહયોગ આપવા તૈયાર છે. તમારે કેપેક્સનું જોખમ લેવાનું નથી. ઓપેક્સ તમારી રીતે કરો. ગુજરાત રોકાણની સામે સારું વળતર આપતું રાજ્ય છે. સ્ટેટ્યૂ ઓફ યુનિટથી લઈને કચ્છ-ગીર સુધી ફૂડ ડિલીવરી ઈકોસિસ્ટમ વિકસાવવામાં રાજ્ય સરકારનો સંપૂર્ણ સહયોગ રહેશે.

સંઘવીએ ફૂડ ડિલીવરી સમિટ પ્રકારના વાર્ષિક ઉત્સવો-બેઠકો ગુજરાતમાં જ યોજવા માટે પણ અનુરોધ કરીને તમામ સરકાર તરફથી તમામ સહયોગ મળી રહેશે, એવું જણાવ્યું હતું.

# રાજકોટ એન્જિનિયરિંગ એસોસિએશન ખાતે બીઆઈએસ જાગૃતિ અંગે કાલે સેમિનાર

**અબતક,રાજકોટ:** રાજકોટનો ફાઉન્ડરી અને કાસ્ટિંગ તેમજ એન્જિનિયરિંગ ઉદ્યોગ સમગ્ર વિશ્વભરમાં ખૂબ જાણીતો છે. રાજકોટની ૧૨૦૦ થી વધુ નાની મોટી ઈન્ડસ્ટ્રીઝમાં એન્જિનિયરિંગના પાર્ટ અને પ્રોડક્ટ તૈયાર થાય છે, ત્યારે ભારત સરકાર દ્વારા આ ઉદ્યોગને વધુ મજબૂત બને તે માટે આઈએસઆઈ જેમ જ બી આઈ એસ સર્ટિફિકેટ ભારતીય માનક બ્યુરો દ્વારા માન્યતા જરૂરી છે.ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાની અધ્યક્ષતામાં આ અંગે જાગૃતિ અર્થે આવતીકાલે ૨૨.૦૮.૨૬ ના રોજ રાજકોટ એન્જિનિયરિંગ એસોસિએશન હોલ ખાતે એમએસએમઈ મીટ અને સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. રાજકોટ એન્જિનિયરિંગ એસોસિએશનના પ્રમુખ નરેન્દ્રભાઈ પાચાણીએ જણાવ્યું છે કે, આપણી ઈન્ડસ્ટ્રીઝમાં અનેકવિધ નાના મોટા પાર્ટસ અને પ્રોડક્ટ તૈયાર થાય છે જેને જ બીઆઈએસ માર્ક જરૂરી છે કેન્દ્ર સરકાર દ્વારા આ માર્ક લેવો ફરજિયાત કરવામાં આવ્યો છે. જ્યારે રાજકોટની અનેક ઈન્ડસ્ટ્રીઝ હજુ આ બાબતે પૂરતી જાગૃત નથી, આ માર્ક લેવા માટે વહેલી તકે પ્રક્રિયા કરવી જરૂરી છે.

# શુધ્ધ પાણી વિતરણના દાવા વચ્ચે છ માસમાં દુષિત પાણીની ૫,૨૯૩ ફરિયાદો!

## ૫,૨૬૦ ફરિયાદોનો નિકાલ કર્યાનો કોર્પોરેશનની ડંફાસ,હજી ૩૩ ફરિયાદો હજુ પેન્ડિંગ

**અબતક, રાજકોટ**

કોર્પોરેશન દ્વારા નાગરિકોને શુધ્ધ અને પૂરતું પીવાનું પાણી પહોંચાડવાના દાવા કરવામાં આવી રહ્યા છે, પરંતુ દુષિત પાણી અંગે ફરિયાદોનો આંકડાનો ચિંતાજનક છે. છેલ્લા છ માસ દરમિયાન દુષિત પાણી અંગે ૫,૨૯૩ ફરિયાદો નોંધાઈ હોવાની કબુલાત કરવામાં આવી છે. જનરલ બોર્ડમાં કોર્પોરેટર દ્વારા પૂછવામાં આવેલા સવાલના જવાબના ૫૨૬૦ ફરિયાદોનો નિકાલ કરવામાં આવ્યો છે, જ્યારે હાલ ૩૩ ફરિયાદો પેન્ડિંગ હોવાનું નોંધાયું છે.

શહેરના વિવિધ વિસ્તારોમાં પીવાના પાણીમાં ગંદકી, દુર્ગંધ, ડહોળું પાણી તેમજ ગટરમિશ્રિત પાણી આવવા જેવી સમસ્યાઓને લઈને નાગરિકો દ્વારા મહાનગરપાલિકામાં સતત ફરિયાદો કરવામાં આવતી હોય છે. પાણી વિતરણની લાઈનમાં લીકેજ, જૂની અથવા ક્ષતિગ્રસ્ત પાઈપલાઈન, પાણી અને ડ્રેનેજ લાઈન નજીક હોવી તેમજ અન્ય ટેકનિકલ કારણોસર અમુક વિસ્તારોમાં દુષિત પાણીની સમસ્યા સર્જાતી હોવાની ફરિયાદો અવારનવાર ઊઠે છે.

કોર્પોરેશનના સત્તાવાર આંકડા મુજબ માત્ર છ મહિનામાં જ દુષિત પાણીની ફરિયાદોનો આંક ૫,૨૯૩ સુધી પહોંચવો એ શહેરમાં પાણી વિતરણ વ્યવસ્થા સામે સવાલ ઊભા કરે છે. સરેરાશ ગણવામાં આવે તો દર મહિને આશરે ૮૮૨ ફરિયાદો, એટલે કે દરરોજ લગભગ ૨૯ જેટલી ફરિયાદો દુષિત પાણી અંગે નોંધાઈ છે.

મહાનગરપાલિકાએ મોટાભાગની ફરિયાદોનો નિકાલ કર્યાનું દર્શાવ્યું છે, તેમ છતાં ૩૩ ફરિયાદો હજુ પેન્ડિંગ છે. માત્ર ફરિયાદનો નિકાલ દર્શાવવાને બદલે જે વિસ્તારોમાંથી વારંવાર દુષિત પાણીની ફરિયાદો આવે છે ત્યાં સમસ્યાનું મૂળ કારણ શોધી કાયમી ઉકેલ લાવવામાં આવે તેવી માંગ પણ નાગરિકોમાંથી ઊઠી રહી છે.

પીવાનું પાણી સીધું લોકોના આરોગ્ય સાથે સંકળાયેલું હોવાથી દુષિત પાણીની ફરિયાદને સામાન્ય ફરિયાદ તરીકે નહીં પરંતુ ગંભીર જનઆરોગ્યના પ્રશ્ન તરીકે લઈને તાત્કાલિક કાર્યવાહી કરવાની જરૂર છે. ખાસ કરીને એક જ વિસ્તારમાં વારંવાર ફરિયાદ નોંધાતી હોય તો પાણીની લાઈનની ચકાસણી, લીકેજનું સમારકામ અને જરૂર જણાય ત્યાં પાઈપલાઈન બદલવા સુધીની કામગીરી હાથ ધરવી જરૂરી બની છે.

એક તરફ મનપા દ્વારા શહેરમાં નિયમિત અને શુધ્ધ પાણી વિતરણના દાવા કરવામાં આવે છે, ત્યારે બીજી તરફ માત્ર છ માસમાં નોંધાયેલી ૫,૨૯૩ દુષિત પાણીની ફરિયાદો તંત્ર માટે ચિંતનનો વિષય બની છે.

# ચૂંટણી વિવાદમાં ગિફ્ટ સિટીમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પર હુમલો


## સીએ બિશન શાહ પર હુમલો કરવા બદલ આઈસીએઆઈ મેમ્બર પુરુષોત્તમ ખંડેલવાલ સામે ડાભોડા પોલીસ મથકે ફરિયાદ

**અબતક, રાજકોટ**

ગાંધીનગર સ્થિત ગિફ્ટ સિટી કલબમાં ગુરુવારે સાંજે ’ધી ઈન્સ્ટિટચ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયાની સેન્ટ્રલ કાઉન્સિલની ચૂંટણીના વિવાદમાં એક ૫૧ વર્ષીય ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પર તેમના જ સાથી સીએ દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલામાં પીડિત સીએના માથાના ભાગે ઈજા પહોંચતાં ત્રણ ટાંકા આવ્યા છે.

અમદાવાદના નવરંગપુરા વિસ્તારમાં સી. એ તરીકે પ્રેક્ટિસ કરતા અને આઈસીએઆઈ વેસ્ટર્ન રીજનના સેક્રેટરી બિશન શાહે ડાભોડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. તેમણે આક્ષેપ કર્યો છે કે સાંજે લગભગ ૭:૩૦ વાગ્યે, જ્યારે તેઓ ગાંધીનગર બ્રાંચના નોમિની તરીકે ગિફ્ટ સિટી કલબ ખાતે સીએફઓ ૨.૦’ મીટિંગમાં હાજરી આપી બીજા માળની બાલ્કનીમાં આવ્યા હતા, ત્યારે આઈસીએઆઈના સેન્ટ્રલ કાઉન્સિલ મેમ્બર પુરુષોત્તમ ખંડેલવાલે તેમની પાસે આવીને બોલાચાલી શરૂ કરી હતી.

ફરિયાદ મુજબ, પુરુષોત્તમ ખંડેલવાલે ચૂંટણી પ્રચારમાં પોતાને ટેકો ન આપવા બાબતે બિશન શાહ સાથે વિવાદ કરી ગાળો આપી હતી. શાહે વિરોધ દર્શાવતાં ખંડેલવાલે તેમને





ઢીંકા-પાટુનો માર માર્યો હતો અને ઝપાઝપી દરમિયાન પગ ખેંચીને નીચે પાડી દીધા હતા, જેના કારણે તેમના માથામાંથી લોહી નીકળવા લાગ્યું હતું. સારવાર માટે જતી વખતે પણ આરોપીએ તેમને ધમકી આપી હતી.

બિશન શાહને પ્રથમ કલબ ખાતે પ્રાથમિક સારવાર આપ્યા બાદ અમદાવાદની કેડી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં માથાની ઈજા માટે ત્રણ ટાંકા લેવા પડ્યા હતા. ડાભોડા પોલીસે શારીરિક ઈજા પહોંચાડવા અને ગુનાહિત ધમકી આપવા બદલ કેસ નોંધ્યો છે. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, શરૂઆતમાં જાનલેવા હુમલા જેવા ગંભીર આક્ષેપો કરાયા હતા, પરંતુ સી.એ સંસ્થાના સભ્યોની મધ્યસ્થતા બાદ હળવી કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

# અમેરિકાના અલાસ્કામાં ચાર્ટર પ્લેન ક્રેશ: બે પાઈલટ સહિત તમામ મુસાફરોના મોતની આશંકા

**અબતક, રાજકોટ**



અમેરિકાના અલાસ્કામાં એક ચાર્ટર વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયું. મળેલા રિપોર્ટ અનુસાર, તેમાં કુલ આઠ લોકો સવાર હતા. બે પાઈલટ અને છ મુસાફરો. આ વિમાન એન્કરેજથી રવાના થયું હતું અને પશ્ચિમ અલાસ્કામાં આવેલા ’કેપ ન્યુએનહામ લોન્ગ રેન્જ રડાર સાઈટ’ તરફ જઈ રહ્યું હતું.

નેશનલ ટ્રાન્સપોર્ટેશન સેફ્ટી બોર્ડના અલાસ્કા પ્રાદેશિક વડા ક્લિન્ટ જોહ્નસને જણાવ્યું હતું કે, કેપ ન્યુવેનહામ નજીકના વિસ્તારમાં પહોંચતી વખતે વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. અકસ્માતના અહેવાલો મળ્યા બાદ, અલાસ્કા રેસ્ક્યુ કોઓર્ડિનેશન સેન્ટરે શોધ અને બચાવ કામગીરી શરૂ કરી છે.બે દિવસ પહેલા જ બ્રિટનમાં નોર્થ વેલ્સના દૂરના વિસ્તારમાં દુર્ઘટનાગ્રસ્ત થયા એક નાના વિમાનના અકસ્માતમાં મૃત્યુ પામેલા વ્યક્તિઓની ઓળખ બુધવારે ભારતીય મૂળના ૫૦ થી ૫૫ વર્ષની વયના દંપતી તરીકે કરવામાં આવી હતી. માનવામાં આવે છે કે કેતન સ્વાલી ’પાઈપર પીએ-૨૮’ વિમાન ઉડાવી રહ્યા હતા. તેમણે ગયા અઠવાડિયે ઈંગ્લેન્ડના વેસ્ટ મિડલેન્ડ્સ વિસ્તારમાં આવેલા બર્ટન-અપોન-ટ્રેન્ટના ટેટનહિલ એરફિલ્ડથી તેમની પત્ની શીતલ સાથે ઉડાન ભરી હતી.

વૈજ્ઞાનિકોની નવી શોધ

# બાકી હતું તો... માનવ મૂત્ર હવે રોકેટનું ઈંધણ બનશે

## વેસ્ટમાંથી ગ્રીન એનર્જી: રોકેટ ઈંધણ, દવાઓ અને બેટરી માટે નવો વિકલ્પ મળ્યો

## પર્યાવરણને નુકસાન કર્યા વગર લેબોરેટરીમાં હાઈડ્રેઝિન બનાવવાની નવી ટેક્નોલોજી વિકસાવી




### શું છે ‘હાઈડ્રેઝિન’ અને કેમ છે આટલુ કિંમતી?

હાઈડ્રેઝિન એ રસાયણ વિજ્ઞાન અને ઉદ્યોગ જગતમાં ખૂબ ઊંચું મૂલ્ય ધરાવતું કેમિકલ છે રોકેટમાં વપરાતા ઈંધણ અને લાંબા ગાળાના સ્પેસ મિશનના ફ્યુઅલ સેલમાં તે મુખ્ય ઘટક તરીકે વપરાય છે.નવી પેઢીની ઉર્જા પ્રણાલીઓ અને ઈલેક્ટ્રિક વાહનોની બેટરી ટેક્નોલોજીમાં પણ હાઈડ્રેઝિનના ઉપયોગ પર મોટા પાયે રિસર્ચ થઈ રહ્યું છે. દવાઓના ઉત્પાદન અને અન્ય રાસાયણિક પ્રક્રિયાઓમાં પણ તેનો વ્યાપક ઉપયોગ થાય છે.પરંપરાગત રીતે હાઈડ્રેઝિન બનાવવાની પદ્ધતિ ખૂબ જોખમી, પર્યાવરણને નુકસાન પહોંચાડનારી અને અતિશય ઉર્જા માંગી લે તેવી છે. નવી શોધ આ ખામીઓને દૂર કરી ગ્રીન અને સસ્તો વિકલ્પ પૂરો પાડે છે.

### યૂરિનમાંથી કેમિકલ બનવાની વૈજ્ઞાનિક પ્રક્રિયા

યુનિવર્સિટી ઓફ એડિલેડના સ્કૂલ ઓફ કેમિકલ એન્જિનિયરિંગના મુખ્ય સંશોધક ડો. પેંગટાંગ વાંગના જણાવ્યા અનુસારમાનવ પેશાબમાં કુદરતી રીતે જ યુરિયા ભરપૂર માત્રામાં હોય છે. વૈજ્ઞાનિકોએ તેને ફેંકી દેવાના બદલે કાચા માલ તરીકે ઉપયોગ કર્યો.સામાન્ય મીઠા (સોડિયમ ક્લોરાઈડ) અને વીજળીની મદદથી પ્રક્રિયા હાથ ધરવામાં આવી. મીઠામાંથી ક્લોરિન અલગ થઈને ઈલેક્ટ્રોડની સપાટી પર જમા થાય છે. આ ક્લોરિન યુરિયા સાથે પ્રક્રિયા કરી ‘એન -ક્લોરોયુરિયા’ બનાવે છે, જેના સરળ હાઈડ્રોલિસિસ પછી શુદ્ધ હાઈડ્રેઝિન તૈયાર થાય છે.પ્રયોગશાળામાં શુદ્ધ યુરિયા તેમજ પેશાબવાળા ગંદા પાણી બંનેમાંથી સફળતાપૂર્વક ઉચ્ચ ગુણવત્તાનું હાઈડ્રેઝિન મેળવવામાં આવ્યું છે.

**અબતક, નવી દિલ્હી**

માનવ શરીરમાંથી ઉત્સર્જિત થતો પેશાબ (યૂરિન) અત્યાર સુધી માત્ર ગંદકી કે વેસ્ટ ગણાતો હતો, પરંતુ ભવિષ્યમાં તે રોકેટ ઉડાડવા અને ઈલેક્ટ્રિક વાહનો ચલાવવામાં મહત્વની ભૂમિકા ભજવી શકે છે. ઓસ્ટ્રેલિયાની પ્રતિષ્ઠિત ‘યુનિવર્સિટી ઓફ એડિલેડ’ના વૈજ્ઞાનિકોએ એક અત્યાધુનિક ઈલેક્ટ્રોકેમિકલ પદ્ધતિ વિકસાવી છે, જેના દ્વારા માનવ મૂત્ર અને વેસ્ટવોટરમાં રહેલા યુરિયામાંથી ‘હાઈડ્રેઝિન’ નામનું અત્યંત મૂલ્યવાન રસાયણ તૈયાર કરી શકાય છે. આ સંશોધન જાણીતા સાયન્સ જર્નલ ‘નેચર સિન્થેસિસ’ માં પ્રકાશિત થયું છે.

વૈજ્ઞાનિકોએ સ્પષ્ટતા કરી છે કે આ સંશોધનનો અર્થ એવો નથી કે લોકો સીધા પેશાબથી ઈલેક્ટ્રિક કાર ચલાવી શકશે કે ઘરે બેઠા રોકેટ ફ્યુઅલ બનાવી લેશે. આ પ્રયોગશાળા સ્તરે સફળ થયેલી એક અદ્યતન રાસાયણિક મેન્યુફેક્ચરિંગ પદ્ધતિ છે, જેને ઔદ્યોગિક સ્તરે લઈ જવામાં આવશે.

હાલ આ ટેક્નોલોજી લેબ સ્તરે સફળ રહી છે, પરંતુ તેને મોટા પાયે ફેક્ટરી સ્તરે લઈ જવા માટે કેટલાક એન્જિનિયરિંગ પડકારો હજુ બાકી છે:પ્રક્રિયા દરમિયાન મીઠાનું જમા થવું, ઉત્પન્ન થયેલા હાઈડ્રેઝિનને અલગ કરવા માટે જરૂરી ઉર્જા અને ખર્ચ ઘટાડવો.મોટા રિએક્ટરની ડિઝાઈન તૈયાર કરવી.ડો. વાંગે ઉમેર્યું કે, જો ભવિષ્યમાં આ પ્લાન્ટ્સને સોલાર કે વિન્ડ જેવી પુનઃપ્રાપ્ય વીજળીથી ચલાવવામાં આવે, તો માનવ કચરામાંથી ઈકો-ફ્રેન્ડલી ઈંધણ અને કેમિકલ્સનું ઉત્પાદન ઉર્જા ક્ષેત્રે એક મોટો ક્રાંતિકારી બદલાવ લાવી શકે છે.

મેં ચાહે યે કરૂં, મેં ચાહે વો કરૂં... મેરી મરજી

# ૯૩% વાહનચાલકોની ખોટી રીતે જમણો વળાંક લેવાની ટેવ જ ટ્રાફિકજામ અને અકસ્માતનું મુખ્ય કારણ

## એસ.પી. રિંગ રોડ સહિતના મુખ્ય જંકશનો પર ડ્રોન અને એઆઈ સર્વેમાં ખુલાસો માત્ર ૭.૫ ટકા ચાલકો જ રાઈટ-ઓફ-વેના નિયમોનું પાલન કરે છે

**અબતક, અમદાવાદ**

અમદાવાદના એસ.પી. રિંગ રોડ તથા મુખ્ય ચાર રસ્તાઓ પર પીક અવર્સ દરમિયાન સર્જાતા ટ્રાફિક જામ અને અકસ્માતો પાછળ વાહનચાલકોની બેદરકારી જવાબદાર હોવાનું એક વૈજ્ઞાનિક અભ્યાસમાં સામે આવ્યું છે. અમદાવાદ યુનિવર્સિટી, ઈમ્પીરીયલ કોલેજ લંડન અને રોડ સેફટી ઓટોમોટિવ મેનેજમેન્ટના સંશોધકો દ્વારા ડ્રોન અને AI ટેક્નોલોજીની મદદથી ૨,૪૦૬ વાહનોની મૂવમેન્ટનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું, જેમાં ચોંકાવનારા તારણો બહાર આવ્યા છે.જમણી બાજુ વળતા ૯૨.૫ ટકા વાહનચાલકો સીધા જતા ટ્રાફિકને પહેલો રસ્તો આપવાને બદલે વચ્ચે વાહન ઘુસાડી દે છે. માત્ર ૭.૫ ટકા વાહનચાલકો જ સાચા નિયમોનું પાલન કરે છે.

આશરે ૨૬ ટકા ચાલકો અચાનક જગ્યા મળતાં વાહન આગળ ધપાવી દે છે, જેથી સીધા જતા ૪૮.૫ ટકા વાહનોની ગતિ અટકી જાય છે. પરિણામે ૬ સેકન્ડમાં પાર થતો રસ્તો કાપવામાં ૨૦ સેકન્ડ જેટલો સમય વેડફાય છે.૪૫.૩ ટકા વાહનો પોતાની નિયત લેનમાં ઊભા રહેવાના બદલે આગળ ધસી જાય છે, જેથી સીધા જતા વાહનો માટે રસ્તો સાંકડો થઈ જાય છે.ખોટી રીતે જમણે વળતા વાહનોથી બચવા લેન બદલવાના ચક્કરમાં સર્જાતા ગંભીર સંઘર્ષોમાં ૫૩.૬ ટકા ભોગ ટૂ-વ્હીલર ચાલકો બને છે.પીક અવર્સ દરમિયાન કલાકમાં આશરે ૨૬ મિનિટ (૪૪ ટકા સમય) સુધી મુખ્ય જંકશનો પર ટ્રાફિક જામની સ્થિતિ રહે છે.

અર્બન લેબસના એક્સપર્ટ્સના મતે, ચાર રસ્તા નજીક પહોંચતા ૨-૩ લેનનો રસ્તો અચાનક પહોળો થઈને ૫ લેનનો થઈ જવાથી ’ફનલ’ જેવી સ્થિતિ બને છે અને ચાલકો આગળ નીકળવાની હોડમાં અંધાધૂંધી સર્જે છે. નિષ્ણાતોનું માનવું છે કે ટ્રાફિક નિયમોનું કડક અમલીકરણ અને યોગ્ય લેન-શિસ્ત જ આ જીવલેણ સમસ્યામાંથી મુક્તિ અપાવી શકે છે.

# ૧૯૮૪ના શીખ રમખાણ કેસમાં આજીવન કેદ ભોગવી રહેલા પૂર્વ કોંગ્રેસ સાંસદ સજ્જનકુમારનું નિધન

## તિહાર જેલમાંથી સારવાર માટે સફદરજંગ હોસ્પિટલ ખસેડાયા હતા: સુપ્રીમ કોર્ટમાં પેરોલ અરજીની સુનાવણી થાય તે પહેલાં જ દમ તોડ્યો

**અબતક,નવી દિલ્હી**

૧૯૮૪ના શીખ વિરોધી રમખાણોના કેસમાં તિહાર જેલમાં આજીવન કેદની સજા ભોગવી રહેલા કોંગ્રેસના પૂર્વ સાંસદ સજ્જન કુમાર (૮૪ વર્ષ)નું સફદરજંગ હોસ્પિટલમાં સારવાર દરમિયાન નિધન થયું છે. સંજોગવશ, સુપ્રીમ કોર્ટમાં તેમની પેરોલ અરજી પર સુનાવણી હાથ ધરાય તે જ દિવસે તેમણે અંતિમ શ્વાસ લીધા હતા.

હોસ્પિટલના સત્તાવાર નિવેદન અનુસાર, ગુરુવારે સવારે આશરે ૧૧ વાગ્યે પોલીસ દ્વારા તેમને ગંભીર અને બેભાન જેવી હાલતમાં સફદરજંગ હોસ્પિટલ લાવવામાં આવ્યા હતા. તબીબોએ તેમને બચાવવા માટે તમામ જરૂરી જીવનરક્ષક પગલાં લીધા હતા, પરંતુ બપોરે ૧૨:૩૦ વાગ્યે તેમનું મોત નીપજ્યું હતું. તેઓ લાંબા સમયથી હાઈ બ્લડ પ્રેશર અને પાર્કિન્સન જેવી ગંભીર બીમારીઓથી પીડાતા હતા. બે કેસમાં મળી હતી આજીવન કેદની સજા સજ્જન કુમાર આઉટર દિલ્હી લોકસભા બેઠક પરથી ત્રણ વખત સાંસદ તરીકે ચૂંટાયા હતા. ૧૯૮૪ના રમખાણો દરમિયાન પાંચ શીખોની હત્યા અને ગુરુદ્વારા સળગાવવાના કેસમાં દિલ્હી હાઈકોર્ટે ૧૭ ડિસેમ્બર ૨૦૧૮ના રોજ તેમને આજીવન કેદની સજા સંભળાવી હતી, ત્યારબાદ તેમણે કોંગ્રેસ પાર્ટીમાંથી રાજીનામું આપ્યું હતું. આ ઉપરાંત, ફેબ્રુઆરી ૨૦૨૫માં દિલ્હીની એક અદાલતે રમખાણો દરમિયાન અન્ય બે શીખ પુરુષોની હત્યાના અલગ કેસમાં પણ તેમને આજીવન કેદની સજા ફટકારી હતી.

“અમે એક ડાળના પંખી...”

# જ્યાં દીવાલો જુદીને રસોડું એક : ૬ પેઢીના આ પરિવારમાં રોજ રંધાય છે ૫૦ કિલો ચોખા!

## સવારે વડીલોની મીટિંગ મળે છે જેમાં મેનું, ખેતી અને દૈનિક કામોની જવાબદારીઓ વહેંચવામાં આવે છે

**અબતક, રાજકોટ**

જ્યારે આંગણામાં વડલાની છાંયડી ઓછી થઈ રહી છે અને ઘરો મોટા થાય છે પણ મન નાના થતા જાય છે, ત્યારે સંબંધોની વ્યાખ્યા બદલાતી જાય છે. એક જ છત નીચે રહેવા છતાં આજના આધુનિક યુગમાં દરવાજા પાછળ અલગ દુનિયા વસી ગઈ છે. એવા સમયમાં, જ્યાં લોકો ’મારું ઘર’ અને ’મારા પરિવાર’ સુધી સીમિત થઈ ગયા છે, ત્યાં કોઈ એવું પણ જૂથ હોય જે સાબિત કરી દે કે પ્રેમ, ભાગીદારી અને સંસ્કારમાં અસીમ શક્તિ હોય છે.

આંધ્રપ્રદેશના અનંતપુર જિલ્લાના કુર્લપલ્લી ગામના નાગપ્પા પરિવારની આ અદભુત કહાની માત્ર એક પરિવારની વાર્તા નથી, પણ આધુનિક યુગમાં વિસરાતા જતા સંયુક્ત પરિવારના મૂલ્યો અને સહકારનું જીવંત ઉદાહરણ છે. ૬ પેઢીઓના ૮૩



સભ્યો એકસાથે, એક જ રસોડે અને એક જ વિચાર સાથે જીવન જીવી રહ્યા છે.

૮૩ સભ્યો ૬ પેઢીઓમાં ફેલાયેલા છે, જેમાં ૬ સાસુઓ, ૧૪ પુત્રવધૂઓ અને ૨૦ બાળકોનો સમાવેશ થાય છે. અલગ-અલગ ૪ ઘરોમાં રહેવા છતાં બધા માટે એક જ રસોડામાં રોજના ૫૦ કિલો ચોખા સાથે ભોજન બને છે. સવારે વડીલોની મીટિંગ મળે છે જેમાં મેનુ, ખેતી અને દૈનિક કામોની જવાબદારીઓ વહેંચવામાં આવે છે. પરિવાર પાસે ૧૨૦ એકર જમીન છે અને કર્નાટિક-કલ્યાણદુર્ગમ વચ્ચે ૪ બસોનો પરિવહન વ્યવસાય છે, જેની આવક કોમન ફંડમાં જમા થાય છે. ક્યારેક એક સમયનું ખાવાનું પણ ન મળતું હોવા છતાં, એકસંપ રહીને પરિવારે આર્થિક સધ્ધરતા હાંસલ કરી છે.

# રક્ષાબંધનના તહેવારમાં એસટી નિગમ ૬૫૦૦ એક્સ્ટ્રા ટ્રીપનું કરશે સંચાલન

## ૨૬થી ૩૦ ઓગસ્ટ સુધી અલગ અલગ જિલ્લાઓમાંથી દોડશે એક્સ્ટ્રા બસ

**અબતક, રાજકોટ**

ભાઈ બહેનના પવિત્ર સંબંધને વધુ મજબુત કરતા રક્ષાબંધનના તહેવારમાં મુસાફરોમાં ધસારાને પહોંચી વળવા માટે એસટી નિગમ દ્વારા ૬૫૦૦ એક્સ્ટ્રા ટ્રીપનું સંચાલન કરવામાં આવશે.

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા દર વર્ષની જેમ ચાલુ વર્ષ ૨૦૨૬માં પણ રક્ષાબંધનના તહેવારો દરમિયાન મુસાફરોના ધસારાને પહોંચી વળવા માટે એક્સ્ટ્રા ટ્રીપના સંચાલનનું આયોજન કરવામાં આવ્યું છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શનમાં તા. ૨૬ થી ૩૦ ઓગસ્ટ દરમિયાન રાજ્યભરમાં વિવિધ રૂટ પર કુલ ૬,૫૦૦ જેટલી એક્સ્ટ્રા ટ્રીપ દોડાવવામાં આવશે.

જીએસઆરટીસી દ્વારા અમદાવાદ, ગોધરા, વડોદરા, પાલનપુર, નડીયાદ તથા પાવાગઢ, સુરત, રાજકોટ, જુનાગઢ, પોરબંદર, વલસાડ સહિતના પ્રવાસન અને તીર્થધામોના રૂટ પર બસ દોડાવવામાં આવશે.

ગત વર્ષે રક્ષાબંધન પર્વ દરમિયાન નિગમ દ્વારા નિયમિત સર્વિસો ઉપરાંત ૬,૪૦૨ એક્સ્ટ્રા ટ્રીપો સંચાલિત કરી ૩.૩૩ લાખ મુસાફરોને સુરક્ષિત અને સુવિધાજનક પરિવહન સેવા પૂરી પાડવામાં આવી હતી.

ચાલુ વર્ષે પણ રક્ષાબંધનના પવિત્ર તહેવાર નિમિત્તે બહેનો અને પરિવારજનો કોઈપણ પ્રકારની અગવડ વિના મુસાફરી કરી શકે તે હેતુથી એડવાન્સ બુકિંગ અને વધારાની બસોની પૂરતી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. નિગમ દ્વારા

# લઠ્ઠાકાંડ ઈફેક્ટ : સતત બીજા દિવસે પોલીસની ડ્રાઈવ યથાવત, ૨૭ સ્થળે દરોડા

## અલગ- અલગ વિસ્તારમાં ધમધમતા દેશી દારૂના હાટડાઓ પર પોલીસ ત્રાટકી : ૧૧ મહિલા સહિત ૨૫ બુટલેગરોની ધરપકડ



**અબતક, રાજકોટ**

ભાવનગરમાં થયેલા લઠ્ઠાકાંડમાં સત્તાવાર રીતે ન લોકોના મોત બાદ રાજ્યભરમાં તેના ઘેરા પડઘા પડ્યા છે. ઘટનાને પગલે તાબડતોડ સમગ્ર મામલાની તપાસ એસએમસીને સોંપી દેવામાં આવી હતી. દારૂ બનાવનાર શ ૭ સ સહિતના બુટલેગરોની ધરપકડ કરી રિમાન્ડ પર લેવામાં આવ્યા છે. બીજી બાજુ ડીજીપી દ્વારા રાજ્યભરમાં દારૂબંદીની સઘન ડ્રાઈવ શરૂ કરી કડક કાર્યવાહી કરવા આદેશ આપવામાં આવતા રાજકોટ પોલીસે સ્લમ વિસ્તારમાં ગૃહ ઉદ્યોગની જેમ ધમધમતા દેશી દારૂના ૨૭ થી વધુ હાટડા પર દરોડા પાડી ૧૧ મહિલા સહીત ૨૬ બુટલેગરોને દબોચ્યા હતા. જયારે સેંકડો લિટર દારૂના જથ્થાનો નાશ કરી દરોડા દરમિયાન હાજર નહિ મળી આવેલ એક બુટલેગરની શોધખોળ આદરી હતી.

ભાવનગરમાં થયેલ લઠ્ઠાકાંડની ઘટના બાદ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વધુ મજબૂત કરવા માટે પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, એડી. સીપી ચૈતન્ય માંડલીક, ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા, ડીસીપી રાકેશ દેસાઈ, હેતલ પટેલની રાહબરીમાં તમામ વિંગ્સને એક્ટિવ કરવામાં આવી છે. ક્રાઈમ બ્રાન્ચ, એલસીબી અને પીસીબીની ટીમોએ બાતમીદારોના નેટવર્કને સક્રિય કરીને દેશી દારૂના ગેરકાયદેસર ઉત્પાદન અને વેચાણના સ્થળો પર ત્રાટકવાનું શરૂ કર્યું છે. શહેરમાં અલગ-અલગ જગ્યાએ પાડવામાં આવેલા ૨૭થી વધુ દરોડા દરમિયાન પોલીસને મોટી સફળતા મળી છે. અડ્ડાઓ પરથી સેંકડો લીટર દેશી દારૂ, દારૂ બનાવવા માટે વપરાતો આથા સહિતનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો છે. જે દરોડામાં બી ડિવિઝન પોલીસે ત્રણ લિટર દેશી દારૂ સાથે વિપુલ ભુપેન્દ્રભાઈ શુકલને પકડ્યો હતો. એરપોર્ટ પોલિસની ટીમે સૂર્યરામપરા ગામની ગધાધાર વિસ્તારમાં દેશી દારૂની ભઠ્ઠી પર દરોડો પાડી ૨૩ લિટર દારૂ, દેશી દારૂ ગાળવાનો ૭૬૦ લિટર વોશ સહિતના મુદ્દામાલ સાથે જીવણ અમરશીભાઈ જખાણીયાબી દબોચ્યો હતો. થોરાળા પોલીસે ચાર લિટર દારૂ સાથે કાંતાબેન નિરંજનભાઈ સોલંકી, ૧૦ લિટર દારૂ અને ૨૪૦ લિટર આથા સાથે ગુડનાબેન લીલાભાઈ ટાંક, ૧૦ લિટર દારૂ સાથે વિપુલ ઝાપડિયા અને ૫૦ લિટર દારૂ સાથે શંકર જાડેજાને ઝડપ્યા હતા.

આજીડેમ પોલીસે પાંચ લિટર દેશી દારૂ સાથે નિર્મળ સોલંકી અને ૧૮ લિટર દારૂ સાથે ગોપાલ મણદરીયાની ધરપકડ કરી હતી. જયારે પ્ર.નગર પોલીસે ૧૫ લિટર દારૂ સાથે નરેશ દેત્રોજાને પકડ્યો હતો. ગાંધીગ્રામ પોલીસે ૧૫ લિટર દારૂ સાથે તેજલ પરમાર, પાંચ લિટર દારૂ સાથે કાજલ સાડમીયા, પાંચ લિટર દારૂ સાથે ભરત ખેતાણી, ચાર લિટર દારૂ ડઠે મહેશ અઘરીયાને દબોચ્યા હતા. યુનિવર્સીટી પોલીસે ૧૮ લિટર દારૂ સાથે મમતા સોલંકી, ત્રણ લિટર દારૂ સાથે અતુલ પરમાર, ૧૩ લિટર દારૂ સાથે હિરલ વાઘેલા, આઠ લિટર દારૂ સાથે સોનલ વાજેલિયા, ૧૦ લિટર દારૂ સાથે વિજય ડાભીને પકડ્યા હતા. માલવિયાનગર પોલીસે ૧૨ લિટર દારૂ સાથે અશોક ડોડીયા, ૧૬ લિટર દારૂ સાથે રેખા પરમાર, ૧૮ લિટર દારૂ સાથે આશા જાદવ, ૧૫ લિટર દારૂ સાથે જીવી મકવાણા, ૧૦ લિટર દારૂ સાથે રીટા સોલંકી અને આંબેડકરનગરમાંથી ૧૫ લિટર દારૂ કબ્જે કર્યો હતો.

તાલુકા પોલિસની ટીમે સાત લિટર દારૂ સાથે રાજુ સડમીયા, ૧૧ લિટર દારૂ સાથે અજય કટારીયા, ૫ લિટર દારૂ સાથે સુરેશ જાદવ, આઠ લિટર દારૂ સાથે દિવ્યેશ ઉર્ફે કાનો ચાવડા અને આઠ લિટર દારૂ સાથે વિભા સોલંકીની ધરપકડ કરી હતી. જયારે ભક્તિનગર પોલીસે દારૂ ઢીંચી નીકળેલા એક પરપ્રાંતિય શખ્સને દબોચ્યો હતો.

### ત્રણ દિવસમાં દારૂના ૧૩૦ કેસ, પીધેલાના ૮ ગુના નોંધાયા: ડીસીપી જગદીશ બાંગરવા

ભાવનગરના લઠ્ઠાકાંડના રાજ્યભરમાં પડઘા પડ્યા છે. ત્યારે રાજકોટ શહેર પોલીસે પણ પ્રોહિબિશન ડ્રાઈવ યોજી હતી. રાજકોટ પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા અને અધિક પોલીસ કમિશનર ચૈતન્ય મંડલિકના માર્ગદર્શન હેઠળ ૧૮થી ૨૧ ઓગસ્ટ દરમિયાન ત્રણ દિવસ ડીસીબી, પીસીબી તથા તમામ પોલીસ સ્ટેશનના સ્ટાફને સાથે રાખી કાર્યવાહી કરવામાં આવી હતી. આ દરમિયાન દારૂના કબજાના ૧૩૦ કેસ અને દારૂ પીવાના ૮ કેસ મળી કાર્યવાહી કરવામાં આવી હોવાનું ડીસીપી જગદીશ બાંગરવાએ જણાવ્યું હતું.ડીસીપી જગદીશ બાંગરવાએ વધુમાં જણાવ્યું હતું કે,

#### ગેરકાયદે પ્રવૃત્તિ અંગેની માહિતી આપવા પોલીસે મોબાઈલ નંબર જાહેર કર્યો

પોલીસ દ્વારા દારૂની હેરાફેરી કે અન્ય કોઈપણ ગેરકાયદે પ્રવૃત્તિ અંગે નાગરિકોને માહિતી આપવા અપીલ કરવામાં આવી છે. આવી માહિતી ક્રાઈમ બ્રાંચના મોબાઈલ નંબર ૬૩૫૯૬ ૨૯૮૯૬ પર આપી શકાશે અને માહિતી આપનારની ઓળખ ગુપ્ત રાખવામાં આવશે.

### અંગ્રેજી શરાબના છ દરોડામાં ૮૯ બોટલ કબ્જે

અંગ્રેજી દારૂના દરોડામાં બી ડિવિઝન પોલીસે ચાર ચપલા સાથે ગૌતમ મકવાણા, માલવિયાનગર પોલીસે ૧૦ બોટલ દારૂ અને પાંચ લિટર દેશી દારૂ સાથે આર્યન પરમાર, પીસીબી ટીમે નવલનગરમાંથી ૫૧ બોટલ શરાબ સાથે આશિષ રમેશ કબરાં, માલવિયાનગર પોલીસે બે ચપલા સાથે પૃથ્વીરાજ કંટારીયા, તાલુકા પોલીસે ૧૨ ચપલા સાથે મુકેશ દાફડા અને ૧૦ ચપલા સાથે મોહન દાફડાની ધરપકડ કરી હતી.

# સીપી સહિતના અધિકારીઓ સાથે મારે સંબંધ છે કહી પૈસા પડાવવા મથતો બોગસ પત્રકાર પકડાયો

## પત્રકારની ઓળખ આપી પુનિતનગરના પ્રૌઢ સાથે સંબંધ કેળવી મિત્રને સાત લાખ હાથ ઉછીના અપાવ્યા : પોલીસ મથકમાં ઉઘરાણી બાબતની અરજી કરાવી

### મારે ઉચ્ચ અધિકારીઓ સાથે નાતો છે કહી સેટિંગના નામે પૈસા પડાવવાની કોશિશ કરનાર પરાગ પ્રજાપતિ સામે આજીડેમ પોલીસે ગુનો નોંધ્યો

**અબતક, રાજકોટ**

શહેરના પોલીસ કમિશનર, ડીસીપી, આજીડેમ પીઆઈ અને આઈજી નિર્લિપ્ત રાય સહિતના અધિકારીઓ સાથે સંબંધ હોવાનું જણાવી પૈસા પડાવવા મથતો બોગસ પત્રકાર પરાગ પ્રજાપતિ ઝડપાયો છે. પુનિતનગરના પ્રૌઢ સાથે સંબંધ કેળવી મિત્રને સાત લાખ રૂપિયા હાથ ઉછીના અપાવ્યા બાદ ઉઘરાણી અંગે પ્રૌઢ વિરુદ્ધ અરજી કરાવી સેટિંગના બહાને પૈસા પડાવવા રઘવાયો થયેલો કથિત પત્રકાર વિરુદ્ધ આજીડેમ પોલીસે ગુનો નોંધ્યો હતો.

બનાવ અંગે પુનીતનગરની પાછળ માધવ વાટીકા ૦૨ શેરી નં ૦૧ માં રહેતાં દિનેશભાઈ વલ્લભભાઈ ઠુમ્મર (ઉ.વ ૫૭) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે પરાગ પ્રજાપતિ (રહે. કોટડા સાંગાણી) નું નામ આપતાં આજીડેમ પોલીસે ગુનો નોંધી તપાસ આદરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ બાંધકામની સાઈટ ઉપર સુપરવાઈઝરનું કામ કરે છે. પાંચેક વર્ષ પહેલા તેઓના મકાન વાળી શેરીમાં પરાગ પ્રજાપતિ ભાડાના મકાનમાં રહેવા આવેલ ત્યારથી તેને તેઓ ઓળખે છે. પરાગ પોતે પત્રકાર છે, તેમ ઓળખ આપતો અને એકાદ વર્ષ સુધી શેરીમાં રહેલ બાદ બીજે રહેવા જતો રહેલ હતો. પણ ફરીયાદીને અવાર નવાર મળતો હોય જેથી તેની સાથે મીત્રતા થયેલ હતી.સાતેક મહિના પહેલા પરાગ પ્રજાપતીએ વિરેન્દ્રભાઈ ચૌહાણ યુપીવાળા સાથે ઓળખાણ કરાવીને વીરેન્દ્ર ચૌહાણને ત્રણેક મહીના પુરતા પાંચ લાખ રૂપીયા હાથ ઉછીના ટેકો કરવાનુ કહેતા વીરેન્દ્રભાઈને તા. ૪/૧/૨૦૨૬ ના રૂ. ૧ લાખ ગોવર્ધન ચોક ખાતે રોકડા તથા તા. ૫ ના રૂ.૨ લાખ, તા. ૯ ના રૂ. ૨ લાખ આર.ટી.જી.એસ.થી ટ્રાન્સફર કરી કુલ રૂ. ૫ લાખ આપેલ હતા. જે બાબતે પ્રોમીસરી નોટનુ લખાણ કરાવેલ હતુ. બે દિવસ બાદ વિરેન્દ્રભાઈએ હજી રૂપીયા બે લાખ બહેનના લગ્ન માટે ત્રણ મહીના પુરતા જોઈએ તેમ કહેતા રૂ.૨ લાખ ટ્રાન્સફર કરેલ જે મળી કુલ રૂ.૭ લાખ ત્રણ મહીના પુરતા હાથ ઉછીના આપેલ હતા.



ત્રણ મહીના જેટલો સમય થઈ જતા વીરેન્દ્ર પાસે રૂપીયા માગતા તેણે જવાબ આપેલ નહી. જેથી પરાગને ફોન કરતા તેણે ફોન ઉપાડવાનુ બંધ કરી દીધેલ હતું. જેથી દોઢેક મહીના પહેલા વીરેન્દ્રભાઈને ફોન કરી રુપીયા માગતા તેણે કહેલ કે તા. ૧૦/૮/૨૦૨૬ સુધીમાં તમારા રુપીયા આપી દઈશ. ગઈ તા. ૨૯ ના જાણવા મળેલ કે, મારી તથા બીજા સાત લોકો સામે વીરેન્દ્રએ પૈસાની ઉઘરાણી કરવા બાબતની અરજી કરેલનુ જાણવા મળતા મીત્ર પરાગ પ્રજાપતિને અરજી કરેલની વાત કરતા તેણે કહેલ કે, તમારા પૈસા આવી જશે, મે વીરેન્દ્ર પાસે મશીન લખાવી લીધુ છે, તમે ચીંતા ના કરો.

જે બાદ ફરીયાદીને પોલીસમાં બોલાવતા હોય જેથી પરાગ સાથે આ અરજી બાબતે અવાર નવાર ફોન પર વાત થતા તેમજ બીજા લોકો પાસેથી પણ જાણવા મળેલ કે, પરાગએ આ અરજી કરાવેલ છે. ગઈ તા.૦૭ ના કોઠારીયા ગામ બાજુ આવવા ગોંડલ ચોકડી પાસે પહોચેલ ત્યારે પરાગને ફોન કરી વીરેન્દ્રની અરજી બાબતે વાત કરતા તેને અરજીના નામ વાળા મુકેશભાઈ ગઢવી તથા શકિતભાઈના નામનો ઉલ્લેખ કરીને કાલ ગઢવીનો રાતે ફોન આવ્યો હતો. વાતચીતમાં તેણે બ્રજેશ કુમાર જા પાસે જઈ આવ્યો રૂબરૂ. બધાય સાહેબુ હારે સેટીંગ જ કર્યું હોય ને, મે તો ઉપર ડી.સી.પી. અને સી.પી. બેય હારે સેટીંગ કરેલુ છે, ત્યાં કોઈનુ સેટીંગ ન થાય. આજીડેમની માલીપા ગમે ઈ જાયને કોઈનું હાલે એમ નથી, મારા સીવાય કોઈનુ ન હાલે, કારખાનુ મારા હાથ રહેશે દશ લાખનુ છે, મે ગોઠવ્યુ હોયને એમા કોઈનું નો હાલે, તમારા ઘરનો પી.આઈ. હોય ને તોય નો હાલે, આપણે ગોઠવ્યુ છે, સાહેબુને દેવા પડે, છેડા તો બધાના હોયને પાંચ પાંચ લાખ રુપીયા દેવા પડે, સી.પી.ને કહે તો પણ નહિ, હા દેવા પડે, બે ત્રણ જગ્યાએ દેવાના થશે પી.આઈ. સાહેબ બધાયે ભેગા મળીને કરવુ પડે, સી.પી.સાહેબ સાથે મીટીંગ થઈ ગઈ છે, સી.પી. બ્રજેશ કુમાર ઝા અને નીર્લીપ્ત રાય બંન્ને આપણા કોન્ટેકમાં છે, આવી તમામ પ્રકારની મારી સાથે પરાગ પ્રજાપતિએ વાતચીત કરેલ છે.

જેથી પરાગ પ્રજાપતિએ પોતે પત્રકાર તરીકે હોવાની ખોટી ઓળખ આપી પોલીસ ખાતામાં મોટા અધિકારીઓ સાથે ઓળખાણ હોવાની છેતરામણી વાતો કરીને તેમજ બીજુ સાત કરોડનુ કામ ઉતારવાની તેમજ વીરેન્દ્ર ચૌહાણએ કરેલ અરજીમાં પોતાનુ સેટીંગ હોવાનુ કહીને જેમાં પતાવટના બહાને પોતાના આર્થિક, અંગતલાભ માટે મોટી રકમ મેળવવા પૈસા પડાવવાની કોશીષ કરતાં ફરીયાદ નોંધાવી હતી.

બનાવ અંગેની ફરીયાદ પરથી ઉચ્ચ પોલીસ અધિકારીઓ દ્વારા નિષ્ઠાવાન પત્રકારની છબી ખરડાવતા અને લોકોમાં પત્રકારના નામે છેતરપીંડી આચરતા શખ્સોથી બચવા લોકોમાં જાગૃતી આવે તેમજ પત્રકારના નામે લોકોને ભોગ બનાવવાની કોશીષ કરેલ આરોપીને તાત્કાલીક પકડી પાડવાની અપાયેલ સુચનાથી આજીડેમ પોલીસ સ્ટેશનના પીઆઈ એચ.એન.પટેલની રાહબરીમાં પીએસઆઈ એમ.જે.વરૂ અને ટીમે આરોપી પરાગ પ્રવિણ ધંધુકીયા (ઉ.વ.૪૦, ધંધો લોન એજન્ટ રહે. ચંન્દ્રપાલ સોસાયટી શેરી નં.૧૯, મુળ રહે, કોટડાસાંગાણી) ને પકડી પાડી કાર્યવાહી કરી હતી.

# આંબેડકરનગરના બંધ મકાનમાંથી દારૂની ૨૮૩૨ બોટલ સાથે સાહીલ વોરા ઝડપાયો

## ક્રાઈમ બ્રાન્ચનો દરોડો : બુટલેગર દિપક ચૌહાણે શરાબનો જથ્થો મંગાવી ભાગીદાર હિતેશ ગોહેલના મકાનમાં સંઘર્યો'તો : બુટલેગર ત્રિપુટીની શોધખોળ

### પીએસઆઈ વનરાજસિંહ ડોડીયા ટીમની કાર્યવાહી : રૂ. ૮.૦૩ લાખનો મુદ્દામાલ કબ્જે



**અબતક, રાજકોટ**

આંબેડકરનગરના બંધ મકાનમાંથી ક્રાઈમ બ્રાન્ચની ટીમે રૂ. ૮.૦૩ લાખની કિંમતની દારૂની ૨૮૩૨ બોટલ સાથે સાહીલ વોરાની ધરપકડ કરી હતી. જયારે દારૂનો જથ્થો લાવી છૂટકમાં વેંપલો કરનાર બુટલેગર ત્રિપુટીની શોધખોળ હાથ ધરવામાં આવી હતી.

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, એડી. સીપી ચૈતન્ય માંડલીક, ડીસીપી (ક્રાઈમ) જગદીશ બાંગરવા, એસીપી (ક્રાઈમ) ભરત બસીયા દ્વારા દારૂ તથા જુગારના વધુને વધુ કેસો શોધી કાઢી દારૂ/જુગારની પ્રવૃતિ સદંતર નેસ્તનાબુદ કરવા માટે આપેલ સુચનાથી ક્રાઈમ બ્રાન્ચ પીએસઆઈ વી.ડી.ડોડીયા ટીમ સાથે પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન હેડ કોન્સ્ટેબલ જયરાજભાઈ કોટીલા, ધારાભાઈ વાનરીયા અને રાજેશભાઈ જળુને ૮૦ ફુટ રોડ, આંબેડકરનગર શેરી નં.૧૩ માં આવેલ હિતેષ કના ગોહેલના રહેણાંક બંધ મકાનમા વિદેશી દારૂનો મોટો જથ્થો છુપાડ્યો હોવાની મળેલ ચોક્કસ બાતમીના આધારે ટીમે દરોડો પાડ્યો હતો.

ક્રાઈમ બ્રાન્ચની ટીમે બંધ મકાનમાં અંદર પ્રવેશ કરતાં ચારે તરફ દારૂ જ જોવા મળ્યો હતો. જો કે, તે દરમિયાન દારૂના ધંધાર્થીનો ભાગીદાર દારૂની રખેવાળી કરવા પહોંચતા જ પોલીસે તેને દબોચી લઈ નામ પૂછતાં પોતાનું નામ સાહીલ બળવંત વોરા (ઉ.વ.૨૩ રહે. આંબેડકરનગર મેઈન રોડ, સ્મશાન સામે, ૮૦ ફુટ રોડ) હોવાનું જણાવ્યું હતું.

પોલીસે મકાનમાંથી અલગ અલગ બ્રાન્ડની રૂ.૭.૮૩ લાખની ૨૮૩૨ બોટલ દારૂ સાથે સાહિલ વોરાની ધરપકડ કરી રૂ.૮.૦૩ લાખનો મુદામાલ કબ્જે કરી પકડાયેલ શખ્સની પુછતાછ આદરી હતી.

વધુમાં પોલીસે જણાવ્યું હતુ કે, આ દારૂનો જથ્થો દિપક ઉર્ફે ધોનો વિનોદ ચૌહાણે મંગાવ્યો હતો અને હિતેષ ગોહેલના મકાનમાં છુપાવી છૂટકમાં વેંચાણ કરતાં હતાં. આ દારૂના ધંધામાં અન્ય ભાગીદાર હિતેષ કના ગોહેલ, દિપક ઉર્ફે ધોનો વિનોદ ચૌહાણ અને અજય ભુપત રાઠોડ (રહે.ત્રણેય-આંબેડકરનગર, ૮૦ ફુટ રોડ) પોલીસ પકડમાં ન આવતાં તેની શોધખોળ હાથ ધરી છે. જ્યારે ફરાર મુખ્ય સૂત્રધાર દિપક ઉર્ફે ધોનો ચૌહાણનો મોટો દારૂનો જથ્થો અગાઉ અમદાવાદ ગ્રામ્ય, અસલાલી પોલીસે પણ પકડી પાડેલ છે.

# ગેરકાયદે પિસ્ટલ સાથે ગુરૂજીનગરનો પારલેજી ઝડપાયો

## પંડિત દિન દયાળ રોડ પર નર્મદા પાર્કના ફ્લેટમાં એસઓજી ટીમ ત્રાટકી : રિમાન્ડ મેળવવા તજવીજ




**અબતક, રાજકોટ**

શહેર પોલિસ દ્વારા ગેરકાયદે હથિયાર રાખનાર શખ્સો સામે સતત ધોસ બોલાવી રહી છે. ક્રાઈમ બ્રાન્ચ, પીસીબી અને એસઓજીની ટીમો દ્વારા સતત દરોડાનો દોર શરૂ કરવામાં આવ્યો છે. ત્યારે વધુ એક દરોડામાં એસઓજી ટીમે ગેરકાયદે પિસ્ટલ સાથે પારસ ઉર્ફે પારલેજી પરમારની ધરપકડ કરી હતી.

શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશનર ચૈતન્ય મંડલીક, ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા, એસીપી ક્રાઈમ ભરત બસિયા દ્વારા શહેરી વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને ધ્યાને રાખી ડ્રગ્સની હેરાફેરી તેમજ ગેરકાયદે હથિયાર રાખનારા શખ્સો વિરુદ્ધ કડક કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી હતી. જે સૂચના અનુસંધાને એસઓજી શાખાના પીઆઈ એન.બી.ચૌધરીના માર્ગદર્શન હેઠળ પીએસસૈ બી વી ચુડાસમાના માર્ગદર્શન હેઠળની ટીમ પેટ્રોલિંગમાં હતા. દરમિયાન એએસઆઈ રાજેશભાઈ બાળા, સિદ્ધરાજસિંહ જાડેજા અને કોન્સ્ટેબલ સ્નેહભાઈ ભાદરકાને મળેલી ચોક્કસ હકીકતના આધારે પંડિત દિનદયાળ રોડ નર્મદા પાર્કના બીજા માળે આવેલ ફ્લેટમાં દરોડો પાડી દેશી બનાવટની પિસ્તોલ કબજે કરી આરોપી પારસ ઉર્ફે પારલેજી લક્ષ્મણભાઈ પરમાર (ઉવ ૨૬ હાલ રહે. પંડિત દિન દયાળ રોડ, નર્મદા પાર્ક, બીજા માળે, રાજકોટ. મૂળ રહે, ગુરુજીનગર, સાધુ વાસવાણી રોડ, રાજકોટ)ની ધરપકડ કરી હથિયાર, મોબાઈલ મળી કુલ રૂ. ૪૦,૦૦૦ નો મુદ્દામાલ કબજે આવ્યો હતો. ઝડપાયેલ શખ્સ હથિયાર ક્યાંથી લાવ્યો? પોતાની પાસે રાખવાનું કારણ શું? સહીતની દિશામાં તપાસના તાર લાંબાવવા એસઓજીએ આરોપીના રિમાન્ડ મેળવવા તજવીજ આદરી છે.

# સ્વાતિપાર્કમા જાહેરમાં ધમધમતું જુગારધામ પકડાયું

## આજી ડેમ પોલીસે દરોડો પાડી છ શખ્સોની ધરપકડ કરી, ૧૩,૦૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો

**અબતક,રાજકોટ**

શહેરના આજીડેમ વિસ્તારમાં આવેલ સ્વાતિ પાર્ક મેઈન રોડ પાસે ભારત પેટ્રોલિયમ વાડી શેરીમાં જાહેરમાં જુગાર રમતા છ શખ્સોની ધરપકડ કરી ૧૩,૦૦૦ નો મુદ્દામાલ કબજે કરી ધોરણસર ની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે વધુ વિગત મુજબ સાતમ આઠમના પર્વ પૂર્વે શહેરમાં ઠેર ઠેર જુગારના પટ મંડાયા હોવાનું પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા ને ધ્યાને આવતા આ બદીને કડક હાથે ડામી દેવા આપેલી સૂચનાને પગલે આજીડેમ પોલીસ મથકનો સ્ટાફ એ પેટ્રોલિંગ હાથ ધર્યું હતું ત્યારે સ્વસ્તિક પાર્ક મેન રોડ નજીક આવેલ ભારત પેટ્રોલ પંપ વાળી શેરીમાં જાહેરમાં જુગાર રમતો હોવાની હેડ કોન્સ્ટેબલ ભરતભાઈ જોગિયાને મળેલી બાતમીના આધારે સ્ટાફે દરોડો પાડયો હતો. નરોડા દરમિયાન જુગાર રમતા જતીન દિનેશ પરમાર સંજય રામા ભરવાડ મયુરરાજસિંહ ભૂરૂભા ઝાલા રાજેશ નવઘણ સિંધવ ગોપાલ સરજુ ટીલાવત અને રમેશ સામત મકવાણા ની ધરપકડ કરી જુગારના પટમાંથી ૧૩ હજારનો મુદ્દામાલ કબજે કર્યો છે.

સ્પોર્ટ્સ અબતક

# ભારતીય મહિલા ટીમ હોકી વર્લ્ડકપના ટોપ-૮માં પહોંચી

## ભારત-ઈંગ્લેન્ડ વચ્ચેની મેચ ડ્રો રહી: બન્ને ટીમને ૧૮ પેનલ્ટી કોર્નર મળ્યા, એકપણ ગોલ ના થયો



**અબતક, રાજકોટ**

વુમન્સ હોકી વર્લ્ડ કપમાં ભારતે ઈંગ્લેન્ડને ૦-૦થી ડ્રો પર રોકી દીધું અને ટુર્નામેન્ટના ટોપ-૮ એટલે કે બીજા રાઉન્ડમાં સ્થાન બનાવી લીધું.નેધરલેન્ડ્સના એમ્સટેલવીનમાં મેચના છેલ્લા ક્વાર્ટરમાં ઈંગ્લેન્ડે ગોલ કરવા માટે પૂરો પ્રયાસ કર્યો. ૫૬મી મિનિટે તેણે પોતાની ગોલકીપરને હટાવીને એક વધારાનો આઉટફિલ્ડ ખેલાડી મેદાન પર ઉતાર્યો. એટલે કે છેલ્લી મિનિટોમાં ઈંગ્લેન્ડે ૧૧ આઉટફિલ્ડ ખેલાડીઓ સાથે ભારતીય સર્કલ પર હુમલો કર્યો, પરંતુ ભારતની ડિફેન્સ લાઇન તૂટી નહીં.પહેલા ક્વાર્ટરમાં ભારતને સતત પેનલ્ટી કોર્નર મળ્યા. ચોથી મિનિટે નવનીતના શોટથી બોલ ગોલમાં ગયો, પરંતુ ઈશિકાના શરીર સાથે અથડાવાને કારણે ગોલને માન્યતા મળી નહીં. આ પછી પણ ભારતે દબાણ જાળવી રાખ્યું.

ભારતને પહેલા ક્વાર્ટરમાં ત્રણ પેનલ્ટી કોર્નર મળ્યા, પરંતુ ટીમ કોઈને ગોલમાં બદલી શકી નહીં. ઈશિકા પાસે ફિલ્ડ ગોલની પણ તક હતી, જેને ઈંગ્લેન્ડની ગોલકીપર પ્રિચર્ડે બચાવી લીધો.

બીજા ક્વાર્ટરમાં પણ ભારતે હુમલા ચાલુ રાખ્યા. ૨૬મી મિનિટે દીપિકાના શાનદાર ડ્રેગફ્લિકને પ્રિચર્ડે પગથી રોકીને ભારતને ફરી ગોલથી દૂર રાખ્યું. આ પછી સલિમાએ રિબાઉન્ડ પર તક બનાવી અને ભારતને વધુ એક પેનલ્ટી કોર્નર મળ્યો.

ઈંગ્લેન્ડે બીજા ક્વાર્ટરમાં ભારતના ડિફેન્સ પર દબાણ વધાર્યું. ૨૭મી મિનિટ પછી તેને સતત પેનલ્ટી કોર્નર મળ્યા. ગોલકીપર સવિતાએ ઘણી તકો પર શાનદાર બચાવ કર્યો. ૩૮મી મિનિટે પણ તેણે બિંઘમના રિવર્સ હિટને ગોલમાં જતો અટકાવ્યો.

હાફ ટાઈમ સુધી ઈંગ્લેન્ડને ૯ પેનલ્ટી કોર્નર મળી ચૂક્યા હતા. ભારતની ડિફેન્સ લાઈને જોકે દરેક વખતે ખતરો ટાળી દીધો. ૪૩મી મિનિટે સાક્ષીએ ગોલલાઈન પર શાનદાર બચાવ કર્યો.





### દીપિકા ટુર્નામેન્ટની સેકન્ડ ટોપ ગોલ સ્કોરર

ભારતની દીપિકા ટુર્નામેન્ટમાં સૌથી વધુ ગોલ કરનારી ખેલાડીઓમાં બીજા સ્થાને છે. તેણે બે મેચમાં ૨ ગોલ કર્યા છે. તેની પાસેથી ફરી એકવાર ઈંગ્લેન્ડ સામે ગોલ કરવાની અપેક્ષા રહેશે.ઓસ્ટ્રેલિયાની ક્લેર કોલવિલ ૩ ગોલ સાથે યાદીમાં ટોચ પર છે. ઈંગ્લેન્ડની સોફી હેમિલ્ટન અને ટેસા હોવર્ડના પણ ૨-૨ ગોલ છે, જે આ મેચમાં ઉતરશે.



# પાકિસ્તાન નબળી ટીમ, ઈંગ્લેન્ડે ૩-૦થી સિરીઝ જીતવી જોઈએ:સ્ટુઅર્ટ બ્રોડ

## બાબર આઝમ વગર મેદાનમાં ઊતરેલી પાકિસ્તાની ટીમ ૧૭૧ રનમાં ઓલઆઉટ, ઓલી રોબિન્સન અને જોશ ટંગની ૫-૫ વિકેટ

**અબતક, રાજકોટ**

ઈંગ્લેન્ડ અને પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલી ત્રણ મેચની ટેસ્ટ સિરીઝ દરમિયાન ઈંગ્લેન્ડના પૂર્વ ઝડપી બોલર સ્ટુઅર્ટ બ્રોડે પાકિસ્તાન ક્રિકેટ ટીમ અંગે અભિપ્રાય આપીને નવો વિવાદ ઊભો કર્યો છે.બ્રોડે પાકિસ્તાની ટીમના પ્રદર્શન અને ક્ષમતા પર સવાલો ઉઠાવ્યા હતા.બ્રોડે જણાવ્યું હતું કે, પાકિસ્તાન એક નબળી ટીમ છે અને તેઓ ખરેખર સારી રમત દાખવી રહ્યા નથી. ઈંગ્લેન્ડે આ સિરીઝ ૩-૦થી આરામથી જીતી લેવી જોઈએ.તેમણે ઉમેર્યું કે ટીમમાં બાબર આઝમ અને ૩૬ વર્ષના મોહમ્મદ અબ્બાસ જેવા અનુભવી ખેલાડીઓ હોવા છતાં, સમગ્ર ટીમનું સંતુલન નબળું છે. જો ઈંગ્લેન્ડ આ સિરીઝ જીતવામાં નિષ્ફળ રહે, તો તે તેમના માટે એક મોટી નિષ્ફળતા ગણાશે.સિરીઝ ઈંગ્લેન્ડ માટે ખાસ છે કારણ કે બેન સ્ટોક્સની કેપ્ટન્સી અને બ્રેન્ડન મેકકલમની કોચિંગ હેઠળ તેઓ વિદેશી ધરતી પર રમી રહ્યા છે.

પાકિસ્તાનની ટીમ સ્ટાર બેટ્સમેન બાબર આઝમ વગર પ્રથમ ટેસ્ટ (હેડિંગલી)માં ઉતરી હતી. બાબરને જમણા હાથની ઈજાને કારણે બહાર રાખવામાં આવ્યા હતા. તેમની ગેરહાજરીમાં સલમાન અલી આઘા કેપ્ટન તરીકે ટીમનું નેતૃત્વ કરી રહ્યા છે. હ્ય પ્રથમ ટેસ્ટમાં ઈંગ્લેન્ડે મજબૂત શરૂઆત કરી હતી. ઓલી રોબિન્સન અને જોશ ટંગે પાંચ-પાંચ વિકેટ ઝડપીને પાકિસ્તાનને ૧૭૧ રનમાં આઉટ કરી દીધી હતી.

### ઈંગ્લેન્ડની વિદેશી મેદાન પર ભૂતકાળના ખરાબ પ્રદર્શનની યાદ અપાવતા સલમાન બટ

બ્રોડના આ નિવેદન સામે પાકિસ્તાનના પૂર્વ કેપ્ટન સલમાન બટે કડક પ્રતિક્રિયા આપી છે. બટે કહ્યું કે બ્રોડના નિવેદનમાં ઈંગ્લિશ ક્રિકેટની સુપિરિયોરિટી કોમ્પ્લેક્સ સ્પષ્ટપણે દેખાય છે. તેમણે ઈંગ્લેન્ડને વિદેશી મેદાન પરના તેમના ભૂતકાળના ખરાબ પ્રદર્શનની યાદ અપાવી હતી.હાલમાં પાકિસ્તાની ટીમ તેની બેટિંગમાં અસ્થિરતા, ધીમી પેસ બોલિંગ અને નબળી ફિલ્ડિંગના કારણે ભારે ટીકાઓનો સામનો કરી રહી છે. કેટલાક વિશ્લેષકો તો આ ટીમને છેલ્લા ૫૦ વર્ષની સૌથી નબળી પાકિસ્તાની ટીમ ગણાવી રહ્યા છે. હવે એ જોવું રસપ્રદ રહેશે કે પાકિસ્તાન મેદાન પર વાપસી કરીને જવાબ આપે છે કે ઈંગ્લેન્ડ બ્રોડની ભવિષ્યવાણી સાચી સાબિત કરે છે.

# જો રૂટે ટેસ્ટમાં ૬૮મી ફિફ્ટી ફટકારી તેંડુલકરના રેકોર્ડની બરાબરી કરી!



## હવે વધુ એક અડધી સદી સાથે જો રૂટ સચિન તેંડુલકરને પાછળ છોડી દેશે અને પ્રથમ સ્થાન મેળવશે

**અબતક, રાજકોટ**

ઈંગ્લેન્ડના કેપ્ટન જો રૂટે હેડિંગ્લી ખાતે પાકિસ્તાન સામેની પ્રથમ ટેસ્ટમાં ફિફ્ટી ફટકારીને ભૂતપૂર્વ ભારતીય બેટ્સમેન સચિન તેંડુલકરના ઓછી મેચોમાં સૌથી વધુ ફિફ્ટી ફટકારવાના રેકોર્ડની બરાબરી કરી હતી. બીજા દિવસે પ્રથમ ઈનિંગમાં ઈંગ્લેન્ડ માટે બેટિંગ કરતા રૂટે ૧૦ ચોગ્ગાની મદદથી ૬૬ રન બનાવ્યા હતા. આ સાથે તે ટેસ્ટ ક્રિકેટમાં સંયુક્ત રીતે સૌથી વધુ ફિફ્ટી ફટકારનાર પ્રથમ બેટ્સમેન બન્યો, જે સચિનના રેકોર્ડની બરાબરી કરે છે.

ટેસ્ટ ક્રિકેટમાં રૂટની આ ૬૮મી ફિફ્ટી હતી. આ દરમિયાન દિગ્ગજ તેંડુલકરે તેની ટેસ્ટ કારકિર્દીમાં ૬૮ અડધી સદી પણ ફટકારી હતી. ફરક એટલો જ છે કે રૂટે ઓછી મેચોમાં સચિનના વિશ્વ રેકોર્ડની બરાબરી કરી હતી.સચિને ૨૦૦ ટેસ્ટમાં ૬૮ અડધી સદી ફટકારી હતી, જ્યારે રૂટે તેની ૧૬૭મી ટેસ્ટમાં આ સિદ્ધિ હાંસલ કરી હતી. રૂટ પાસે આ મેચમાં સચિનને પાછળ છોડી દેવાની તક પણ હશે. તે ઈંગ્લેન્ડની બીજી ઈનિંગમાં ફિફ્ટી ફટકારીને ટેસ્ટ ક્રિકેટમાં સૌથી વધુ ફિફ્ટી ફટકારનાર બેટ્સમેન પણ બની શકે છે. રૂટ ક્યારે સચિનને પાછળ છોડી દેશે તે જોવું રસપ્રદ રહેશે.સચિન તેંડુલકર ટેસ્ટ ક્રિકેટમાં સૌથી વધુ સદી ફટકારનાર બેટ્સમેન છે. તેણે પોતાની કારકિર્દીમાં ૫૧ ટેસ્ટ સદી ફટકારી છે. રૂટે અત્યાર સુધીમાં ૪૧ ટેસ્ટ સદી ફટકારી છે. રૂટ સૌથી વધુ સદી ફટકારનાર બેટ્સમેનોની યાદીમાં સંયુક્ત ત્રીજા ક્રમે છે. તે દક્ષિણ આફ્રિકાના જેક્સ કેલિસથી ઉપર છે, જેમણે પોતાની ટેસ્ટ કારકિર્દીમાં ૪૫ સદી ફટકારી હતી. કાલિસ હાલમાં ક્રિકેટ રમતો નથી. તેથી, રૂટ પાસે સચિનનો સદીનો રેકોર્ડ તોડવાની તક છે. હવે તે જોવું રસપ્રદ રહેશે કે તે તેંડુલકરનો સદીનો રેકોર્ડ તોડી શકશે કે નહીં.

### ટેસ્ટ ક્રિકેટમાં સૌથી વધુ અડધી સદી ફટકારનારા ખેલાડીઓ

૧. સચિન તેંડુલકર (ભારત) - ૬૮ અડધી સદી
૨. જો રૂટ (ઈંગ્લેન્ડ) - ૬૮ અડધી સદી
૩. શિવનારાયણ ચંદ્રપોલ (વેસ્ટ ઈન્ડીઝ) - ૬૬ અડધી સદી
૪. એલન બોર્ડર (ઓસ્ટ્રેલિયા) - ૬૩ અડધી સદી
૫. રાહુલ દ્રવિડ (ભારત) - ૬૨ અડધી સદી

### ત્રીસા-ગાયત્રી ક્વાર્ટર ફાઈનલમાં પહોંચી

ભારતની ત્રિસા જોલી અને ગાયત્રી ગોપીચંદની જોડીએ વુમન્સ ડબલ્સમાં ક્વાર્ટર ફાઈનલમાં સ્થાન મેળવી લીધું છે. ૩૯મી સીડ ભારતીય જોડીએ રાઉન્ડ ઓફ ૧૬માં જાપાનની ૭મી સીડ રિન ઈવાનાગા અને કી નાકાનિશીને સીધા ગેમમાં ૨૧-૧૬, ૨૧-૧૨થી હરાવ્યા.

# આયુષ-સિંધુ બેડમિન્ટન વર્લ્ડ ચેમ્પિયનશિપમાંથી બહાર!!





**અબતક, રાજકોટ**

ભારતની પીવી સિંધુ બેડમિન્ટન વર્લ્ડ ચેમ્પિયનશીપમાંથી બહાર થઈ ગઈ છે. તેને વુમન્સ સિંગલ્સના રાઉન્ડ ઓફ ૧૬ મેચમાં ચીનની વાંગ ઝી યીએ ૧૧-૨૧, ૨૧-૧૫, ૧૭-૨૧થી હરાવી. આ મેચ એક કલાક ૨૮ મિનિટ ચાલી.

નવી દિલ્હીના ઈન્દિરા ગાંધી સ્ટેડિયમમાં ચાલી રહેલી ચેમ્પિયનશીપમાં ગુરુવારે ત્રીજી સીડ ચીનની ખેલાડી ક્રેમ્પ્સથી પરેશાન દેખાઈ. તેમ છતાં તેણે ભારતીય સ્ટાર સિંધુને હરાવી.

સિંધુની હાર સાથે સિંગલ્સ કેટેગરીમાં ભારતનો પડકાર સમાપ્ત થઈ ગયો છે. તેની પહેલા આયુષને ઈન્ડોનેશિયાના અલ્વી ફરહાને તેને ૪૫ મિનિટમાં ૨૧-૧૯, ૨૧-૧૧થી હરાવ્યો.

આયુષે શરૂઆતના ત્રણ પોઈન્ટ્સ પોતાના નામે કર્યા. અલ્વી ફરહાને ધીમે ધીમે વાપસી કરી. ઈન્ટરવલ સુધી ઈન્ડોનેશિયન ખેલાડી ૧૧-૯થી આગળ હતો. અહીંથી બંને વચ્ચે રોમાંચક મેચ જોવા મળી. છેલ્લી મોમેન્ટમાં ફરહાને સારી રમત બતાવતા પહેલી ગેમ ૨૧-૧૯થી જીતી લીધી.બીજી ગેમમાં આયુષ શરૂઆતથી જ દબાણમાં દેખાયો. ફરહાને પહેલા ગેમની લીડનો ફાયદો ઉઠાવ્યો અને સતત પોઈન્ટ મેળવતો ગયો.

એક સમયે તે ૮-૫થી આગળ હતો. તેણે બીજો ગેમ ૨૧-૧૧થી જીતીને મેચ પોતાના નામે કરી લીધી.

# સિન્કફિલ્ડ ચેસમાં વેસ્લી સો સામે હારી જતાં પ્રજ્ઞાનાનંદા બીજો રહ્યો

**અબતક, રાજકોટ**

ભારતીય ગ્રાન્ડમાસ્ટર્ટર આર. પ્રજ્ઞાનાનંદા સિન્કફિલ્ડ કપમાં ચેસમાં ચેમ્પિયન બનેલા અમેરિકાના વેસ્લી સો સામે આર્માગેડોન ગેમમાં ફાઈનલ્સ હારીને બીજા ક્રમે રહ્યો હતો. ક્લાસિકલ ફોર્મેટની છેલ્લી મેચમાં નેધરલેન્ડ્સના અનિશ ગિરી સામે ડ્રો રમીને પ્રજ્ઞાનાનંદાએ મોટા ભાગના રાઉન્ડમાં ટુર્નામેન્ટમાં આગળ ચાલી રહેલા વેસ્લી સો સામે ટાઈબ્રેકર માટે દબાણ બનાવ્યું હતું. વેસ્લી સો બ્લેક મહોરાં સાથે રમીને મેચ ડ્રો કરાવવામાં સફળ રહ્યો હતો અને તેણે ગ્રાન્ડ ચેસ ટૂરના ભાગરૂપ આ ટુર્નામેન્ટ જીતી લીધી હતી.ટુર્નામેન્ટના નિયમો અનુસાર ટાઈ થવાના કિસ્સામાં ખેલાડીએ બે રેપિડ ગેમ્સ રમવાની હતી. જો ત્યાં પણ પરિણામ ન આવે, તો પાંચ મિનિટ વ્હાઈટ મહોરા અને ચાર ચાર મિનિટ બ્લેક મહોરા માટેની એક ફાઈનલ આર્માગેડોન ગેમ રમાડવાની જોગવાઈ હતી, જેમાં મેચ ડ્રો થાય તો બ્લેક મહોરાથી રમતો ખેલાડી વિજેતા બને છે. આ મેચમાં પણ બંને રેપિડ ગેમ્સ ડ્રોમાં પરિણમી હતી, જેને કારણે સ્કોર ૧-૧થી સરભર રહ્યો હતો. ફાઈનલ આર્માગેડોન ગેમમાં પ્રજ્ઞાનાનંદા પાસે વ્હાઈટ મહોરા સાથે જીતવાની મુશ્કેલ તક હતી, પરંતુ ભારતીય ખેલાડી તેમ કરવામાં નિષ્ફળ રહ્યો અને ગેમ ડ્રોમાં પરિણમી હતી.



# મહાદેવ ફેરો કાસ્ટ કંપનીના સ્ટાફને ફાયર સેફ્ટીની તાલીમ અપાઈ



**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા ફાયર અને ઈમરજન્સી સર્વિસીઝ દ્વારા મહાદેવ ફેરો કાસ્ટ પ્રા.લી. કંપનીના માલિક કર્મચારી તથા વર્કરોને બેઝીક ફાયર ફાયટીંગ તથા ફાયર એક્ષ્ટીંગ્યુસર વિશે માહિતી આપેલ છે, જેમા અંદાજે ૭૬ વ્યકિતઓને તાલિમ આપેલ છે.

આ મોકડ્રીલ દ્વારા બિલ્ડીંગમાં લગાવવામાં આવેલ ફાયર સીસ્ટમ અને ફાયર સેફ્ટીના સાધનોને આગ લાગે ત્યારે કઈ રીતે ઉપયોગ કરવો, શું કરવું અને શું ન કરવું જોઈએ તેમજ આગ બુઝાવવા માટેની ફાયર સીસ્ટમ અને સાધનો તથા ફાયર એક્ષ્સ્ટીંગ્યુસરનો ઉપયોગ કેવી રીતે કરવો, જાળવણી અને કઈ રીતે પોતાનો તથા અન્યનો બચાવ કરવો તે અંગે ફાયર એન્ડ ઈમરજન્સી વિભાગના, કોઠારીયા સ્ટેશનના સ્ટેશન ઓફીસર એમ.એમ.શેખ, પી.પી,ચુડાસમા તથા લિડિગ ફાયરમેન અનિલભાઈ સોલંકી, ફાયર ઓપરેટર જયેશભાઈ ડાકી, અનિલ કે સોલંકી, રોહીતભાઈ, રવીંન્દ્રસિંહ, મુકેશભાઈ તથા ડ્રાઈવર જયભાઈ સહિતના સ્ટાફ દ્વારા માહિતગાર કરવામાં આવ્યા હતા.

# વિજય કોમર્શીયલ કો-ઓપરેટીવ બેન્ક લી.ના સ્થાપના દિનની ઉજવણી નિમિત્તે ‘રક્તદાન કેમ્પ’ યોજાયો

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરની અર્બન કો-ઓપરેટીવ બેન્કોમાં અગ્રગણ્ય તથા મહત્વનું સ્થાન ધરાવતી વિજય કોમર્શિયલ કો-ઓપરેટીવ બેન્ક લી. રાજકોટનો સ્થાપના દિન વિશિષ્ટ રીતે આનંદ અને ઉલ્લાસ સાથે ઉજવાઈ ગયો. બેન્ક રૂા. ૧૫૦ કરોડ થી વધુ ડીપોઝીટ, રૂા. ૯૭ કરોડ થી વધુ ધિરાણ અને ૨૨,૦૦૦ થી વધુ સભાસદો ધરાવતી ૭ બ્રાન્ચો સાથે નું નેટવર્ક ધરાવે છે, બેન્કના સ્થાપના દિન નિમીતે તારીખ ૨૦.૦૮.૨૦૨૬ ગુરૂવારનાં રોજ સહકારનાં સિધ્ધાંતોના સામાજીક ઉત્તરદાયીત્વના ભાગરૂપે તથા માનવતાવાદી હેતુ માટે લાયન્સ કલબ મીડટાઉન અને જીવનદીપ બ્લડ બેન્કના સહયોગ સાથે ‘‘રકતદાન કેમ્પ ‘‘ નું આયોજન કરવામાં આવેલ હતુ. આ રકતદાન કેમ્પનો શુભારંભ બેન્કનાં કાર્યકારી ચેરમેન ધીરેનભાઈ પારેખ દ્વારા અન્ય ડીરેકટરઓ તથા સી.ઈ.ઓ. સાહેબની હાજરીમાં દિપ પ્રાગટ્ય સાથે કરવામાં આવ્યો. આ રકતદાન કેમ્પમાં બેન્કના કર્મચારીઓએ, બેન્કના કસ્ટમરોએ તથા શુભેચ્છકોએ ઉત્સાહભેર રકતદાન કરેલ.



રકતદાતાઓને આકર્ષક ભેટ સાથે પ્રોત્સાહીત કરવામાં આવ્યા હતા. આ રકતદાન કેમ્પમાં બેન્કનાં કાર્યકારી ચેરમેન ધીરેનભાઈ પારેખ, ડીરેકટર હમીરભાઈ ચાવડા, શાંતુભાઈ રૂપારેલીયા, કાંતાબેન કથીરીયા, તુલસીભાઈ ગોંડલીયા, પૂર્વ ચેરમેન નિકુંજભાઈ ધોળકીયા, રમેશભાઈ ઘેટીયા, પ્રવિણભાઈ ધોળકીયા તથા બેન્કનાં પૂર્વ ડીરેકટર જયેશભાઈ વસા, દિપકભાઈ પટેલ, આર.એસ.એસ.નાં અધિકારી નરેન્દ્રભાઈ દવે, લાયન્સ કલબ રાજકોટ મીડટાઉન ના પ્રમુખ ડો. આત્મનભાઈ કથીરીયા, સેક્રેટરી રાજેન્દ્રભાઈ રાવલ, હિરેનભાઈ રોકડ, જીજ્ઞેશભાઈ ભટ્ટ તથા જીવનદીપ બ્લડ ના ટ્રસ્ટી ડો. મહેશભાઈ વીરજા વિગેરે મહાનુભાવોએ ઉપસ્થિત રહી રકતદાતાઓના ઉત્સાહમાં વધારો કરેલ. ડો. ડેનીશભાઈ પટેલ તથા તેમનાં સ્ટાફ દ્વારા રકતદાન કેમ્પની કામગીરીને સુંદર રીતે નિભાવી. આ તકે કર્મચારી પરીવારનાં બાળકોને પ્રોત્સાહીત કરવામાં આવેલ હતા.

# અપહરણ-દુષ્કર્મ કેસમાં આરોપી હકાભા ખિયાણીને કોર્ટની રાહત

## લેતી-દેતીની ફરિયાદ પાછી ખેંચવા અપહરણ કરી માસીની નજર સામે સગીરા ઉપર દુષ્કર્મ આચર્યુ તું; સેશન્સ કોર્ટે શરતી જામીન મંજૂર કર્યા

**અબતક,રાજકોટ**

શહેરના રહેતા પરિવારના સભ્ય સાથે થયેલી અગાઉની ફરીયાદ પાછી ખેંચાવવા દબાણ કરવા માસી, સગીર ભાણેજનું અપહરણ કરી જઈ સગીરા ઉપર માસીની નજર સામે સામૂહિક દુષ્કર્મના ગુનામાં જેલ હવાલે રહેલા નામચીન હકાભા ખિયાણીની જામીન અરજી સેશન્સ કોર્ટ દ્વારા મંજૂર કરવામાં આવી છે. વધુ વિગત મુજબ વર્ષ ૨૦૨૩માં બી ડિવિઝન પોલીસ મથકમાં ૧૪ વર્ષીય પીડિતાની માસીએ આક્ષેપીત ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, રૂપિયાની લેતી-દેતી બાબતે ભોગ બનનારની બહેને કરેલી ફરિયાદ પાછી ખેંચી લેવાનું દબાણ કરવા માટે આરોપી અકબર ઉર્ફે હકાભા અબ્દુલભાઈ ખિયાણી (રહે. ભીસ્તીવાડ, રાજકોટ) અને તેના સાગરીતોએ તેણીનું અને ૧૪ વર્ષીય ભાણેજનું અપહરણ કરીને લઈ ગયેલા, જે બાદ એક અવાવરું જગ્યામાં બંનેને માર મારી માસીની નજર સામે જ આરોપી અકબર ઉર્ફે હકાભાએ ૧૪ વર્ષીય સગીરા ઉપર બળજબરીપૂર્વક દુષ્કર્મ ગુજાર્યાની ફરીયાદ નોંધાઈ હતી. આ સમગ્ર ઘટનામાં મુખ્ય આરોપી અકબર ઉર્ફે હકાભા અબ્દુલભાઈ ખિયાણી તેની પત્ની સહિત પરિવારમાં અન્ય સભ્યો સામે બી. ડિવિઝન પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી જેલહવાલે કર્યા હતા. જેલ હવાલે રહેલા મુખ્ય આરોપી અકબર ઉર્ફે હકાભા અબ્દુલભાઈ ખિયાણી જેલમુક્ત થવા માટે જામીન અરજી દાખલ કરી હતી. જે ચાલવા ઉપર આવતા આરોપીના વકીલે દલીલ કરી હતી કે, આ કેસમાં આરોપીની પત્ની સામેની એફ.આઈ.આર. અગાઉ હાઈકોર્ટ દ્વારા રદ્દ કરવામાં આવી છે. આ કેસમાં ફરિયાદી તેમજ ભોગ બનનારે ફરિયાદ પક્ષના કેસને સમર્થન આપ્યું ન હતું. અદાલતે બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ આરોપી હકાભા ઉર્ફે અકબર ખિયાણીને શરતી જામીન ઉપર મુક્ત કરવાનો હુકમ કર્યો છે. આ કેસમાં આરોપી વતી એડવોકેટ જય એમ. વણઝારા, રિદ્ધિ એમ. ગણાત્રા રોકાયા હતા.

# હાર્ટએટેકનો કહેર યથાવત: ૨૪ કલાકમાં ત્રણના મોત

## આહીર ચોકના, રૈયામા યુવક અને પુનિતનગરની પ્રૌઢાનું હૃદયરોગના હુમલાથી મોત, પરિવારોમાં શોક

**અબતક, રાજકોટ**

હૃદયરોગના હુમલાએ વધુ ચાર લોકોના ભોગ લીધા છે. જેમાં શહેરમાં બે યુવાન, પ્રૌઢા હૃદયરોગના હુમલાથી મોત નીપજતા પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે. શહેરમાં રંગીલા પાર્ક મેઈન રોડ પર આહીર ચોકમાં રહેતા કરણ સંજયભાઈ મેઘાણી નામનો ૨૦ વર્ષનો યુવાન સ્વાતી પાર્ક હરીઓમ ઈન્ડસ્ટ્રીઝમાં આવેલી ક્રીએટીવ એન્જિનિયર્સ કંપનીમાં કામ કરતો હતો. ત્યારે હૃદયરોગનો હુમલો આવતા બેભાન હાલતમાં ઢળી પડયો હતો. યુવકને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડાતા તબીબે મૃત જાહેર કર્યો હતો. બીજા બનાવમાં રૈયા ગામમાં રહેતા કપીલ પરસોત્તમભાઈ સોઢા (ઉ.વ.૩૭) રાત્રીના પોતાના ઘરે હતો ત્યારે હૃદયરોગનો હુમલો આવતા સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જયા યુવકનુ મોત નીપજતા પરિવારમાં શોકની લાગણી પ્રસરી છે. મૃતક યુવાન સંતાનમાં એક પુત્ર અને બે પુત્રી છે.ત્રીજા બનાવમાં પુનિતનગર પાસે આવેલ વૃંદાવન શેરી નં.૧૫માં રહેતા બીનાબા કનકસિંહ ઝાલા (ઉ.વ.૫૨) પોતાના ઘરે વહેલી સવારે ઢળી પડતા સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. જયા તબીબે પ્રૌઢાનું હાર્ટએટેકથી મોત નીપજ્યાનું જાહેર કરતા પરિવારમાં શોકમાં ગરકાવ થઈ ગયો હતો.

# કાંગશીયાળી પ્લોટ સોદામાં રૂ.૪૯.૫૯ લાખની ઠગાઈમા સિકંદર પાલેજાના જામીન મંજૂર

## ૮૦ લાખમાં સોદો નક્કી કરી ૭.૬૦ લાખ ખાતામાં નખાવ્યા બાદ ચેક બાઉન્સના બહાને ૩૭ લાખ, સોનાના દાગીના અને ૧૨.૫૦ લાખના ઘઉં પડાવ્યા

**અબતક, રાજકોટ**

લોધીકા તાલુકાના કાંગશીયાળી ગામના પ્લોટના સોદામાં માલિક સાથે ૪૯.૫૯ લાખની ઠગાઈના ગુનામાં સંડોવાયેલા આરોપીની જામીન અરજી કોર્ટ દ્વારા મંજુર કરવામાં આવી છે.વધુ વિગત મુજબ મુજબ ગોંડલના ચરખડી ગામે રહેતા જીવરાજભાઈ બચુભાઈ ગજેરાના કાંગશીયાળી ગામમાં આવેલ પ્લોટ નં. ૯ નો સોદો ઊંચા ભાવે કરાવી આપવાની લાલચ આપી રૂ.૮૦ લાખમાં સોદો નક્કી કરવામાં આવ્યો હતો. જે સોદાના ઈર્ષાદભાઈએ રૂ.૭.૬૦ લાખ બેંક ખાતામાં જમા કરાવ્યા હતા. જેમાંથી ફરિયાદીના ભાણેજ ચેતન પાંચાણીના કહેવાથી રકમ સિકંદરભાઈ સતારભાઈ પાલેજા (રહે. રાજકોટ, ગાંધીગ્રામ) ના બેંક ખાતામાં પણ નાખવામાં આવી હતી. પ્લોટનો દસ્તાવેજ કરાવી લીધા બાદ નક્કી થયેલી સંપૂર્ણ રકમ ચુકવી ન હતી. આ ઉપરાંત ચેક બાઉન્સ થવાના બહાને ફરિયાદી પાસેથી રૂ.૩૭ લાખ ઉછીના તથા પત્નીના સોનાના દાગીના અને રૂ.૧૨.૫૦ લાખની કિંમતના ૨૦૮૮ મણ ઘઉં લઈ જઈ કુલ રૂ. ૪૯.૫૦ લાખની છેતરપીંડી આચરી હોવાની શાપર (વેરાવળ) પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. જે કેસમાં જેલ હવાલે રહેલા આરોપી સિકંદર સતારભાઈ પાલેજાએ જામીન મુક્ત થવા ગોંડલ સેશન્સ કોર્ટ જામીન અરજી દાખલ કરવામાં આવી હતી. જે જામીન અરજી ચાલવા ઉપર આવતા બંને પક્ષની રજુઆત બાદ આરોપીના વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્યાને લઈ કોર્ટ દ્વારા આરોપી સિકંદર પલેજાની જામીન અરજી મંજૂર કરવામાં આવી છે.આ કામમાં બચાવ પક્ષે ગોંડલના એડવોકેટ વિજયરાજસિંહ એસ. જાડેજા, કલ્પેશ એ. ચનિયારા અને એચ. કે. ચનિયારા રોકાયા હતા.

# કૃષ્ણ ચિકિત્સાલયમાં ૪૦૦ પ્રકારના લેબોરેટરી ટેસ્ટ રાહત ભાવે થશે

**અબતક, રાજકોટ**

લોહાણા સેવા મંડળ ટ્રસ્ટ સંચાલિત કૃષ્ણ ચિકિત્સાલય (કનક રોડ, એસ.ટી. બસ સ્ટેશન પાછળ) ખાતે અદ્યતન લેબોરેટરી દ્વારા આશરે ૪૦૦ પ્રકારના લોહી, પેશાબના ટેસ્ટ અને માત્ર રૂા.૨૪૦/-માં અદ્યતન મશીન દ્વારા સોનોગ્રાફી કરી આપવામાં આવે છે. લેબોરેટરી સોમથી શનિ સવારે ૯:૦૦ થી ૧:૦૦, સાંજે ૩:૩૦ થી ૭:૦૦ વાગ્યા સુધી કાર્યરત રહે છે. સોનોગ્રાફી સોમથી શનિ સવારે ૧૧:૦૦ થી ૧૨:૩૦ તથા સાંજે ૫:૦૦ થી ૬:૩૦ સુધી કાર્યરત રહેશે.

## જલારામ ભકિતધામ ટ્રસ્ટ દ્વારા

# લગ્ન માહિતી કેન્દ્રની વેવિશાળ સેવાની સોનેરી સફળતા

**અબતક,રાજકોટ**

જલારામ ભકિતધામ ટ્રસ્ટની સોનેરી સફળતા રાજકોટ ખાતે છેલ્લા ૩૫ વર્ષથી લગ્ન માહિતી કેન્દ્રની સેવા સાથે અસંખ્ય લગ્ન સંબંધ ગોઠવી આપતા ટ્રસ્ટની સફળતામાં અકે વધુ ૩ લગ્ન ઉમેરાણા છે. જલારામ ટ્રસ્ટમાં માત્ર ૩ માસ પેલા રજીસ્ટ્રેશન કરાવનાર પરિમલ નું શુભ વેવિશાળ રાયપુર નિવાસી હેમલતા વિષ્ણુભાઈ નામદેવ સાથે મહેમાનોની હાજરીમાં યોજાયું આપ પણ જો આપના લગ્નોત્સુક કાર્ય માટે સેવા લેવા માગતા હોતો મંગળવાર, શનીવાર સવારે ૧૦ થી ૧૨ બુધવાર, ગુરૂવાર, શુક્રવાર બપોરે ૪ થી ૬માં ઓફીસે રૂબરૂ મળી શકાશે વધુ વિગત માટે મો. ૯૮૨૫૩૫૦૫૪૬ ઉપર સંપર્ક કરવાનો રહેશે.

# જંત્રી મુજબ સ્ટેમ્પ ડયુટી, દંડ હાઈકોર્ટ દ્વારા રદ કરીને કેસ રિમાન્ડનો હુકમ

## નાયબ કલેકટર અને ગાંધીનગર કંટ્રોલિંગ ઓથોરિટીના હુકમને હાઈકોર્ટમાં સિવિલ એપ્લિકેશન થઈ હતી

**અબતક, રાજકોટ**

જમીનના દસ્તાવેજમાં માત્ર જંત્રી આધારે સ્ટેમ્પ ડયુટી અને દંડ પેટે ૨.૩૦ લાખ રૂપિયા ભરપાઈ કરવાનો નાયબ કલેકટર અને ચીફ રેવન્યુ કન્ટ્રોલીંગ ઓથોરીટી ગાંધીનગરનો હુકમ ગુજરાત હાઈકોર્ટે રદ કર્યો છે. સાથે કેસ બજારભાવ મુજબ રિમાન્ડ કરવા હુકમ કર્યો છે.કેસની વિગત મુજબ, રાજકોટ શહેરમાં તા.૧૦/૦૩/૨૦૦૦ના રોજ થયેલા જમીનના દસ્તાવેજમાં ખૂટતી સ્ટેમ્પ ડયુટી વસૂલવા નાયબ કલેકટર, સ્ટેમ્પ ડયુટી રાજકોટએ કલમ ૩૨/ક-૪ હેઠળ સુરેશભાઈ દેવજીભાઈ નળીયાપરાને નોટીસ આપી હતી. જવાબમાં જણાવ્યું હતું કે નોટીસમાં જમીનનું વેલ્યુએશન માત્ર જંત્રી આધારે કરાયું છે. જમીનની સ્થળ, સ્થિતિ, આજુબાજુના ભાવ અને આ જ સર્વે નંબરના અન્ય દસ્તાવેજોમાં વસૂલાયેલી ડયુટીને ધ્યાને લેવી જોઈએ.આ રજૂઆત ન સ્વીકારતા નાયબ કલેકટરે તા.૨૯/૦૧/૨૦૧૬ના રોજ મિલકતની બજાર કિંમત ૧૮ લાખ નક્કી કરી ખૂટતી ડયુટી અને ૨.૩૦ લાખ + ૨૫૦ રૂપિયા દંડ ભરવાનો હુકમ કર્યો હતો. આ હુકમ સામે અરજદારે ચીફ કન્ટ્રોલ ઓથોરીટી, ગાંધીનગરમાં અપીલ કરી હતી. ત્યાં પણ નાયબ કલેકટરનો હુકમ કાયમ રાખવામાં આવ્યો. બંને હુકમો સામે સુરેશભાઈએ ગુજરાત હાઈકોર્ટમાં સ્પે. સિવિલ એપ્લિકેશન દાખલ કરી હતી. તેમાં જસ્ટિસ નિર્ઝર દેસાઈએ સુનાવણી દરમિયાન ઠરાવ્યું કે માત્ર જંત્રી આધારે મિલકતનું મૂલ્યાંકન કરી શકાય નહીં. હાઈકોર્ટે બંને હુકમો રદ બાતલ ઠરાવ્યા અને મિલકતના બજારભાવ તમામ સંબંધિત પરિબળો ધ્યાને લઈ નક્કી કરવા નાયબ કલેકટર રાજકોટને કેસ ફરીથી ચલાવવા રિમાન્ડ કર્યો છે. આ કામે અરજદાર વતી અમદાવાદના એડવોકેટ ઝલક પીપળીયા, રાજકોટના એડવોકેટ મનિષ એચ. પંડ્યા, સંજય એચ. પંડ્યા, જયદેવસિંહ ચૌહાણ, વનરાજસિંહ જાડેજા, પ્રિન્સ ગઢવી રોકાયા હતા.

# ભાજપ દ્વારા ૬ વોર્ડમાં સંત રવિદાસજી મહારાજના કળશનું ભવ્ય સ્વાગત તથા પૂજન



**અબતક, રાજકોટ**

સંત શિરોમણી ગુરૂ રવિદાસજી મહારાજના પાવન કળશનું શહેરના વોર્ડ નં.૪, ૫, ૯, ૧૦, ૧૧ અને ૧૨ માં ખૂબ જ ઉત્સાહભેર ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. કળશ આગમન વેળાએ સમગ્ર વિસ્તાર ધાર્મિક અને ભક્તિમય વાતાવરણથી ગુંજી ઉઠ્યો હતો. આ નિમિત્તે યોજાયેલા ધાર્મિક કાર્યક્રમ દરમિયાન વિધિવત રીતે કળશનું પૂજન અને અર્ચન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજકોટ શહેર પ્રમુખ ડો.માધવ દવે, ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહ, પૂર્વ કેબીનેટ મંત્રી અને ધારાસભ્ય ભાનુબેન બાબરીયા, પૂર્વ પ્રમુખ કમલેશભાઈ મીરાણી, પૂર્વ ધારાસભ્ય લાખાભાઈ સાગઠીયા, મહામંત્રી વલ્લભભાઈ દુધાત્રા, લલીતભાઈ વાડોલીયા, યોગેન્દ્રસિંહ જાડેજા સહિત તમામ વોર્ડના કોર્પોરેટરો, વોર્ડમાં આવતાં શહેરના હોદ્દેદારો, વોર્ડ પ્રભારી, પ્રમુખ, મહામંત્રી, વોર્ડના સ્થાનિક આગેવાનો સહિત તમામ શ્રેણીના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા અને ગુરુ રવિદાસજી મહારાજના આશીર્વાદ પ્રાપ્ત કરી ધન્યતા અનુભવી હતી.

# ચોઈસ નેચર ક્યોર દ્વારા સર્વરોગ માટે વિનામુલ્યે સારવાર કેમ્પ

**અબતક, રાજકોટ**

ચોઈસ નેચર ક્યોર ક્લીનીક, દ્વારા વિવિધ રોગો જેવા કે જુની શરદી, ખાંસી, અસ્થામા, જૂની કબજીયાત, પેટ અને સાંધાનો દુખાવો, એસીડીટી, ડાયાબીટીસ, મેદસ્વીતા, પેરેલીસ, પાર્કીન્સ, કોલસ્ટોલ, થાઈીઈડ, કેન્સર, કીડની પ્રોબલમ, વજન વધઘટ માટે આડઅસર રહીત, વિવિધ કુદરતી ઉપચાર સારવાર નિઃશુલ્ક કરવામાં આવે છે. આ સારવારમાં એક્યુપ્રેશર, હાઈડ્રોથેરાપી, પેક્સ, ડીટોક્ષ થેરાપી, સમાજ તથા ખોરાક ચિકિત્સા તથા વિવિધ આસનો-પ્રાણાયમ મુખ્ય છે. દરેક રોગોની નિઃશુલ્ક સારવાર, ચોઈસ નેચર ક્યોર કલીનીકમાં નેચરોપથી નિષ્ણાંત સકીનાબેન લોટીયા દ્વારા દર સોમથી શનિ સાંજે ૪ થી ૬ કરવામાં આવે છે. આ સારવાર માટે અગાઉથી મો. ૮૮૬૬૮૮૧૦૩૨ ઉપર સંપર્ક કરી દર્દીએ આવવાનું રહેશે.

# દિલ્હીમાં યોજાનારા ‘‘ફિલ્મ એક્સપો ઈન્ડિયા ૨૦૨૬’’મા ઉપસ્થિત રહેવા હર્ષ સંઘવીને આયોજકો દ્વારા નિમંત્રણ

**અબતક, રાજકોટ**

દિલ્હીના ભારત મંડપમ ખાતે બુધવારથી ૩૦ ઓગસ્ટ, ૨૦૨૬ દરમિયાન દેશના પ્રથમ ‘‘ફિલ્મ એક્સ્પો ઈન્ડિયા ૨૦૨૬‘‘નું ભવ્ય આયોજન થવા જઈ રહ્યું છે. આ વૈશ્વિક પ્રદર્શનમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેવા માટે આયોજક એક્ઝોબસ પ્રાઈવેટ લિમિટેડના સીઈઓ મુકેશકુમાર વતી પ્રાગટ્ય ફિલ્મ્સ પ્રાઈવેટ લિમિટેડના દિવ્યેન રાયઠઠા અને દીપક અંતાણીએ ઉપ-મુખ્યમંત્રી હર્ષ સંઘવી સાથે રૂબરૂ મુલાકાત કરી સાદર નિમંત્રણ પાઠવ્યું હતું.



## બુધવાર થી ૩૦ ઓગસ્ટ સુધી ભારત મંડપમ ખાતે યોજાશે વૈશ્વિક પ્રદર્શન

૩૫,૦૦૦ ચોરસ મીટરમાં ફેલાયેલું આ આયોજન ‘‘ફ્રોમ સ્ક્રિપ્ટિંગ ટુ રિલીઝિંગ‘‘ થીમ પર આધારિત રહેશે, જેમાં વાર્તા લેખનથી લઈને ગ્લોબલ ડિસ્ટ્રિબ્યુશન, ઓટીટી, એઆઈ, વીએફએક્સ અને ફિલ્મ ટુરિઝમ જેવા તમામ ક્ષેત્રો આવરી લેવાશે. એક્સ્પો દરમિયાન યોજનારા માસ્ટરક્લાસિસ, વર્કશોપ અને પેનલ ડિસ્કશન દ્વારા ગુજરાતી તેમજ ભારતીય ફિલ્મ ઉદ્યોગના કલાકારો, નિર્માતાઓ, લેખકો અને ટેકનિશિયન્સને આંતરરાષ્ટ્રીય સ્તરે નવી ઓળખ અને ભાગીદારી માટે એક વિશાળ મંચ પ્રાપ્ત થશે.

# રાજકોટ જેલ શ્રાવણ મહિનામાં ભક્તિમય બની: ભજન-લોક સંગીત કાર્યક્રમ યોજાયો

**અબતક, રાજકોટ**

રાજકોટ જેલ પવિત્ર શ્રાવણ મહિનામાં ભક્તિમય બની હતી. જેલ ખાતે ભજન અને લોક સંગીતનો કાર્યક્રમ યોજાયો હતો. અલગ લોક ગાયકોએ જેલમાં ભક્તિ રસ પીરસતા જેલનું વાતાવરણ આધ્યાત્મના રંગે રંગાયું હતું.

પવિત્ર શ્રાવણ માસને લઈ રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે આધ્યાત્મિક અને સાંસ્કૃતિક વાતાવરણનું નિર્માણ થાય તે હેતુથી ભજન તથા લોકસંગીતના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેલ અધિક્ષક વી.પી. ગોહિલના નેતૃત્વમાં યોજાયેલા કાર્યક્રમમાં લોકગાયિકા લલિતાબેન ઘોડાદરા, અનુવાદાબેન રાવલ તથા બાળ ગાયક આયાન રોજસરાએ ભજન અને લોકગીતોની સુંદર રજૂઆત કરી હતી.



તબલા ઉસ્તાદ લાલાભાઈ ઉસ્તાદ, સંકેતભાઈ શુકલા તથા બેન્જો વાદક કમલેશભાઈ સોલંકીએ સંગીતની સંગત આપી હતી. કલાકારોની રજૂઆતથી જેલ પરિસરમાં ભક્તિમય અને આનંદમય વાતાવરણ સર્જાયું હતું. શ્રાવણ માસ દરમિયાન આવા આધ્યાત્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા કેદીઓમાં સકારાત્મક વિચારસરણી, આધ્યાત્મિક ભાવના અને માનસિક શાંતિનો વિકાસ થાય તે દિશામાં જેલ તંત્ર દ્વારા પ્રયાસ કરાયો હતો. કાર્યક્રમના અંતે ઉપસ્થિત કલાકારોનો આભાર માનવામાં આવ્યો હતો.

# હવે કાયદાના સ્નાતકો વકીલાતના અનુભવ વિના પણ ન્યાયિક સેવા પરીક્ષા આપી શકશે

## સુપ્રીમ કોર્ટે એક મહત્વપૂર્ણ નિર્ણય સંભળાવતા ન્યાયિક સેવામાં પ્રવેશ માટેના નિયમોમાં સુધારો કર્યો

**અબતક, રાજકોટ**

દેશની સર્વોચ્ચ અદાલત, સુપ્રીમ કોર્ટે એક મહત્વપૂર્ણ નિર્ણય સંભળાવતા ન્યાયિક સેવામાં પ્રવેશ માટેના નિયમોમાં સુધારો કર્યો છે. આ ઐતિહાસિક સુધારા મુજબ, હવે કાયદાના સ્નાતકો વકીલાતના અનુભવ વિના પણ ન્યાયિક સેવા પરીક્ષા આપી શકશે. આ નિર્ણય ન્યાયતંત્રમાં કારકિર્દી બનાવવા ઈચ્છતા યુવાનો માટે એક મોટી રાહતના સમાચાર છે.સુપ્રીમ કોર્ટે આ અંગેના અરજીઓની સુનાવણી બાદ આ આદેશ આપ્યો હતો. અગાઉના નિયમો મુજબ, ન્યાયિક સેવા પરીક્ષામાં બેસવા માટે ઉમેદવાર પાસે ઓછામાં ઓછા ત્રણ વર્ષનો વકીલાતનો અનુભવ હોવો જરૂરી હતો. પરંતુ સુપ્રીમ કોર્ટે આ શરતને હવે દૂર કરી દીધી છે.

આ સુધારો ન્યાયિક સેવામાં યુવા પ્રતિભાઓને આકર્ષવા અને ન્યાયતંત્રને વધુ કાર્યક્ષમ બનાવવાના પ્રયાસોનો એક ભાગ છે. વકીલાતના અનુભવની જરૂરિયાત દૂર થવાથી હવે મોટી સંખ્યામાં યુવાન કાયદાના સ્નાતકો ન્યાયિક સેવામાં જોડાવા માટે સક્ષમ બનશે.


ન્યાયિક સેવાની પરીક્ષામાં સફળતા મેળવનારા તમામ ઉમેદવારોએ રાજ્ય ન્યાયિક એકેડેમીમાં ૧ વર્ષની સઘન તાલીમ લેવી ફરજિયાત રહેશે.સઘન તાલીમ પૂર્ણ કર્યા બાદ ઉમેદવારે જિલ્લા ન્યાયાધીશ અથવા ઉચ્ચ ન્યાયિક સેવા અધિકારી સાથે ૬ મહિનાની કારકુનશીપ કરવી પડશે.આ સમગ્ર તાલીમ અને કારકુનશીપ પ્રક્રિયાનો મુખ્ય હેતુ નવોદિત ન્યાયાધીશોને કોર્ટની વાસ્તવિક કામગીરી, કાયદાની ગ્રાઉન્ડ રિયાલિટી અને વ્યવહારુ પ્રક્રિયાઓથી સંપૂર્ણ રીતે માહિતગાર કરવાનો છે. સુપ્રીમ કોર્ટના આ નિર્ણયથી ન્યાયિક પ્રક્રિયામાં વધુ સક્ષમ, અનુભવી અને યોગ્ય ઉમેદવારોનો સમાવેશ થશે.

# સિવિલ હોસ્પિ.ના ફડાકા કાંડના ગાંધીનગર સુધી પડઘાઃ ન્યાયની ખાતરી આપતા આરોગ્ય મંત્રી

## ઈમરજન્સી વિભાગના સિનિયર તબીબ રામાણીએ અને જુનિયર ડો.ક્રિશાને ગાળો ભાંડી થપ્પડ માર્યાનો આક્ષેપનો મામલો

## જુનિયર ડોક્ટરની વિજળીક હડતાલમાં તાત્કાલિક અધિક્ષક ડો.મોનાલી માકડિયા, આરએમઓ હર્ષદ દૂસરાએ ખાતરી આપતા હડતાલ સમેટાઈ







**અબતક, રાજકોટ**

રાજકોટ શહેર સિવિલ હોસ્પિટલમાં સૌરાષ્ટ્રની મોટી હોસ્પિટલ હોવાથી દર્દીઓ સારવાર અર્થે આવતા હોય છે અનેક વિવાદો ની વચ્ચે વધુ એક વિવાદ સર્જાયો છે ગત રાત્રે સિનિયર ડોક્ટર દ્વારા મહિલા તબીબને દર્દીને દાખલ કરવા બાબતે બેફામ ગાળો ભાંડી અને ઉશ્કેરાઈ ને મહિલા તબીબને સિનિયર ડોક્ટરે ફડાકા મારતા નો આક્ષેપ થયા હતા મહિલા તબીબ દ્વારા પર થયેલા હુમલામાં અને સુરક્ષા બાબતે પ્ર નગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવ્યા બાદ રેસીડેન્સી ડોકટરો વીજળીક હડતાલ પર ઉતર્યા હતા જેની જાણ થતા સિવિલ હોસ્પિટલના પૂર્વ તબીબી અધિક્ષક અને આરએમઓ દોડી ગયા હતા અને રેસીડેન્ટ ડોક્ટર સાથે વાર્તાલાપ કરી યોગ્ય પગલાં લેવાની ખાતરી આપતા રેસીડન્ટ ડોકટરોની હડતાલ સમેટાઈ હતી ત્યાર બાદ મહિલા તબીબ ગેરવર્તણૂકના પડઘા ગાંધીનગર સુધી પહોંચ્યા હતા અને રાજયસરકાર દ્વારા અંત્યત ગંભીરતા લીધી હતી આરોગ્ય મંત્રીએ મહિલા તબીબ સાથે ટેલિફોન વાતચીત કરી સંપૂર્ણ સુરક્ષા અને યોગ્ય કાર્યવાહીની ખાતરી આપી હતી

આ અંગે મળતી માહિતી મુજબ શહેરની સિવિલ હોસ્પિટલમાં ગત રાત્રે આસપાસ ઈમરજન્સી વિભાગમાં એક દર્દીને દાખલ કરવા બાબતે મહિલા તબીબ ડો ક્રિશા શિંગાળા એ સિનિયર મેડિકલ ઓફિસર ડોક્ટર અશ્વિન રામાણી સમક્ષ રજૂઆત કરતા ડો રામાણી વિફર્યા હતા અને મહિલા તબીબને કાન માંથી કીડા ખરે તેવી ગાળો ભાંડી અને ફડાકા મારવાનો

(અનુ. આઠમા પાને)

### દર્દીની ગંભીર હાલત હોવા છતાં જુનિયર ડોક્ટર દ્વારા એડમિટ ન કરતા માથાકૂટ થઈ ડો.રામાણી



સિવિલ હોસ્પિટલમાં સિનિયર મેડિકલ ઓફિસર ડોક્ટર રામાણીની અબતક સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે ગત રાત્રે એક દર્દી જેની હાલત ગંભીર હોય છતાં પણ જુનિયર ડોકટરો દ્વારા તેમને એડમિટ ન કરતા હોય જે અગે તાત્કાલિક દાખલ કરવાની માથાકૂટ કરી અને દર્દીને એડમિટ કરવામાં આવ્યા હતા તેમજ એક કલાક બાદ તે દર્દીનું મૃત્યુ થયું હતું સમગ્ર મામલે ડો ક્રિશા એ મારા પર ખોટા આક્ષેપ કરવામાં આવતા અને વિડ્યો ઉતારવા સમગ્ર મામલે ઘર્ષણ થયું હતું અને મેં ડો ક્રિશાના મોબાઈલને હાથ માર્યો હતો અગાઉ પણ મેં જુનિયર ડોક્ટર દ્વારા ગંભીર દર્દીને એડમિટ કરવા જુનિયર ડોકટર માથાકૂટ કરતા હોય અને યોગ્ય કામ ન કરવા બાબતે અગાઉ સુપ્રિટેન્ડેન્ટ સહિતને રજૂઆત કરેલ છતાં કોઈ પગલા લેવાયા નથી.

### પ્ર.નગર પોલીસે ડો.અશ્વિન રામાણીની કરી અટકાયત


સિવિલ હોસ્પિટલમાં ગત રાત્રે મહિલા તબીબ ડો ક્રિશા એ દર્દી ને દાખલ કરવા બાબતે ડો રામાણીને રજૂઆત કરતા ડો.રામાણી ઉશ્કેરાઈ ગયેલ અને ડો ક્રિશા ને ગેરવર્તન કરેલ અને ફડાકા માર્યાનો આક્ષેપ કરવામાં આવ્યા હતા જેથી અભદ્ર વર્તન બાબતે ડો ક્રિશાએ ડો રામાણી વિરુદ્ધ શહેરના પ્રદ્યુમનનગર પોલીસે મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે સિનિયર તબીબ રામાણી વિરુદ્ધ ગુનો દાખલ કરી હતી હાલ અત્યારે ડો રામાણીની પ્રદ્યુમન નગર પોલિસે અટકાયત કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

### તપાસનો રિપોર્ટ તૈયાર કરી ગાંધીનગર ખાતે મોકલ્યોઃ આર.એમ.ઓ હર્ષદ દૂસરા



સિવિલ હોસ્પિટલમાં ગત રાત્રે ઈમરજન્સી વિભાગમાં રેસીડેન્ટ મેડિકલ જુનિયર મહિલા તબીબ ડો ક્રિશા ને સિનિયર ડો. રામાણી દ્વારા અભદ્ર વર્તન અને ફડાકા માર્યાના આક્ષેપમાં સિવિલ હોસ્પિટલ ખાતે પૂર્વ તબીબી અધિક્ષક માકડિયા અનેઆર.એમ.ઓ હર્ષદ દૂસરા દોડી ગયા હતા અને વિજળીક હડતાલ પર ઉતરેલ રેસીડેન્ટ જુનિયર ડોક્ટરોને સાથે વાતચીત કરી તપાસ સમિતિની રચના કરશું અને યોગ્ય પગલાં લેશું ની ખાતરી આપતા રેસિડેન્ટ જુનિયર ડોક્ટર એ હડતાલ સમેટી હતી જે અંગે આજે સવારે ૧૦ વાગ્યે સિવિલ તબીબી અધિક્ષક સાથે મીટીંગ માં મહિલા તબીબ સાથેની ગેરવર્તણૂક બાબતે રિપોર્ટ તૈયાર કરી ભલામણ કરી ગાંધીનગર ખાતે મોકલ્યો છે હવે થોડા સમયમાં નિર્ણય આવ્યે યોગ્ય કરવાહી થશે.

### સિવિલ હોસ્પિટલના નવા સુપ્રીટેન્ડેન્ટ તરીકે ડો.કમલ ડોડીયાની નિમણુંક



રાજકોટ સ્થિત પી.ડી.યુ. (સિવિલ) હોસ્પિટલના નવા તબીબી અધીક્ષક (મેડિકલ સુપ્રીટેન્ડેન્ટ) તરીકે ડો. કમલ ડોડીયાની નિમણૂક કરવામાં આવી છે.ડો. કમલ ડોડીયા તબીબી ક્ષેત્રે અને હોસ્પિટલ વહીવટમાં બહોળો અનુભવ ધરાવે છે. આ પૂર્વે પણ તેમણે આરોગ્ય સેવાઓમાં વિવિધ જવાબદારીઓ સફળતાપૂર્વક નિભાવી છે.હોસ્પિટલનો પદભાળ સંભાળતાની સાથે જ તેમણે દર્દીઓને ઝડપી અને ગુણવત્તાયુક્ત સારવાર મળે તે તેમની પ્રાથમિકતા રહેશે તેમ જણાવ્યું હતું. સિવિલ હોસ્પિટલમાં આવતા દર્દીઓને ઈમરજન્સી સેવાઓ, ઓપીડી અને ઈનડોર સારવારમાં કોઈ અગવડતા ન પડે તે માટે વહીવટી પ્રક્રિયાઓને વધુ સુચારુ બનાવવા પર ભાર મૂકવામાં આવશે.રાજકોટ સિવિલ હોસ્પિટલ સૌરાષ્ટ્રભરના દર્દીઓ માટે આરોગ્ય સેવાઓનું મુખ્ય કેન્દ્ર છે. ડો. ડોડીયાના નેતૃત્વ હેઠળ હોસ્પિટલના વિવિધ વિભાગો વચ્ચે વધુ સારું સંકલન સાધવા, સફાઈ વ્યવસ્થા જાળવવા અને સુપર-સ્પેશિયાલિટી સેવાઓનો વ્યાપ વધારવા માટે વિશેષ આયોજન કરવામાં આવશે. હોસ્પિટલના તબીબો અને પેરામેડિકલ સ્ટાફ સાથે બેઠક યોજીને દર્દી લક્ષી સુવિધાઓને વધુ મજબૂત કરવા માટેના પગલાં લેવામાં આવશે.

# સગીર દુષ્કર્મ પીડિતાની ઓળખ છતી કરવાના મામલે કોંગ્રેસ નેતા પ્રગતી આહીરની અરજી હાઈકોર્ટે ફગાવી

## આટકોટ પોલીસ મથકે નોંધાયેલી રદ્દ કરવા કોર્ટે કર્યો ઈન્કારઃ કેસમાં ટ્રાયલ જરૂરી હોવાનું અવલોકન

**અબતક, રાજકોટ**

રાજકોટ જિલ્લામાં સગીર બાળકી પર થયેલા જાતીય શોષણના મામલે પીડિતાની ઓળખ છતી થાય તેવી સોશિયલ મીડિયા પોસ્ટ કરવા બદલ કોંગ્રેસ નેતા પ્રગતિ આહીર સામે નોંધાયેલી રદ્દ કરવાનો ગુજરાત હાઈકોર્ટે સ્પષ્ટ ઈનકાર કરી દીધો છે. રાજકોટ જિલ્લાના આટકોટ પોલીસ સ્ટેશનમાં પ્રગતિ આહીર સામે બેએનએસ અને પોક્સો એક્ટ હેઠળ દાખલ કરવામાં આવી હતી.આરોપ મુજબ, પીડિતાના પરિવારની મુલાકાત લીધા બાદ સોશિયલ મીડિયા (ફેસબુક) પર તસવીરો અને વીડિયો પોસ્ટ કરવામાં આવ્યા હતા. પોસ્ટમાં પીડિતાનો ચહેરો બ્લર (ઝાંખો) કરવામાં આવ્યો હોવા છતાં, બેકગ્રાઉન્ડ, ઘરની આસપાસનો વિસ્તાર અને સંબંધીઓના ફોટોગ્રાફસને કારણે બાળકીની ઓળખ સરળતાથી છતી થઈ શકે તેમ હતી.

જસ્ટિસ એમ. કે. ઠક્કરની કોર્ટે સુનાવણી દરમિયાન નોંધ્યું કે કાયદો બાળકની પ્રતિષ્ઠા કે ગોપનીયતાને નુકસાન પહોંચાડે તેવા કોઈપણ રિપોર્ટ, ટિપ્પણી કે ફોટોગ્રાફ પ્રકાશિત કરવા પર પ્રતિબંધ મૂકે છે. અદાલતે સ્પષ્ટ કર્યું કે અરજદાર સામે પ્રથમ દૃષ્ટિએ કેસ બને છેઅને આ બાબત ટ્રાયલ માગી લે તેવી હોવાથી રદ્દ કરવા માટે હાઈકોર્ટ પોતાની અસાધારણ સત્તાનો ઉપયોગ કરી શકે નહીં.

# એમેઝોન પાઠ્યપુસ્તકો ડિલિવરી ચાર્જ લીધા વિના વિદ્યાર્થીઓના ઘરે પહોંચાડશે

## શિક્ષણ મંત્રી ડો.પ્રદ્યુમન વાજાની ઉપસ્થિતિમાં શાળા પાઠ્ય પુસ્તક મંડળ અને એમેઝોન વચ્ચે એમઓયુ




**અબતક, રાજકોટ**

ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા ખાનગી શાળાના વિદ્યાર્થીઓના હિતમાં તેમજ વાલીઓની સરળતા માટે વિદ્યાર્થીલક્ષી પહેલ કરવામાં આવી છે. પાઠ્યપુસ્તકો વધુ સરળતાથી, પારદર્શક રીતે અને ઝડપથી ઉપલબ્ધ થાય તે હેતુથી શિક્ષણ મંત્રી ડો. પ્રદ્યુમન વાજાની ઉપસ્થિતિમાં આજે ગાંધીનગર ખાતે પાઠ્યપુસ્તક મંડળ અને ઈ-કોમર્સ પ્લેટફોર્મ એમેઝોન સાથે ઐતિહાસિક સમજૂતી કરાર કરવામાં આવ્યા છે. 'ફક્ત એક ક્લિકથી પુસ્તકો વિદ્યાર્થી સુધી'ના ઉદ્દેશ્ય સાથે વિદ્યાર્થીઓને ભૌતિક પાઠ્યપુસ્તકો કોઈપણ પ્રકારની હાલાકી વિના પોતાના ઘરઆંગણે જ મળી રહે

(અનુ. આઠમા પાને)

# દારૂબંધીવાળા ગુજરાતના ગોહિલવાડમાં લઠ્ઠાકાંડથી મૃત્યુઆંક ૮: ૩૧ની હાલત ગંભીર

## ૨૧માંથી ૧૩ આરોપી ૧૦ દિવસના રિમાન્ડ પર, માસ્ટર માઈન્ડ રઈસ ઈન્દોરથી ઝડપાયોઃ દિલ્હી સુધી તાર, મુખ્ય સૂત્રધાર ગૌતમ સોલંકી સામે અગાઉ ૬ ગુના

**અબતક, રાજકોટ**

દારૂબંધીવાળા ગુજરાતના ગોહિલવાડ સહિત રાજ્યભરમાં ચકચાર મચાવનાર ઝેરી દારૂ પીવાથી વધુ એક વ્યક્તિના મોત નીપજતા લઠ્ઠાકાંડમાં મૃત્યુઆંક ૮ થઈ ગયો છે. ૩૦ લોકો સારવાર હેઠળ છે. સ્થિતિ વણસતા બોટાદ અને અમરેલીથી ૧૦૦ પોલીસ કર્મચારીને તહેનાત કરાયા છે. ૨૧ આરોપીમાંથી ૧૩ને કોર્ટે ૧૦ દિવસના રિમાન્ડ પરશોત તો હુકમ કર્યો છે.

લઠ્ઠાકાંડને પગલે પોલીસ પર માછલા ધોવાતા ભાવનગર રેન્જ આઈજીએ વરતેજ પોલીસ સ્ટેશનના એ.બી.પઢેરીયા અને ડીજીપીએ પીઆઈ મયુરધ્વજસિંહ સરવૈયાને સસ્પેન્ડ કર્યા છે. જ્યારે એસપીએ વરતેજ પોલીસ સ્ટેશનના ૪ સહિત ૫ પોલીસ કર્મીને સસ્પેન્ડ કર્યા હતા.તેમજ મોડી રાત સુધી , અને સ્થાનિક પોલીસે બુટલેગરોને અને સર્ચ ઓપરેશન કર્યું હતું. સાથે જ મુખ્ય સૂત્રધાર ઈન્દોરથી રઈસને એમસીએ ઝડપી પાડ્યો હતો. ભાવનગરમાં રોયલ સ્ટેગ બ્રાન્ડનો નકલી વિદેશી દારૂ બનાવીને વેચવાના રેકેટમાં સર્જાયેલા ઝેરી લઠ્ઠાકાંડે સમગ્ર રાજ્યમાં ભારે ચકચાર જગાવી છે. આ કરૂણ ઘટનામાં ઝેરી દારૂ પીવાથી અત્યાર સુધીમાં કુલ ૮ લોકોના મોત નીપજ્યા છે. જ્યારે ૩૧થી વધુ દર્દીઓ ભાવનગરની સર ટી. હોસ્પિટલ અને અન્ય ખાનગી હોસ્પિટલોમાં સારવાર હેઠળ છે. લો એન્ડ ઓર્ડર આઈજીપી મકરંદ ચૌહાણ દ્વારા જાહેર કરાયેલી વિગતો અનુસાર, સ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને સ્ટેટ મોનિટરિંગ સેલ () દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે.લઠ્ઠાકાંડના તાર હવે ગુજરાત ઉપરાંત અન્ય રાજ્યો સુધી વિસ્તર્યા છે. પોલીસની વિવિધ ટીમો દ્વારા અમદાવાદ, કચ્છ, સુરત ઉપરાંત દિલ્હી અને મધ્યપ્રદેશમાં વ્યાપક તપાસ હાથ ધરવામાં આવી છે. નકલી દારૂ ભરવા માટેની બોટલો, બોટલો સીલ કરવાના મશીન અને સ્ટીકરો દિલ્હીથી સપ્લાય થતા હોવાનો ખુલાસો થતાં એક ટીમ દિલ્હી પહોંચી છે. આ સમગ્ર રેકેટનો મુખ્ય માસ્ટર માઈન્ડ રઈસ મધ્યપ્રદેશના ઉજ્જૈન ખાતે ભાગી ગયો હતો, જેને સ્ટેટ મોનિટરિંગ સેલે ગત મોડી રાત્રે ડીટેઈન કરી ભાવનગર લવાયો છે. રઈસ છેલ્લા દોઢ-બે મહિનાથી ભાવનગર ઉપરાંત કચ્છના ભચાઉ અને ગુજરાતના અન્ય વિસ્તારોમાં સક્રિય હતો.ભાવનગરના મુખ્ય સુત્રધાર ગૌતમ સોલંકી સામે અગાઉ પણ દારૂના ૬ ગુના નોંધાઈ ચૂક્યા છે. ગૌતમના ઘરેથી અને તેના સસરાના ઘર પાસેથી પોલીસે લઠ્ઠો તેમજ ૨૩ પેટી નકલી દારૂનો જથ્થો શોધી નાશ કર્યો હતો. આરોપીઓ અને તેમના સગાસંબંધીઓએ પુરાવા સળગાવીને નાશ કરવાનો પ્રયાસ કર્યો હોવાથી પોલીસે આ કેસમાં પુરાવાના નાશ કરવાની કલમોનો ઉમેરો કર્યો છે. નકલી દારૂ બનાવવા માટે મધ્યપ્રદેશથી બોલાવાયેલા નરેન્દ્ર ઉર્ફે ડોકટરનું પણ દારૂ

(અનુ. આઠમા પાને)

### લઠ્ઠાકાંડ પોલીસ પર માછલાં ધોવાયાં, બે પીઆઈ સહિત ૭ પોલીસમેન સસ્પેન્ડ


ઘટનાની ગંભીરતાને પગલે રાજ્ય પોલીસ વડા અને વહીવટી તંત્રે કડક વલણ અપનાવ્યું છે. ફરજમાં ઘોર બેદરકારી દાખવવા બદલ એલસીબી પીઆઈ મધુરધ્વજસિંહ સરવૈયા, વરતેજ પીઆઈ એસ.બી.પઢેરિયા, વરતેજ પોલીસ મથકના ૪ પોલીસકર્મીઓ અને નિલમબાગ પોલીસ મથકના મહિલા પોલીસ કર્મચારી ઉષાબેન ભીમાણીને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે.

## બોટાદ-અમરેલીથી ૧૦૦ પોલીસ તૈનાત, નું સર્ચ ઓપરેશન; ભાવનગર બાર એસોસિએશને આરોપીઓનો કેસ ન લડવા કર્યો નિર્ણય

### ગુજરાતમાં દારૂ બંધી માત્ર કાગળ પર !!

# દારૂ-ડ્રગ્સના હપ્તા સીએમ કાર્યાલય સુધી પહોંચે છેઃ અમિત ચાવડાનો આક્ષેપ

## ભાવનગર લઠ્ઠાકાંડની તપાસ હાઈકોર્ટના સિટીંગ જજના નેતૃત્વમાં ‘સીટ’ની રચના કરી કરાવો, ગૃહમંત્રી તાત્કાલીક રાજીનામુ આપેઃ કોંગ્રેસ



**અબતક, રાજકોટ**

ભાવનગર લઠ્ઠાકાંડની હાઈકોર્ટના સિટિંગ જજના નેતૃત્વમાં સીટ તપાસ કરાવવામાં આવે તેવી માંગણી કોંગ્રેસ દ્વારા કરવામાં આવી હતી. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિતભાઈ ચાવડાએ ગુજરાતમાં દારૂ બંધીનો કાયદો કાગળ પર રહી ગયો છે.

હપ્તાખોરીના કારણે ગુજરાતની સરહદો પરથી ટ્રકો અને કન્ટેનરો ભરીને દારૂ ગુજરાતમાં ઠલવાય છે અને રાજ્યની ગલીએ-ગલીએ દારૂની રેલમછેલ જોવા મળે છે. નાની ઉંમરે યુવાનો દારૂ અને ડ્રગ્સના નશામાં સપડાઈને પોતાનું જીવન બરબાદ કરી રહ્યા છે, દારૂ અને ડ્રગ્સની બદીના કારણે જાણે ગુજરાત ‘ઉડતા ગુજરાત’ બની ગયું હોય તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. બૂટલેગરો દારૂ અને ડ્રગ્સનો હપ્તો પોલીસ સ્ટેશનથી શરૂ કરીને મુખ્યમંત્રી અને ગૃહમંત્રીના કાર્યાલય સુધી પહોંચાડે છે અને તેથી જ તેઓ કોઈનો વાળ વાંકો ન કરી શકે તેવી જાહેરમાં શેખી મારતા હોય છે.

આ હપ્તાખોર સરકારના શાસનમાં દારૂ વેચાય છે, દારૂ પીવાય છે અને વારંવાર લઠ્ઠાકાંડ પણ થાય છે. સરકારની ગુનાહિત બેદરકારીના કારણે લઠ્ઠાકાંડમાં અનેક નિર્દોષ લોકોના મોત થાય છે. આ હત્યાકાંડ માટે પણ રાજ્ય

(અનુ. આઠમા પાને)

Smile
Shree Maruti Integrated Logistics
Shree Maruti
Infinite Possibilities - Since1985
40 વર્ષ નો અતુટ વિશ્વાસ
4000થી વધુ આઉટલેટ્સ | 5000થી વધુ પિનકોડ્સ
20,000થી વધુ કર્મચારીઓ દ્વારા અવિરત સેવા
• રાખડી • ગિફ્ટ • મીઠાઈ
Smile Bhare Dhaage
બુકિંગ માટે આજે જ
શ્રી મારુતિ કુરિયરના નજીકના
આઉટલેટની મુલાકાત લો.
www.shreemaruti.com